મે - ૨૦૧૦ કિંમત રૂ.૫/-

# શ્રી સ્વામિનારાયણ

માસિક



શ્રી સ્વામિનારાયણ મંદિર
અમદાવાદમાં શ્રીનરનારાયણદેવના
સાનિધ્યમાં અધિક પુરૂષોત્તમમાસના
અલૌકિક દર્શન

પ્રકાશક : શ્રી સ્વામિનારાયણ મંદિર, અમદાવાદ - ૩૮૦૦૦૧



શ્રી હરિના ૬ઠ્ઠા, ૭માં અને ૮માં
વંશજની નિશ્રામાં અધિક વૈશાખ માસ
શ્રી સ્વામિનારાયણ મંદિર અમદાવાદમાં
ભવ્યતાથી ઉજવાયો વિવિધ
પ્રસંગોના તાદૃશ દર્શન




**સંસ્થાપક**
શ્રી નરનારાયણદેવ પીઠાધિપતિ
પ.પૂ.ધ.ધુ. આચાર્યશ્રી ૧૦૦૮
શ્રી તેજેન્દ્રપ્રસાદજી મહારાજશ્રી
**શ્રી સ્વામિનારાયણ મ્યુઝિયમ**
નારણપુરા, અમદાવાદ-૩૮૦ ૦૧૩.
ફોન : ૨૭૪૯૯૫૯૭ - ૯૮૨૫૩૦૯૫૯૭
ફેક્સ : ૨૭૪૧૯૫૯૭
**www.swaminarayanmuseum.com**

**ફોન**
૨૨૧૩૩૮૩૫ (મંદિર)
૨૭૪૭૮૦૭૦ (સ્વા. બાગ)
ફેક્સ : ૦૭૯ - ૨૭૪૫૨૧૪૫

**શ્રી નરનારાયણદેવ પીઠાધિપતિ**
**પ.પૂ.ધ.ધુ. આચાર્યશ્રી ૧૦૦૮**
**શ્રી કૌશલેન્દ્રપ્રસાદજી મહારાજશ્રીની**
**આજ્ઞાથી**
તંત્રીશ્રી
શાસ્ત્રી સ્વામી હરિકૃષ્ણદાસજી (મહંત સ્વામી)

**પત્રવ્યવહાર**
શ્રી સ્વામિનારાયણ માસિક કાર્યાલય
શ્રી સ્વામિનારાયણ મંદિર
કાલુપુર, અમદાવાદ-૩૮૦ ૦૦૧.
ફોન : ૨૨૧૩૨૧૭૦, ૨૨૧૩૬૮૧૮.
ફેક્સ : ૨૨૧૭૬૯૯૨.
**www.swaminarayan.in**
**www.swaminarayan.info**
એડ્રેસમાં ફેરફાર કરવા
E-mail : manishnvora@yahoo.co.in

**લવાજમ**
વાર્ષિક રૂા. ૫૦-૦૦
વંશપરંપરાગત
દેશમાં રૂ.. ૫૦૧-૦૦
વિદેશમાં : રૂા. ૧૦,૦૦૦-૦૦
છુટક નકલ : રૂા. ૫-૦૦


# શ્રી સ્વામિનારાયણ

## શ્રી નરનારાયણદેવ પીઠસ્થાન મુખપત્ર


વર્ષ - ૪ અંકઃ ૩૭ મે-૨૦૧૦


## અ નુ ક્ર મ ણિ કા


| | | |
|---|---|---|
| ૧. | અસ્મદીયમ્ | ૨ |
| ૨. | પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીના કાર્યક્રમની તવારીખ | ૩ |
| ૩. | ડિપ્રેશન | ૪ |
| ૪. | રહિ એકાદશ નિયમ મે, કરો શ્રીહરિ પદ પ્રીત | ૭ |
| ૫. | ધ્યાનનિષ્ઠાય નમઃ | ૮ |
| ૬. | ભગવાન શ્રી સ્વામિનારાયણનું ઐશ્વર્ય | ૧૦ |
| ૭. | અગિયારસ | ૧૧ |
| ૮. | પ.પૂ.અ.સૌ. મોટા ગાદીવાળાશ્રીનો અમેરિકા ધર્મપ્રવાસ | ૧૨ |
| ૯. | આનંદદાયી અને કલ્યાણકારી શ્રીહરિની પ્રસાદીની ધોતલી | ૧૩ |
| ૧૦. | કયા સંબંધની મહત્તા ? | ૧૫ |
| ૧૧. | સત્સંગ સુરભી | ૧૭ |
| ૧૨. | સત્સંગ બાલવાટિકા | ૧૮ |
| ૧૩. | ભક્તિ સુધા | ૨૦ |
| ૧૪. | સત્સંગ સમાચાર | ૨૪ |

# અસ્મદીયમ્

એક ભક્ત માટે, એક સત્સંગી માટે કહેવાતો મહોત્સવનો માસ એટલે પુરુષોત્તમ (અધિક) માસ. ભક્તજનોએ આ અધિક માસમાં આવતા ઉત્સવોની ઉજવણી ધામધૂમથી કરી. ખરેખર ભક્તો ઉત્સવ એ માનવીના જીવનમાં નવી ચેતના નું કિરણ લઈને આવે છે. એટલા માટે કાલિદાસની સૂક્તિ પ્રમાણે કહીએ તો "ઉત્સવ માનવને પ્રિય છે." રોજીંદા જીવનથી નિવૃત થયા એવો આભાસ થાય એવા ઉત્સવો આપણા કેલેન્ડરની અંદર એક હારમાળામાં વહેંચાયેલા છે. માટે પ્રભુએ આ પૃથ્વી પર અવતરણ કરીને સત્સંગી માત્રને ઉત્સવની પરંપરા આપી છે. શ્રીહરિ પોતે ઉત્સવના હિમાયતી હતા. ગામોગામ જઈ ઉત્સવોની પરંપરાઓ ફેલાવતા. જેવા ઉત્સવ શ્રીહરિ, સંતો, ભક્તો સાથે મળી કરતાં એવા ઉત્સવની ઝાંખી આપણને અત્યારે પણ થઈ છે. ને એવો એક ઉત્સવ આપણી સમક્ષ આવવાનો છે, જે "શ્રી નરનારાયણદેવ નૂતન મંદિર મહોત્સવ" શ્રી સ્વામિનારાયણ મંદિર ભૂજ આયોજીત તા. ૧૫-૫-૨૦૧૦ થી તા. ૨૩-૫-૨૦૧૦ પર્યન્ત.

શ્રીજી મહારાજે આ પૃથ્વી પર પધારી નવ નવ મંદિરોનું નવ નિર્માણ કર્યું. જેમાંનું એક મંદિર એટલે શ્રી સ્વામિનારાયણ મંદિર ભૂજ (કચ્છ) શ્રીહરિએ પોતે જાતે મંદિરમાં શ્રી નરનારાયણદેવની મૂર્તિ પધરાવી તેની પ્રતિષ્ઠા કરી અને તેમાં પ્રાણ પૂરી ભક્તોને શ્રદ્ધાનું એક સ્થાન આપ્યું. અનિવાર્ય સંજોગોવસાત્ (ઈ.સ. ૨૦01 માં આવેલા ભૂકંપમાં) એ મંદિર જીર્ણ થયું. શ્રી નરનારાયણદેવની ઈચ્છા હોય તેમ મંદિરની બીજી જગ્યા હતી એ સ્થાનમાં મૂર્તિઓનું સ્થળાંતર કરવામાં આવ્યું ને સંતો ભક્તોએ સાથે મળી ટૂંકા સમયગાળામાં ભવ્યાતિભવ્ય સફેદ મારબલનું "ન ભૂતો ન ભવિષ્યતિ" મંદિર બનાવવાનું આયોજન કર્યું અને એ આયોજન પૂર્ણ થવાને આરે હોય ત્યારે દરેક ભક્તો ને ખાસ જોગ કેડ કસીને તૈયાર રહે અને ઉત્સવમાં થાય તેટલી તન, મન, ધનથી સેવા કરે એ પરમાત્માના શ્રીચરણમાં પ્રાર્થના.

તંત્રીશ્રી (મહંત સ્વામી)
શાસ્ત્રી સ્વામી હરિકૃષ્ણદાસના
જયશ્રી સ્વામિનારાયણ

# પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીના કાર્યક્રમની તવારીખ
## (એપ્રિલ-૨૦૧૦)



૩૧. માર્ચ થી ૧૪ એપ્રિલ સુધી ન્યુઝીલેન્ડ અને ઓસ્ટ્રીલાયાના ધર્મ પ્રવાસે પધરામણી

૧૫. પ.ભ. વિઠ્ઠલભાઈ ડાભી (સિકવેરા ટેલર્સ) ને ત્યાં પધરામણી, નારણપુરા.
પ.ભ. ગાંડાલાલ પટેલ (ગુલાબપુરાવાળા)ના દેવમેટલ ઈન્ડસ્ટ્રીઝમાં પધરામણી, નરોડા.

૧૬. સ.ગુ. નિષ્કુળાનંદ સ્વામીના જન્મસ્થાન શેખપાટ (હાલાર મૂળીદેશ) ગામે સત્સંગ શિબિર પ્રસંગે પધરામણી.

૧૭. અધિક વૈશાખ સુદ-૩ નિમિત્તે શ્રી નરનારાયણદેવનો અભિષેક પોતાના વરદ્ હસ્તે સંપન્ન થયો.

૧૯. શ્રી સ્વામિનારાયણ મંદિર સુરેન્દ્રનગર સ્કુલના ઉદ્‌ઘાટન પ્રસંગે પધરામણી.

૨૧. શ્રી સ્વામિનારાયણ મંદિર બોપલ પાટોત્સવ પ્રસંગે પધરામણી.

૨૩. શ્રી સ્વામિનારાયણ મંદિર ખારવા (મૂળીદેશ) પાટોત્સવ પ્રસંગે પધરામણી.

૨૫. અધિક વૈશાખ સુદ-૧૧ નિમિત્તે અમદાવાદ મંદિર શ્રી રંગમહોલ ઘનશ્યામમહારાજનો અભિષેક પોતાના વરદ્ હસ્તે સંપન્ન થયો.
શ્રી સ્વામિનારાયણ મંદિર ઝુંડાલ સત્સંગ સભા પ્રસંગે પધરામણી.

૨૬. ચેનપુર ગામે પ.ભ. પરસોત્તમભાઈ નારણભાઈ પટેલને ત્યાં પારાયણ પ્રસંગે પધરામણી.

૨૭. કુંડાલ (તા. કડી) કલા ભગતના વાસમાં ચરણારવિંદના જીર્ણોદ્ધાર પ્રસંગે પધરામણી.

૨૯. શ્રી સ્વામિનારાયણ મંદિર જસાપર (મૂળીદેશ) પાટોત્સવ પ્રસંગે પધરામણી.

૩૦. શ્રી સ્વામિનારાયણ મંદિર અમદાવાદ કથા-પારાયણની પૂજન વિધિ પ્રસંગે પધાર્યા.

**શ્રી નરનારાયણદેવના ૨૪ કલાક દર્શન માટે જુઓ વેબસાઈટ**

**www.swaminarayan.in**

ભારતીય સમય મુજબ આરતી દર્શન : મંગળા આરતી ૫-૩૦ ● શણગાર આરતી : ૮-૦૫ ● રાજભોગ આરતી ૧૦-૧૦ ● સંધ્યા આરતી ૧૯-૧૫ ● શયન આરતી ૨૦-૩૦

# ડીપ્રેશન



- સાધુ ઘનશ્યામપ્રકાશદાસ, જમીયતપુરા (મહંત સ્વામી, માણસા)

ડિપ્રેશન એટલે ભર જુવાનીમાં મરવાના વાંકે જીવતો જર્જરિત બુઢાપો ! તદન મરી પરવારેલો આનંદ, ઉત્સાહ, ઉમંગ વિહિન મસાણીયું મન લઈને જાણે કે દાંફી રહેલું મડદું જ જોઈ લ્યો ! આકાશમાં પવનના હિલોળે ઉડતી કપાયેલી પતંગ જેમ ધ્યેય કે મહત્વકાંક્ષા વગરના કાળના ધક્કે ધક્કે ધપી રહેલા દીન કઠણી માફક આવરદા કાપવા પૂરતું જીવી રહ્યા હોય તેવા જીવનમાં ધકેલાઈ ગયેલું જીવન ! ભાંગી તૂટીને ભૂક્કો થઈ ગયેલા મનને ફેકચર પછીના પાટા-પીંડીમાં રગદોળી-રગદોળીને હતાશા-નિરાશાથી સાવ ડરપોક બની અવાર-નવાર આત્મહત્યા કરી છૂટી જવાના અને સંજોગોથી પલાયન થઈ ચહુ દિશે મોતને શોધતું માનસ ડિપ્રેશનમાં સરી ગયું કહેવાય ! ટૂંકમાં અસાધારણ માનસિક તણાવ, અસહ્ય ચિંતાઓના કારણે સંપૂર્ણપણે જીવન પ્રત્યેથી હાર સ્વીકારી લે, તેને ડિપ્રેશન કહીએ. આ એક માનસિક ભૂમિકા છે.

આવો, હવે આવું થવાના કારણો તપાસીએ તો, એક કહેવત છે કે, "લાંબા પાછળ ટૂંકો જાય, મરે નહિ પણ માંદો થાય." એ માંદો એ જ ડિપ્રેશન ! દરેક કલાકારે અમિતાભ બચ્ચનને અને દરેક ક્રિકેટરે સચીન તેંદુલકર ને આદર્શ ધ્યેય માનવા તે સારી વાત છે. શેરીમાં ફરતો ફેરીયો ધીરૂભાઈ અંબાણીમાંથી પ્રેરણા મેળવે તે વ્યાજબી વાત છે. માંખીને સૂરજ થવાના સમણા જોવા કે ટ્રેનમાં ખૂદા બક્ષ ફરતા બાવાઓ સ્વામી વિવેકાનંદથી ચડિયાતા થવાના મનોરથો સેવે પણ તેટલી ધીરજ અને પ્રખર પુરુષાર્થના અભાવે ઉપરોક્ત બધા આદર્શો અજોડ રહે છે. અને આઈન્સ્ટાઈન થવા નીકળેલો છેવટે ફૂટપાથ ઉપર બેસીને પતંગની દોરીને માંજો પાતો હોય ત્યારે સહેજે કહેવું પડે કે ભાઈ, સોડ જોઈને પસારવાતા ને ! પહોંચ બહારની ઊંચી મહત્વકાંક્ષાઓ કર્યા પછી તે પૂરી ન થતા અસંતોષનો રંજ મનમાં ઘર કરી જાય છે. અને ત્યાંથી ડિપ્રેશનના બીજ અંકુરિત થવા લાગે છે. બીજું કારણ છે દેખાદેખી, દરેકના પ્રારબ્ધ જુદાં છે. કોઈ રાજા તો કોઈ રંક છે, કોઈ અમીર તો કોઈ ફકીર છે, કોઈ વિદ્વાન તો કોઈ ગમાર છે. સૌના સંજોગો અને પુરુષાર્થમાં પણ ભિન્નતા છે. પરિણામે અદેખાઈ-દેખાદેખી અને વાદાકોદમાં જે જીતે તે ડંફાસ મારે ને હારેલો ડિપ્રેશનની ગર્તામાં ગરકાવ થતો જાય. બાલ્યઅવસ્થામાંથી જ શરૂ થયેલી ઈર્ષાની આગ તો મોટા-મોટા સંત મહાત્માઓને પણ દઝાડી રહી છે. અસૂયા જેવા સૂક્ષ્મદોષો હૈયામાં ઊંડે ઊંડે બાળ્યા કરે છે. કોક લે અને કોક દે એમાં વચ્ચે ઠાલો બળી મરે એવા મત્સર પણ મનને સતત ઘાયલ કરતા રહે છે. ટી.વી.ના ઝંઝાવતના વાઈરસમાં ભલભલાના મનોબળ દ્રવી જવા લાગ્યા છે. આ એક ઉધઈ અને કેન્સર જેવો મનોઘાતક રોગનો ચેપ છે. ઉપરાંત આહાર તેવો ઓડકાર એવા ન્યાયથી બજારૂ અને નિષેધ થયેલા અભક્ષ્ય આહાર પણ અમુક અંશે મનોવિકારના ભાગીદાર છે. નાના-મોટા વ્યસનો આર્થિક અને શારીરિક પેઠે ધુલાઈ કરી નાંખે છે. જેના પરિપાક રૂપે ડિપ્રેશન બક્ષિસમાં મળે છે. સમોવડીયા સધ્યારો સાથેની બિન જરૂરી સતત હરિફાઈ લઘુતા ગ્રંથીમાં ધકેલી મનને મરણતોલ ફટકાઓ મારતા રહે છે. આત્મવિશ્વાસ એ જ અસલી જીવન રસાયણ છે. તેની જરા સરખી ઉણપ પણ ધ્યેયને ભ્રષ્ટ કરી દે છે. ત્યારે આત્મવિશ્વાસનો સંપૂર્ણ અભાવ તો ડિપ્રેશન રૂપી મોતની જાજમજ બિછાવી દેને ! એટલે જ કહ્યું છે કે,

"જીંદગી છે જીવવા, હિંમત જરા એ ધરમા
આંસુ છે મોંધા, આંખમાંથી સારમા"

નહી તો

"શબ્દે માર્યો મરી ગયા, ને શબ્દે છોડ્યા રાજ
જેણે શબ્દ વિચાર્યા, તેના સરીયા કાજ"

કટાક્ષ, મેણા-ટોણા, કોઈની નબળાઈ ઉપર અવાર-નવાર દેવાતા શાબ્દિક ડામ પણ ડિપ્રેશન થવાના કારણોમાં બહુ જ મોટો ભાગ ભજવે છે. ઉપરાંત બેહદ વધી રહેલી મોંઘવારી, બેકારી, બેરોજગારી, સામાજીક ખર્ચાળ-રીતિ-રિવાજો, અંધશ્રધ્ધા અને અજ્ઞાન આ સઘળું નોતરે છે. માનસિક તણાવ અને મહા દુઃખદ તેમજ કષ્ટદાય ડિપ્રેશનની માયા જાળ ! તો આવો હવે તેના જાળમાંથી બહાર નીકળવાના ઉપાયો વિષે વિચારીએ....

વિજ્ઞાન વગર માણસ લંગડો છે અને ભગવાનમાં વિશ્વાસ વિના માણસ આંધળો છે. મહાન વૈજ્ઞાનિક આઈન્સ્ટાઈને કહ્યું છે કે "ભગવાનમાં શ્રધ્ધા હોય એવો એક પણ પાગલ માણસ મેં જોયો નથી." એટલે કે પાગલ પણાનો મોટામાં મોટો ઈલાજ જો કોઈ હોય તો એ છે કે ભગવાનમાં અખૂટ શ્રધ્ધા ! ભગવાનને કષ્ટ નિવારક અને સુખમાત્રના દાતા કહ્યા છે. તો તે ભગવાનની દૃઢ ઉપાસના એ સૌથી મોટામાં મોટો ડિપ્રેશન ન થવાનું ને થયું હોય તો તેમાંથી ત્વરિત બહાર આવવાનો સર્વોત્તમ ઈલાજ છે. વળી, સર્વોપરિ શ્રી સ્વામિનારાયણ ભગવાનનો દૃઢ આશરો હોય તો નિર્ભયતા, નિશ્ચિંતતા અને નિર્દોષ આનંદ રહ્યા કરે આ એક રામબાણ ઔષધ છે, દુનિયાભરમાં આના અભાવે જ દુઃખ અને માનસિક યાતનાઓમાં અસંખ્યાત લોકો ત્રાહિમામ પોકારી રહ્યા છે. દૃઢ ઉપાસના અને પરિપક્વ આશરો કરાવનાર પરમ એકાંતિક સાચા સંતનો સંગ મળે તો આભને આંબતો એક એવો આત્મવિશ્વાસ મનમાં ભરી દે છે કે તેની પાસે ભલભલા દુન્યવી દુઃખો પાણી ભરે ! અરે ફકીર માત્રની ફાંકી કરી દરિયા જેવી ઉપાધિઓને આચમન કરી જવા જેવી હિંમત આત્મનિષ્ઠ સંતના સંગથી મળે છે. વામન જડ ભેળી લાકડી વધે તેમ શૂરાના સંગે શૂરા થવાય..... સર્વેનું કારણ સંગ છે. માટે જ બ્રહ્માનંદ સ્વામીએ ગાયું છે કે....

"સંત સમાગમ કીજે, હો નિશદિન સંત સમામગ કીજે."

બીજુ સંતોષ એ બહુ મોટો ગુણ છે. બીજાનો મહેલ જોઈને આપણું ઝૂપડું બાળી ન દેવાય. અંગ્રેજીમાં કહ્યું છે કે **Looking Below** એટલે કે પોતાનાથી નબળા તરફ જોવું કે તેના કરતા તો આપણે સુઃખી છીએ ને !! નાથ ભક્તે તેના શેઠને કહ્યું કે, લુખું તો તમે ખાવ છો અમે તો રોટલો અને મરચું પણ ભગવાનને સંભારીને હરિરસ સાથે ખાઈએ છીએ. વળી, વાઘરી જ્ઞાતિમાં જન્મેલા સગરામભાઈએ તો અમીરીને જોરદાર થપાટ મારતા કહેલું કે, "ભગવાને ભલે અમીરી નથી આપી પણ કૃપાએ કરીને પ્રસાદીમાં ગરીબી તો આપી છે ને, તેને પણ માણી જાણીશું." લો કહો આને કોણ કેમ કરીને દુઃખી કરી શકે ? માટે સખી સમજણમાં ઘણું સુખ છે. તે સદ્‌ગુરુ ગુણાતીતાનંદ સ્વામીએ વાતોમાં લખ્યું છે કે "અંતરમાં ટાઢું રહ્યા કરે ને દાઝી ના જાય તેના બે ઉપાય છે. એક તો ભગવાનનું ભજન કરવું અને બીજું ભગવાનને સર્વકર્તા સમજવા તેમાં સુખ આવે તો સુખ ભોગવી લેવું ને દુઃખ આવે તો દુઃખ ભોગવી લેવું તે કહ્યું છે કે, "દાસના દુશ્મન હરિ કેદી હોય જ નહીં, તે જેમ કરશે તેમ સુખજ થાશે" આવી સમજણ વડે આનંદી કાકડો બની જવાય. જેને કોઈક વ્યક્તિ પદાર્થ, સ્થાન કે સંજોગો દુઃખી કરી શકે જ નહીં. ઈસુ ખ્રિસ્ત તો કહેતા કે આનંદમાં રહેવું અને ધીરજ કાયમ રાખવી એના જેવી બીજ કોઈ મોટી પ્રાર્થના નથી. આ વાત કોઈ સાંપ્રદાયિક નહી પરંતુ યુનિવર્સલ એટલે કે સમગ્ર માનવ જાતના હિતમાં છે. **Failer is no Sin, it is steping stone to success** નિષ્ફળતા એ ગુનો નથી પરંતુ તે તો સફળતાની સીડીનું પહેલું પગથીયું છે. માટે દૃઢ આત્મવિશ્વાસ અને પ્રાર્થના કરી ભગવાનની ઈચ્છાના માધ્યમ થવા નિષ્કામકર્મ યોગ કરો. અને બસ ડિપ્રેશનો તમારા દ્વારા ઉભી પૂંછડીયે ભાગશે. આવો એવા થોડા જીવી જાણેલા જીવંત દ્રષ્ટાંતોમાંથી પ્રેરણા લઈએ."

ભારતના પ્રખ્યાત સિતારવાદક સરદાર ગુરૂચરણ સિંહના પગમાં એક વખત ગોળી વાગી એટલે એમ્બ્યુલન્સમાં તાત્કાલિક હોસ્પિટલમાં લઈ ગયા. લોહી ખૂબ જ વહી રહ્યું હતું. ડૉક્ટરે તપાસી કહ્યું કે ગોળી હજુ પગમાં જ છે. તેથી જલ્દી ઓપરેશન કરવું પડશે. કલોરોફોર્મ કે એનેસ્થીશીયા આપી શરીર ખોટું પાડવાની તૈયારી કરી ત્યારે આ મહાન સિતારવાદકે કહ્યું હતું કે "આ રીતે મારૂ શરીર ખોટું પાડવાની જરૂર નથી. મારા હાથમાં

સિતાર આપી દો. હું જ્યારે સિતાર વગાડુ છું. ત્યારે દેહનું ભાન ભૂલી જાઉ છું.'' અને ખરેખર એ સિતાર વગાડવામાં એટલા બધા લીન થઈ ગયેલા કે ઓપરેશન થઈ ગયું છતા તેને કાંઈ જ દુઃખ દર્દની ખબર સુધ્ધા પડી ન હતી.

સરદાર વલ્લભભાઈ પટેલના પગમાં મોટું ગુમડું થયુ હતું. પાકીને રસી ભરાઈ ગયેલું. દવાખાને ગયા તો ડોકટરે કહ્યું કે હવે તેને ચેકો મૂકી વાઢકાપ કરી બધું કાઢી નાંખવું પડશે. દાખલ થઈ જાઓ. એટલો પગ ખોટો પાડવો પડશે. સરદાર સાહેબે કહ્યું કે, ''મને ભારતનો લોખંડી પુરુષ કહે છે.'' એમાં પગ ખોટો પાડવાની કાંઈ જરૂર નથી. તમે જાગતે જાગતા કાપી નાખો મને કાંઈ થવાનું નથી અને ખરેખર વાતો કરતા કરતા ક્યાં ઓપરેશન થઈ ગયું કે તેમણે મોઢામાંથી ઊંકારો પણ કર્યો નહોતો. દેહના દુઃખને આટલી હદે સહી લેનાર ખરેખર કેટલી દાદ માંગી લે છે!''

લાલ બહાદુર શાસ્ત્રી વડાપ્રધાન પદેથી મૃત્યુ પામ્યા ત્યારે પાછળ પંદરસો રૂપીયાનું દેવુ હતું !! તેઓને ગરીબાઈએ મુંઝવ્યા ન હતા કે લાંચ રૂશ્વત લેવા કોઈ મજબૂર કરી શક્યા ન હતા. ગુલજારીલાલ નંદા સાહેબ અને મોરારજી દેસાઈએ પણ આવા જ ઉત્તમ નમૂનાઓ પૂરા પાડ્યા છે.

મહાન વૈજ્ઞાનિક આઈનસ્ટાઈન સાંઈઠ વર્ષે રિટાયર્ડ થયા પછી તેના મકાનમાં અકસ્માતે આગ ફાટી નીકળી અને તેના તમામ સંશોધનોના બધા જ ચોપડા બળી ને ભસ્મ થઈ ગયા ત્યારે તેઓ દોડીને તેના પત્નીને હાથ પકડી બોલાવી લાવ્યા અને કહ્યું કે ''જો જો, મારી કારકિર્દીની જવાળાએ મને બુઢાપાનો એહસાસ ભૂલાવી ફરી ભર જુવાનીનું જોસ ભરી રહી છે. હવે સમગ્ર કારકિર્દી ફરીથી શરૂ કરીશ અને એકડે એકથી નવા સંશોધનો શરૂ કર્યા અને દુનિયાને નવી ચારસો જેટલી શોધો કરી આપી. ગમે તેવા સંજોગો સામે હારી ન બેસતા મક્કમ મનથી મુકાબલો કરવા ઝઝુમવું તે દરેક યુવા પુરૂષોના જીવમાં વણાયેલું છે. તમામે તમામ અવતારો, સંતો અને હર કોઈ સફળ વ્યક્તિઓ એક યા બીજી કસોટીમાંથી પસાર થયા જ કરે છે. કોઈપણ ભક્તને તાવવામાં ન આવ્યો હોય તેવું બન્યું જ નથી. માટે વ્રજનું મન અને આકાશી બુલંદી આત્મવિશ્વાસ સાથે જીંદગીને ગમે તેવા સંજોગોમાં હર પળે માણી જાણીએ એ જ અભ્યર્થના.''

## Museum Year
March 2010 - March 2011

shree swaminarayan museum

## ઈ.સ.૨૦૧૦-૧૧નું વર્ષ ''મ્યુઝિયમ વર્ષ''

**શ્રી સ્વામિનારાયણ મ્યુઝિયમમાં નિવૃત વૃદ્ધ ધર્મ પ્રેમીની અમૂલ્ય સેવા**

પ.પૂ. મોટા મહારાજશ્રીના ૬૯ માં પ્રાકટ્યોત્સવ પ્રસંગે ઉપસ્થિત એક નિવૃત એમ્બ્રોડરી કામ કરી ગુજરાન ચલાવતા અને હાલ કૈલાશ ધામવૃદ્ધાશ્રમ પેથાપુરમાં રહેતા શ્રી ઘનશ્યામભાઈ ધનજીભાઈ નાગરને શ્રીહરિકૃપાથી પ્રેરણા - સ્ફૂરણા થઈ અને રૂા. ૫૦૦૦ ની સેવા કરી ત્યારે તેમના જીવનમાં અપાર આનંદ છવાઈ ગયો અને જીવન ધન્ય બન્યું. શ્રી સ્વામિનારાયણ મ્યુઝિયમ પૂર્ણ થતા થતા આવા અનેક પ્રસંગોને આપણે જાણીશું માણીશું અને તેમાંથી રહી ગયેલા પણ પ્રેરણા લેશે !!!

**ગવાડા ગામના નાનકડા મિતને પણ શ્રી સ્વામિનારાયણ મ્યુઝિયમમાં સેવા કરવાનું ઘેલું લાગ્યું !!!**

શ્રી નરનારાયણદેવના દ્રઢ આશ્રિત ગવાડા (તા. વિજાપુર) ગામના અ.નિ. કોઠારી વાલજી બાપાના પૌત્ર ઘનશ્યામભાઈ પરસોત્તમભાઈના ચિ. મિતે નાની નાની બચત કરીને રૂા. ૧૧૫૯૩ શ્રી સ્વામિનારાયણ મ્યુઝિયમમાં પ.પૂ. મોટા મહારાજશ્રીના ચરણોમાં અર્પણ કરીને ભાવિ પેઢી માટે પ્રેરણાત્મક કામ કર્યું. તેના જન્મદિવસે ફાલતું ખર્ચ ન કરતા ગરીબ લોકોને ફ્રૂટ અને કપડા વહેંચીને અનોખું ઉદાહરણ પુરુ પાડ્યું. પ.પૂ. લાલજી મહારાજશ્રી મિત્તને આશીર્વાદ સાથે ધન્યવાદ પાઠવે છે.

# રહિ એકાદશ નિયમ મે, કરો શ્રીહરિ પદ પ્રીત

- શાસ્ત્રી અભયપ્રકાશદાસજી ગુરુ સ્વામી દેવપ્રકાશદાસજી (નારાયણઘાટ)

(૧) હિંસા ન કરની જંતુકી

ભગવાન સ્વામિનારાયણના પ્રેમમૂર્તિ સંત સ.ગુ. પ્રેમાનંદ સ્વામી પ્રાર્થના પદ નિર્વિકલ્પ ઉત્તમઅતિ..... માં અગિયાર નિયમોની વિકતમાં સૌથી પ્રથમ નિયમ "હિંસા ન કરની જંતુકી" નો ઉલ્લેખ કરે છે અમારા આશ્રિતોએ ક્યારેય પણ જીવપ્રાણીમાત્રની હિંસા ન કરવી.

આપણા શાસ્ત્રોમાં પણ અહિંસા ઉપર ખૂબજ ભાર મૂકવામાં આવ્યો છે. અને "અહિંસા પરમો ધર્મ" એમ કહેવામાં આવ્યું છે. નાનામાં નાની જીવની પણ હિંસાનો નિષેધ કરવામાં આવ્યો છે.

ભગવાન સ્વામિનારાયણ શિક્ષાપત્રીમાં લખે છે.

कस्यापि प्राणिनो हिंसा नैव कार्याऽत्र मामकैः ।

सूक्ष्मयुकामत्कुणादेरापे बुद्ध्या कदाचन ॥

અમારા જે સત્સંગી તેમણે કોઈ જીવ પ્રાણીમાત્રની પણ હિંસા ન કરવી. અને જાણીને તો ઝીણા એવા જુ, માંકડ, ચાંચડ, આદિક જીવ તેમની પણ હિંસા ન કરવી.

કોઈક બેનના લાંબા વાળમાં જુ પડી હોય તો બીજા બેન પાઠળ બેઠા બેઠા માથામાંથી જુ વીણી વીણી ને નખ વચ્ચે રાખી દબાવે. અને ફૂટે તો પાછા રાજી થાય, પણ શ્રીજી મહારાજે આવા સુક્ષ્મ જંતુનેય મારવાની ના કહી છે. આપણને તો એ શ્રીહરિનો આશ્રય છે. માટે આપણે જાણીને તો કોઈ જીવની હિંસા નહિં કરતા હોઈએ. પણ અજાણતાય કોઈ જીવની હિંસા ન થાય એનું ખાસ ધ્યાન રાખવું.

જેમકે રસોઈ બાબતમાં. શાક સુધારતા હોય અને જો ધ્યાન ન રાખીએ તો ફુલાવર, રીંગણ, ભીંડો જેવા શાક ભાજીમાં ઈયળ આદિકની હિંસા થઈ જતી હોય છે. માટે એ ધ્યાન રાખીને સુધારવું. દાળ, ચોખા આદિક જોઈને ઓરવું, પાણી, દૂધ આદિક ગાળીને વાપરવું. જેથી તેમાં રહેલા સુષ્મજીવાણું ની હિંસા ન થાય.

સત્સંગિજીવનમાં એમ કહેલું છે કે. ગૃહસ્થના ઘરમાં નિત્ય પાંચ સ્થાને અનિવાર્ય પણે હિંસા થતી હોય છે. (૧) ખાંડણીયો (૨) ઘંટી (૩) ચૂલો (૪) પાણિયારુ (૫) સાવરણી.

ખાંડણીયામાં કંઈક ખાંડતા નાના નાના જંતુની હિંસા થતી હોય છે. ઘંટીમાં દળતા, ચૂલામાં રસોઈ બનાવતા, પાણીયારા પર પાણીના બેકટેરીયાની અને સાવરણીથી કચરો વાળતા જાણતા અજાણતા નાના મોટા જીવ જંતુની હિંસા થતી હોય છે. પણ આ તો જીવન જરૂરી વસ્તુઓ છે. માટે એમાં તો હિંસા થવાની તો એનું શું કરવું ? એનો ઉત્તર આપતા એમ કહે છે કે જે ગૃહસ્થ નિત્ય પ્રત્યે આ પાંચ યજ્ઞો કરે તે આ હિંસાથી મુક્ત થઈ જાય છે.

(૧) દેવયજ્ઞ : એટલે નિત્ય ભગવાનના પૂજાપાઠ આદિ કરવો.

(૨) ભૂતયજ્ઞ : એટલે ગાયોને ઘાસચારો, કૂતરાને રોટલી ખવડાવવી. આદિક પણ હા, પોતાના આંગણે બાંધેલી ગાયને ઘાસચારો ખવરાવવો એતો પોતાનું કર્તવ્ય છે. પણ એ વિના બીજી ગાયોને ખવડાવવો તેને ભૂત યજ્ઞ કહેવાય.

(૩) પિતૃયજ્ઞ : માતા પિતાની સેવા.

(૪) અતિથિયજ્ઞ : અતિથિની સેવા સત્કાર કરવાં તે.

આ પાંચ યજ્ઞ નિત્ય કરવાથી પાંચ પ્રકારના ઉપર બતાવેલી હિંસામાંથી મુક્તિ મળે છે. માટે આ યજ્ઞો દરરોજ કરવા જોઈએ. આ થઈ જીણા સુક્ષ્મજંતુની હિંસાની વાત. હવે ભગવાન સ્વામિનારાયણ આગળના શ્લોકમાં લખે.

"देवता पितृयागार्थ मप्यजादेश्च हिंसनम् ।

न कर्तव्यमहिंसैव धर्मः प्रोक्तोऽस्ति यन्महान ॥"

અને દેવતા અને પિતૃ તેના યજ્ઞને અર્થે પણ બકરા, મૃગલા, સસલા, માછલા, આદિક, કોઈ જીવની હિંસા ન કરવી. કેમજે અહિંસા છે. તેજ મોટો ધર્મ છે. એમ સર્વ શાસ્ત્રોમાં કહ્યું છે.

યજ્ઞ યાગાદિકને માટે પણ હિંસા ન કરવી. કોઈ કરતું હોય તો એને સમર્થન ન આપવું. સહકાર ન આપવો. અને રોકી શકાય તો તે હિંસા ને રોકવી. કારણ કે હિંસા માં એ સર્વે ભાગીદાર થતા હોય છે. પ્રથમ તો હિંસા કરનારો. બીજું હિંસામાં સહકાર આપનારો. ત્રીજો સમર્થન

(અનુસંધાન પાના નં. ૯ ઉપર)

# ધ્યાનનિષ્ઠાય નમઃ

- સ્વામી નારાયણમુનિ ગુરુ મહંત શાસ્ત્રી સ્વામી હરિકૃષ્ણદાસજી (અમદાવાદ)

મહાભારતમાં ભગવાન વેદ વ્યાસજીએ ભગવાનના એક હજાર મંગલકારી નામબતાવ્યા છે. જયારે સત્સંગિજીવનમાં શતાનંદ સ્વામીએ આ કળિયુગમાં જીવાત્મા સરળતાથી એનો પાઠ કરી શકે તે માટે સ્વામીએ મહારાજના ૧૦૮ મંગલકારી નામ લખ્યા છે. તેને આપણે સૌ જનમંગલ નામાવલિ કહીએ છીએ. આ જનમંગલ નામાવલિમાં એક મહારાજનું નામ છે.

'ધ્યાન નિષ્ઠાય નમઃ' શ્રીજી મહારાજે વચનામૃતમાં ધ્યાન કરવાની આજ્ઞા કરી છે. ધ્યાનનો બહુ મહિમા છે. આધ્યાત્મિક રીતે અને શારીરિક રીતે પણ ધ્યાનનો ઘણો મહિમા છે. હમણાં તો એવા સંશોધન થાય છે કે આખી જીંદગી દવા લેવી પડે એવા કેટલાય દર્દો હોય છે. કાયમ માટે એક ગોળી ખાવી પડે, પણ એવા દર્દો ધ્યાન કરવાથી મટી જાય છે. સારા સારા ડૉકટરો પણ હવે ભલામણ કરે છે કે દરરોજ સવારે અડધો કલાક ધ્યાનમાં બેસો. શારીરિક ફાયદાની વાત તો થોડીકવાર ભૂલી જાઓ પણ ધ્યાન વડે કારણ શરીરની વાસના બળી જાય છે. તે બીજા સાધનથી કારણ શરીરની વાસના બળતી નથી. કારણ શરીરની અંદર જન્મોજન્મને વાસનાને બાળી નાખવા માટેનું એક સર્વોત્તમ સાધન પરમાત્માનું ધ્યાન છે. આપણી અંદર કારણ શરીર છે. અને આ પંચ ભૂતનો દેહ દેખાય છે. એ સ્થુળ છે. આની પાછળ એક સુક્ષ્મતત્વપ્રધાન શરીર છે. અને પાછળ એક કારણ શરીર છે. તે વાસનામય કહેવાય છે. કારણ શરીર એ વાસનાથી બનેલું છે. અને વાસનાનો નાશ થતો નથી. તેના માટે ગ.પ્ર. ૫ વચનામૃતમાં અંદર મહારાજે દ્રષ્ટાંત આપેલ છે કે, ખાટી આંબલીની જે શિંગો થાય છે. એનું ઉપલું પડ સાવ પોચું હોય છે. જરા દાબો એટલે તરત તુટી જાય છે. પછી એની અંદર જે ખટાઈ હોય છે અને જરા ચપ્પુ કે છરીથી જુદી કરી શકાય છે એ જુદી કરો એટલે અંદર કાળુ બીજ દેખાશે જેને કચુકો કહીએ છીએ. એના ઉપર જે કાળી છાલ છે એ જુદી પડતી નથી. હથોડાથી પુષ્કળ ટુકડા કરી નાખો તો કાંતો સફેદ ભાગ કાળામાં ચોંટી જાય અથવા કાળો ભાગ સફેદમાં રહી જાય. એ બીજ ઉપર જે કાળુ પડ છે તેને જુદુ કરવું હોય તો એક સરળ ઉપાય છે એને શેકી નાખો એટલે તરત જુદું પડી જાય છે. તેમજે કાતરા ઉપરનું જે પડ છે તે આ સ્થૂળ શરીર છે. જે ચપટીમાં જુદું થઈ જાય છે. નાની એવી ઠોકર વાગે એટલે તરત જુંદુ પડી જાય છે. પછી અંદર જે સુક્ષ્મતત્વ શરીર છે. ખટાશનો ભાગ છે. એ જરા સાધનથી વ્રત, તપ, જપથી જુદું પડે છે. પણ જે કારણ કાળશ એ તો કોઈ સાધનથી જુદી પડતી નથી, તપથી પણ નહીં. સૌભરી ઋષિએ સાઠ હજાર વર્ષ તપ કર્યું પણ કારણ શરીરની વાસનાએ એને સાઠ હજાર વર્ષ પછી લગ્ન કરાવ્યા. ચ્યવનઋષિએ એકવીસ હજાર વર્ષ તપ કર્યું મહાત્મા ચ્યવનઋષિનું એકવીસ હજાર વર્ષનું તપ કેવું ? ઉભા નહોતા થતા, નહાવા ઉભા ન થાય. શારીરિક કોઈ ક્રિયા નહી. બેસી જ રહેતા. ચારે બાજું માટી જામી ગઈ. થરના થર ચડી ગયા. આંખના પોપચા ચાલું રહ્યાં એટલે આંખ પાસેના બે ભાગ માટીમાં ખુલ્લાં રહ્યાં. અને એ ચ્યવનઋષિના આશ્રમમાં કોઈ રાજા સહકુટુંબ પરિવાર સાથે યાત્રાઓ નીકળેલા તેણે આ આ આશ્રમમાં ઉતારો કર્યો. રાજાની દીકરી આશ્રમમાં ફરવા માંડી એમાં એણે જોયું કે આ માટીનો ટીંબો, એમાં આ બે કાણા સમાંતરે કેવા સરસ દેખાય છે ! શું હશે આ ઉંદરડાના દર હશે ! એણે તો લાંબી સળી લઈને અંદર સળી નાખી એ એકદમ લોહીવાળી થઈ ગઈ. ચ્યવન ઋષિ એટલે સિદ્ધ તપસ્વી એણે એકદમ સંકલ્પ કર્યો કે મારા આશ્રમમાં આ ધોંધાટ કરનાર કોણ છે ? બધાના મળમૂત્ર બંધ થઈ જાઓ. કેવો વિચિત્ર શાપ કહેવાય ? એક સાથે આશ્રમમાં આવેલા સાઠ સિત્તેર માણસોના મળમૂત્ર બંધ થઈ ગયા. બધા મૂંઝાયા, અકળાયા, અને રિબાવા મંડ્યા. પણ રાજા બહુ સદ્ભાવવાળો હતો. એણે બધાને બેસાડીને કહ્યું. આ કોઈ તપસ્વી ઋષિનો આશ્રમછે. કોઈએ કાંઈ અપરાધ તો કર્યો નથી ને ? સુકન્યા કહે પિતાજી એક આવું કાર્ય થઈ ગયું છે. એક કાણામાં મેં સળી ઘાલી અને એ લોહીવાળી થઈ હતી. પછી બધા એ સ્થળે ગયા માટીનો ટીંબો ખસેડ્યો ચ્યવન

ઋષિ અંદર બેઠેલા. આંખમાંથી લોહી વહેતું હતું. આંખ ફુટી ગયેલી હતી. રાજાએ માફી માગી હે બ્રહ્મન ! માફ કરો ક્ષમા કરો. અમારી ભૂલ થઈ ગઈ. આ છોકરી અજ્ઞાની છે. ત્યારે ઋષિ બોલ્યા જેણે મારી આંખ ફોડી નાખી છે તેને મારી પાસે લાવો. બધા થરથરી ગયા કે છોકરીને હમણા બાળી નાખશે. રાજાની સુકન્યાને માહાત્માની પાસે ઊભી રાખીને કહ્યું આણે ભૂલ કરી છે. તમારો અપરાધ કર્યો છે. દયા કરીને તેને ક્ષમા કરો. ચ્યવન ઋષિ કહે છે કે એને મારી સાથેં પરણાવી દો તો જ તમારા મળમૂત્ર છૂટા થશે. એકવીસ હજાર વર્ષની તપશ્ચર્યા પછી પણ આ કારણ શરીરની વાસના દૂર થઈ શકતી નથી. જેના એક સંકલ્પથી પચાસ માણસના મળમૂત્ર બંધ થઈ જાય એવી શક્તિ હોવા છતાં કારણ શરીરની વાસના બળી નહોતી. એ વાસના તપથી નથી જતી. કારણ શરીરની વાસના જેમ પેલા કચુકાનું કાળું પડ અગ્નિમાં શેકાય એટલે જુદું પડે. એમ કારણ શરીરની વાસના પરમાત્માનું ધ્યાન રૂપી અગ્નિમાં શેકાય ત્યારે જુદી પડે, તપથી નહીં, જપથી નહી, યાત્રાથી નથી બળતી એ તો ધ્યાન વડે કરીને જ બળે છે. માટે જ મહારાજનું નામ છે. 'ધ્યાન નિષ્ઠઃ' ધ્યાનની નિષ્ઠા રાખવી જોઈએ અને ધ્યાન તો કેવળ પરમાત્માનું જ થાય છે. મહારાજે શિક્ષાપત્રીમાં કહ્યું છે કે ધ્યાન તે કેવળ પરમાત્માનું જ થાય છે. કોઈ મોટો પુરુષ હોય, કોઈ બ્રહ્મવેત્તા હોય તોપણ એનું ધ્યાન ન થાય 'ન તુ જિવા' જીવનું નહીં કેવળ પરમાત્માનું જ ધ્યાન થાય છે. માટે રોજ મહારાજનું ધ્યાન કરવું જોઈએ અને અત્યારે તો અધિક માસ ચાલે છે. તો આ અધિક માસમાં જેટલું મહારાજનું ભજન ભક્તિ, સેવા, વ્રત, ધ્યાન, તપ, પાઠ જે કાંઈ થાય તેટલું કરવું જોઈએ. કારણ કે આ માસ તો અતિ પવિત્ર છે. અને તેમાં અધિકમાસમાં અધિક ભજન થાય તો મહારાજ અધિક રાજી થાય અને રોજ આ જનમંગલ નામાવલિનો પાઠ કરજો. શતાનંદ સ્વામીએ છેલ્લા શ્લોકની અંદર લખ્યું છે કે,

दशावृत्या प्रतिदिनमस्याभीष्टं सुखे भवेत् ।
गृहिमिस्त्यागिभिश्चापि पठनीयमिद ततः ॥

સ્વામી કહે છે કે ભગવાનના આશ્રિત એવા ત્યાગી ગૃહસ્થ સત્સંગીએ આ જનમંગલ નામાવલિનો પ્રતિદિન દશ વખત પાઠ કરવો. તો આ અધિક માસમાં નિયમ લે જો કે દરરોજ આ જનમંગલ નામાવલિનો પાઠ કરીશું. આ જનમંગલ નામાવલિ સ્વામીએ બહુજ ધ્યાન પૂર્વક લખી છે. એક એક નામ છે તે મંગલકારી છે. માટે રોજે પાઠ કરજો જેથી કરીને ભગવાન આપણા ઉપર રાજી થાય.

## રહિ એકાદશ નિયમ મે, કરો શ્રીહરિ પદ પ્રીત (અનુસંધાન પાના નં. ૭નું ચાલુ)

આપનારો હા કરાય એમ કહેનારો. ચોથો, હિંસા રોકી શકવા સમર્થ છતાં ન રોકનારો આ સર્વે તે પાપમાં ભાગીદાર થતા હોય છે. માટે રોકાય તો રોકવું નહિ તો તે સ્થાન છોડીને ચાલ્યા જવું. અને ત્રીજુ.

"स्त्रीया धनस्य वा प्राप्त्यै साम्राज्यस्य च वा
क्वचिद् मनुष्यस्य तु कस्यापि हिंसा कार्या न
सर्वथा ॥"

કોઈની હિંસા કરવાથી સ્ત્રી ધન કે રાજ્ય મળતું હોય તો પણ તેના લોભે કરીને પણ ક્યારેય કોઈ જીવની હિંસા ન કરવી.

આમતો હિંસા ત્રણ રીતે થતી હોય છે. કાયિક, વાચિક અને માનસિક, કાયિક એટલે શરીરથી શરીરનો નાશ કરવો તે. વાસિક એટલે વાણી દ્વારા થતી હિંસા, માનસિક એટલે મન દ્વારા થતી હિંસા.

આપણે ભલે તલવાર લઈને કોઈને મારવા ન જતા હોય. પરંતુ આપણી વાણી પણ એટલી ધારદાર ન હોવી જોઈએ જેનાથી અનેકના મસ્તકો કપાઈ જાય. દ્રોપદીજી ભલે તલવાર લઈને રણમેદાનમાં નોતા ગયા. પણ એમની એક તીક્ષ્ણ વાણી રૂપી તલવારથી અનેકના મસ્તક ધડથી અલગ થઈ ગયા. આપણી વાણી પણ એવી ન હોવી જોઈએ કે એનાથી કોઈકને મરવાનું મન થાય. તેવી જ રીતે મનથી પણ કોઈનું ખરાબ થાય અહિત થાય એવો સંકલ્પ કરવો એ પણ એક હિંસા જ છે. માટે એ પણ ન કરવો.

આપણે તો હિંસા ન કરીએ પણ આપણા વર્તનથી વાણીથી, કોઈને પરેશાની ન થાય તે જ સાચી અહિંસા છે.

# ભગવાન શ્રી સ્વામિનારાયણનું ઐશ્વર્ય

- સાધુ અજયપ્રકાશદાસજી ગુરુ પુજારી સ્વામી જયપ્રકાશદાસજી (મૂળી)

### "પ્રતાપ નિરૂપણ"

શ્રીજી મહારાજ તીર્થાટન કરતા વર્ણીવેશે વિચરણ કરતા સૌ પ્રથમ લોજ ગામમાં પધારેલ ત્યારે એમની પાસે કોપીન અને તુંબડી સિવાય શું હતું ? પણ ભગવાને કરોડો રૂપિયાના મોટા મોટા મંદિરો બંધાવ્યા, લાખો રૂપિયા ખર્ચીને મોટા યજ્ઞો કરાવ્યા. સમર્થ રામાનંદ સ્વામીના સત્સંગને વિશાળ ફલક પર મુકી દીધો. સુપ્રસિદ્ધ વિદ્વાન કવિઓ, ઉત્તમ કોટીના ગવૈયાઓ, પ્રખર પંડિતો, આર્ષદ્રષ્ટા લેખકો, વચન સિધ્ધ સંતો તૈયાર કર્યા.

વિવિધ મતપંથી માંધાતા મહા મંડલેશ્વરોને નમાવ્યા. એટલું જ નહિ પણ પોતાના શરણે લઈને સાધુ દીક્ષા અપાવી. સંતમંડળમાં સમાવ્યા. જેમ વિવિધ પ્રકારના ધર્મના વડાઓ જેવા કે કબીરપંથી, ખાખી સાધુ સમાજ, રામાનંદી, શક્તિપંથીઓ, જૈનમતવાળા પણ આશ્રિત થયા. વૈષ્ણવ શિરોમણી હેમરાજ શેઠ, ઉમરેઠના શાકત મતવાળા બ્રાહ્મણો તેમજ સુરતના પારસી જ્ઞાતિના વડા અરદેસર કોટવાળ, ખોજા વોરા તથા મુસ્લિમો પણ શ્રી સ્વામિનારાયણ ભગવાનના યોગમાં આવતા એ ઈશ્વરીય પ્રેરણાના પ્રતાપથી પ્રભાવિત થઈ અનન્ય આશ્રિત બની માળા ફેરવતા થઈ ગયેલા.

### "વિદ્વાનોને વશ કર્યા"

શ્રી સ્વામિનારાયણ મહાપ્રભુએ, અજ્ઞાન, અભણ, ભોળા લોકોને ભુરખી નાખીને પોતાના શિષ્યો બનાવ્યા છે એવું કહેનારને ક્યાંથી ખબર કે જાણકારી હોય કે ગુજરાતની છોટી કાશી વડોદરાના વિદ્વાન શોભારામશાસ્ત્રી, તંબકનાથ શાસ્ત્રી, રાજવેદ રામચંદ્રજી, હરિચંદ્રજી તથા ગુજરાતમાં જેની નામની ખ્યાતિ હતી એવા ભરૂચ જિલ્લાના આમોદ ગામના પ્રખર પ્રકાંડ શાસ્ત્રી દિનાનાથ ભટ્ટ તેમજ લક્ષ્મીનાથ પ્રખર પંડિત અને કથાકાર શિયાણીના શિવરામ વિપ્ર વગેરે નામાંકિત વિદ્વાનો સેવક બની ગયા. શ્રી સ્વામિનારાયણના યોગમાં આવતા અનન્ય સમાધિ પ્રકરણ ચલાવી લોકોએ ક્યારે પણ પોતાના જીવનમાં ભગવાનના ઐશ્વરીય સાંભળ્યા ન હોય એવા નવા નવા ચમત્કારો, મહાપ્રભુ શ્રી સ્વામિનારાયણે સમાધિ દ્વારા દેખાડ્યા. આટલું જ નહિ પણ દરેક ધર્મના આશ્રિતોને દર્શન કરાવ્યા. આ કાંઈ એવી નાની સુની સિદ્ધિ નથી. શ્રી સહજાનંદ સ્વામી તો સ્વયં ભગવાન હતા. પરંતુ તેમના સંતોએ પણ અદ્‌ભુત ચમત્કારો સમાજમાં કરી બતાવ્યા છે.

### "અનેરુ આકર્ષણ"

આમ ચમત્કારથી એ ભગવાન છે એવું એ નથી. ચમત્કાર તો આજનું વિજ્ઞાન કે જાદુગર પણ બતાવે છે. એ કાંઈ આજે નવાઈની વાત નથી. એટલે તો તો કોઈકે પૂછેલા પ્રશ્નના જવાબમાં કવિવર દલપતરામે માત્ર બેજ પંક્તિમાં ભગવાન શ્રી સ્વામિનારાયણનું ઐશ્વર્ય બતાવતા કહ્યું છે કે :- બળથી, કળથી, ધનથી વશ કરતા નૃપ હોય,

ખેંચીલે જાન લાખના વો તો ઈશ્વર હોય.

### "બિરૂદને બાહેંધરી"

અંતમાં એક વાત જોઈએ ! આશ્રિતજન દેહ તજે એ વખતે ભગવાન એને દર્શન દઈ પોતાના ધામમાં તેડી જાય છે. જે સાધુમાં હેત હોય એ રૂપે દર્શન આપે છે. આવા પ્રસંગો શ્રી સ્વામિનારાયણ સંપ્રદાયમાં આજે પણ બને છે.

શ્રી સ્વામિનારાયણ ભગવાન પોતાના આશ્રિતને બિરૂદ આપતા સ્વમુખે કહે છે કે,

"મારા જનને અંતકાળે જરૂર મારે આવવું"

બિરૂદ મારૂં બદલે નહિ એ સર્વજનને જણાવવું.

એ દયાળુ પૂર્ણ પુરુષોત્તમભગવાન શ્રી સ્વામિનારાયણને આ બિરુદ એ પ્રભુ રથ, વિમાન, પાલખી, લઈને તેડવા માટે આવે છે. પ્રભુના દર્શન થતા ભક્ત ભારે ધન્યતા અનુભવે છે. અને પ્રભુ સાથે પ્રયાણ કરે છે. અંતકાળે આ ધન્ય દર્શન માટે આશ્રિતજન સદાય પ્રભુના આગમનની રાહ જોતા હોય છે. એટલું જ નહિ પણ એ માટે અંતરની અન્ય વાસના છોડી એ પ્રભુની રટણ લાગતી હોય છે.

કલ્યાણ કોલ સમું આ અખંડ સદાવ્રત એ પ્રભુના અંતરની કેવી અલૌકિક કરૂણા છે.

# અગિયારસ

- ચંદ્રકાન્ત મોહનલાલ પાઠક (ગાંધીનગર)

એલા, સવારના પહોરમાં શું આ સોગિયો મોઢો કર્યો છે ? ફાંદાનો ઘાટ ઘડતો છે કે શું ? ચિંતા કરીશ નહી. બાપો ખાવાનું દેવાના છે. માથે પાણી સરખું નાંખ. આજે મોટી અગિયારસ છે. માતરે અલૈયાને કહ્યું.

ભગવાન શ્રીહરિ જેતપુર પધાર્યા છે. આજે મહાપ્રભુ સંત મંડળ અને હરિભક્તો સહિત પુણ્યવંતી ભાદરમાં સ્નાન કરી રહ્યા છે.

માતરા ! અલૈયા શું કહે છે ? શ્રીહરિએ નહાતાં નહાતાં પૂછ્યું.

ભણે મહારાજ ! નહાતો નહાતો ખાવાની ચિંતા કરતો છે. એનો મોઢો તો દેખો ! ભગવાનનું નામ લેવાને બદલે ખાવાના મનસુબા કરે છે. તમે ક્યાં કોઈ દિ અમને ભૂખ્યા રાખો છો ? અમથો અમથો ઉચાટ કરે છે. મેં ધરપત દીધી કે મહારાજે ફરાળનું નક્કી કરી જ રાખ્યું છે. સરખી રીતે નાહી લે.

શ્રીહરિએ કહ્યું, કાઠીની જાત બહુ ચતુર હોય છે. સમય સમય પ્રમાણે અનેક કળાઓ કરી જાણે, તમારું મન પણ એનાથી જુદું નથી. મહિનામાં અગિયારસના બે ઉપવાસ આવે છે. તે પણ તમને રુચતું નથી. અગિયારસ કરવાનું ઘણું મોટુ ફળ છે. ફરાળની કોઈ આશા રાખશો નહિ. આજનો દિવસ કથાવારતા સિવાય કશું કરવાનું નથી. આજે પાશાંકુશા એકાદશી છે. બધી એકાદશીઓમાં તેનું વિશેષ મહત્વ છે. આ એકાદશીનું વ્રત કરવાથી બધાં પાપોનો નાશ થાય છે.

વાત સાંભળી કોઈ કાઠીએ કહ્યું, હવે પાપ રહ્યા છે જ ક્યાં ? જ્યારથી તમારે આશરે આવ્યા ત્યારથી બધા પાપ બળી ગયાં છે અને નવાં પાપ તો કરતા નથી.

મહાપ્રભુ પોતાનું મુખારવિંદ ધોતા ધોતા બોલ્યા, તમને શાસ્ત્રની સમજ નથી એટલે આમ બોલો છો. શાસ્ત્રોએ બાંધેલી મર્યાદાનું હમેંશાં પાલન થવું જોઈએ. શાસ્ત્રનું વચન લોપાય તો એ પાપ જ કહેવાય. એકાદશીનું વ્રત સ્વયં ભગવાન શ્રીકૃષ્ણનું વ્રત છે. તે આપણા ઈષ્ટદેવ છે માટે સૌએ કરવું જ જોઈએ. જે કોઈ સ્ત્રી-પુરુષ એકાદશીનું વ્રત નથી કરતા તે રૌરવ નામના નર્કને પામે છે. પંચમહાપાપનો ભાગીદાર થાય છે. એકાદશીને દિવસે અન્ન ખાવું તે મળ ખાવા સમાન છે. તમે શાસ્ત્રો તપાસી જુઓ બધા પાપોનું પ્રાયશ્ચિત કહ્યું છે પરંતુ એકાદશી ન કરનારને કોઈ પ્રાયશ્ચિત જ નથી કહ્યું જેના વડે તે શુધ્ધ થઈ શકે. સાઠ હજાર વર્ષ સુધી દરરોજ તમે એક લાખ તપસ્વી ભૂદેવોને જમાડો અને જે પુણ્ય થાય તેટલું પુણ્ય માત્ર એકાદશીનું વ્રત કરવાથી મળે છે. એકાદશી દશ ઈન્દ્રિયો અને મનની શુદ્ધિનું વ્રત છે. તે દિવસે શ્રધ્ધા અને મહિમાથી કરેલો ઉપવાસ તપ ગણાય છે. ભગવાન તેનાથી પ્રસન્ન થાય છે.

શ્રીહરિએ આવી વાત કરી ત્યારે જેતપુરના અધિપતિ કાઠી દરબારે પૂછ્યું, હે મહારાજ ! અગિયારસના વ્રતની આટલી બધી વિશેષતા અને આટલો મોટો મહિમા શાસ્ત્રોમાં કહ્યો છે તેનું કારણ શું હશે ?

બ્રહ્મવ્રતધારી મહાપ્રભુ બોલ્યા, હે દરબાર ! તમે મુમુક્ષુ છો. જે દૈવી હોય, મુમુક્ષુ હોય, કલ્યાણના ખપવાળાં હોય અને શ્રદ્ધાવાન હોય તેની આગળ વાત કરવી અમને ગમે છે, એટલે એકાદશીનો વાત કહીએ છીએ. દરેક વ્યક્તિ જેમ જેમ ભગવાનની નજીક જાય છે તેમ તેમ ભગવાનની પ્રસન્નતા તેના પર વધતી જાય છે. ભગવાનના સંબંધથી તે ભક્તનો પણ મહિમા વધે છે. એકાદશીની ઉત્પત્તિ તો સાક્ષાત્ ભગવાન વાસુદેવના શરીરમાંથી થઈ છે. માટે તે પણ વાસુદેવ સ્વરૂપ જ છે. ભગવાને રાજી થઈને એકાદશીને વર આપ્યો છે કે તારા વ્રતને દિવસે જે કોઈ વ્યક્તિ શ્રદ્ધાથી અનુષ્ઠાન કરશે તે સર્વ પાપથી મુક્ત થશે અને લોક તથા પરલોકમાં મનોવાંછિત સિધ્ધિ પ્રાપ્ત કરશે. આ પ્રમાણે કહીને શ્રીહરિ ફરી બોલ્યા, અમારી દ્રષ્ટિ હમેશાં શાસ્ત્ર વચન અને તેના પાલન પર રહે છે. તેથી આજે એક વાત અમે ભૂલી ગયા. આ ગામ રામાનંદ સ્વામીની ચરણરજથી પવિત્ર થયેલું છે. સ્વામીએ અહીં જ અમારો ગાદી અભિષેક કર્યો હતો. અમને આચાર્ય પદ આપ્યું હતું. આ પ્રસંગ અમારા દિલમાં સાંભરી આવ્યો છે. કેટલાક પ્રસંગોનું વિશિષ્ટ મહત્વ હોય છે. આજનો પ્રસંગ પણ એવો છે. એટલે અમે કહીએ છીએ કે એકાદશી તો ઘણી આવશે પણ આજના

(અનુસંધાન પાના નં. ૧૬ ઉપર)

# પ.પૂ.અ.સૌ. મોટા ગાદીવાળાશ્રીનો અમેરિકા ધર્મપ્રવાસ

- લીલાબેન પટેલ (ન્યુજર્સી)

બાયરન (અમેરિકા)માં બહેનોના આગ્રહભર્યા આમંત્રણથી પ.પૂ.મોટા ગાદીવાળાશ્રી તા. ૧-૪-૨૦૧૦ રોજ જર્યોજીયા બાયરન એરપોર્ટ પર પધાર્યા ત્યારે આટલાન્ટા અને બાયરનના બહેનો રાજશ્રીબેન, રાગેશ્રીબેન, જ્યોત્સનાબેન, સૂર્યાબેન, પારૂલબેન, દક્ષાબેન અને નયનાબેન વગેરે ઘણા બહેનો સ્વાગત સામૈયામાં ઉપસ્થિત રહ્યાં હતાં.

એરપોર્ટથી સીધા પ.પૂ. મોટા ગાદીવાળાશ્રી જ્યાં આપણી નિયમિત સભા થાય છે ત્યાં પધાર્યા. ત્યારે બહેનોએ ખૂબજ હેત-પ્રેમઅને ઉમળકા ભર્યું સ્વાગત સામૈયું કરી વધાવ્યા હતા. સભામાં કથા, કીર્તન, ધૂન અને થાળ આરતી બાદ જ્યાં આપણાં બાયરન મંદિર માટે ૧૩ એકર જેટલી વિશાળ જગ્યા સંપાદન કરી છે ત્યાં પધાર્યા. જગ્યા જોઈ અને અહીં ભવ્ય દેદિપ્યમાન મંદિર બનશે તેવો સંકલ્પ કરી ખૂબજ પ્રસન્ન થયા. ત્યાં સૌ બહેનોને રૂડા આશીર્વાદ આપ્યા. ત્યાંથી હંસાબેનને ત્યાં પધરામણી કરીને સૂર્યાબેન, પારૂલબેન, નૈનાબેન, દક્ષાબેન અને પાયલબેન વગેરે બહેનો સાથે બાયરન પધાર્યા. ત્યાં પારૂલબેન ને ત્યાં ઉતારો કરી ઠાકોરજી જમાડ્યા. પ.પૂ. મોટા ગાદીવાળાશ્રી સાથે સાં. મંજુબા, લીલાબેન આદિ બહેનો સેવામાં જોડાયા હતા.

આપણા બાયરન મંદિરની વિશાળ જગ્યા તેની સુંદરતા અને કુદરતી વાતાવરણ જોઈ પોતે ખૂબજ રાજી થયા હતા. અહીં સતત ૪ દિવસ સુધી રોકાઈને કથા-વાર્તા કીર્તન ભક્તિ અને પોતાના અલૌકિક આશીર્વાદનું સુખ આપ્યું. ૩ અને ૪ એપ્રિલના ભવ્ય હોલમાં સભા રાખવામાં આવી હતી. જેમાં સાં.બહેનોના કીર્તન ભક્તિ કથા વાર્તા અને પ.પૂ. મોટા ગાદીવાળાશ્રીના અલૌકિક આશીર્વાદ સભામાં ઉપસ્થિત બહેનોએ લઈ કૃતાર્થ થયા હતા. જેમાં મુખ્યત્વે સૂર્યાબેન, ઉમાબેન, નૈનાબેન, દક્ષાબેન, નીતાબેન, પાયલબેન, અરૂણાબેન, સ્મિતાબેન, શાંતાબેન આદિ ઘણાં ધર્મકુળ પ્રેમી બહેનોએ પોતાના ત્યાં પધરામણી કરાવીને અલૌકિક લાભ લીધો. ૧ એપ્રિલથી ૬ એપ્રિલ સુધી અહીં બહેનોને અપાર સુખ આપી સૌ બહેનોની અશ્રુભીની આંખે વિદાય લઈ ન્યુજર્સી પધાર્યા.

૨૦ એપ્રિલના રોજ રંજનબેન અને બળદેવભાઈ ચૌધરીની ચિ. પુત્રી ડિમ્પલના લગ્ન પ્રસંગે તેમના ખાસ આગ્રહ ભર્યા આમંત્રણથી આશીર્વાદ આપવા પધાર્યા હતા.

૨૧ એપ્રિલના રોજ સમસ્ત સત્સંગી બહેનોની ઈચ્છાને માન આપી દિક્ષીતા બેન અને દિલીપભાઈ ત્રિવેદીને ત્યાં સત્સંગ સભા યોજવામાં આવી હતી. જેમાં સાં. મંજુલાબાએ કથા વાર્તાનો સુંદર લાભ આપેલ. ત્યારબાદ પ.પૂ. મોટા ગાદીવાળાશ્રીએ પોતાના આશીર્વાદ પ્રવચનમાં પુરુષોત્તમમાસનું માહાત્મ્ય સમજાવી મહા અલૌકિક લાભ આપ્યો હતો. ૨૪ એપ્રિલના ચિ. ડિમ્પલના લગ્ન પ્રસંગે હસ્ત મેળાપ વિધિમાં દાંપત્યજીવન સુખમય બને અને સત્સંગ પણ વિશેષ રાખે તેવા રૂડા આશીર્વાદ આપ્યા હતા. સમસ્ત ચૌધરી પરિવાર પ.પૂ. મોટા ગાદીવાળાશ્રીના શુભ આગમનથી ખૂબજ લાગણીવશ બની ગયા હતા.

પ.પૂ. મોટા ગાદીવાળાશ્રી અને સાથે પધારેલા સાંખ્યયોગી બહેનો અને લીલાબેન પટેલ આદિ સૌનો ઉતારાનો લાભ અ.સૌ. પાયલબેન પ્રશાંતભાઈ ધોળકિયાએ લીધો હતો.

**પ્રશ્ન પેટીના જિજ્ઞાસુ હરિભક્તોને જાણ થાય જે, સંજોવશાત પ્રકાશીત થઈ શકી નથી જૂનથી નિયમિત પ્રકાશિત થશે.**

# આનંદદાયી અને કલ્યાણકારી શ્રીહરિની પ્રસાદીની ધોતલી

- ગોરધનભાઈ વી. સીતાપરા (હિરાવાડી-બાપુનગર)



વળી વળી શું વર્ણવું, વળી આ સમાની વાત.
જીવ જગતના ઉપરે, આજ અમે છીએ રળીયાત.
જાણીયે આખિ જકતને, લઈ જાયે અમારે ધામ.
કેડે ન રાખિએ કોઈને, એમ હૈયે છે ઘણી હામ.
તે સારૂ ભૂમિ ઉપરે, કંઈ રાખ્યા સુખના સમાજ.
અમારા અંગ સંગની વસ્તુ, રાખી જીવના કલ્યાણ કાજ.
ફરી ફરી ફેરો પડે, એવું કરવું નથી આ વાર.
સહુ જીવનો સામટો, આજ કરવો છે ઉદ્ધાર.

●●●

વળી કલ્યાણકારી જે વસ્તરે, તે પણ પૃથ્વી પર છે સમસ્ત રે.
બહુ તે વડે થાશે કલ્યાણ રે, સ્પર્શિ પામશે પદ નિરવાણ રે.
(પુરુષોત્તમપ્રકાશ)

શ્રીહરિ કહે છે, આ સમે અમે જગતના જીવો ઉપર રાજી થયા છીએ. મનમાં એમ થાય છે કે આખા જગતને અમારા ધામમાં લઈ જવું છે, કોઈને પાછળ રાખવા નથી. તે માટે અમે આ ભૂમિ ઉપર કેટલાય સુખના સમાજ રાખ્યા છે. તે પૈકી એક અમારા અંગસંગની વસ્તુઓ અમે સ્પર્શ કરેલી વસ્તુઓ અર્થાત્ અમારી પ્રસાદીની વસ્તુઓ અમે જીવના કલ્યાણ માટે રાખતા જઈએ છીએ. અમારી પ્રસાદીની વસ્તુઓ કલ્યાણકારી છે. તેનો સ્પર્શ કરીને કેટલાય લોકોનો મોક્ષ થશે. આ સમયે અમારે અનેક જીવનો સામટો ઉદ્ધાર કરવો છે. આપણા શાસ્ત્રોના મત પ્રમાણે જેમ શ્રીહરિનું ધ્યાન થાય છે તેવી જ રીતે શ્રીહરિની પ્રસાદીની વસ્તુઓ પણ ધ્યાન કરવા યોગ્ય, દર્શન કરવા યોગ્ય અને પૂજવા યોગ્ય છે. શ્રીહરિએ સ્પર્શ કરેલી વસ્તુઓ નિર્ગુણ અને દિવ્ય બનેલી હોય છે.

શ્રીહરિના છઠ્ઠા વંશજ પ.પૂ. આચાર્યશ્રી તેજેન્દ્રપ્રસાદજી મહારાજશ્રી અમદાવાદના નારણપુરા વિસ્તારની ધરતી પર આજે શ્રીહરિની પ્રસાદીની વસ્તુઓનું જે મ્યુઝિયમ બનાવી રહ્યા છે એ જોઈને એવું લાગે છે કે પોતાના દાદા અને ઈષ્ટદેવ શ્રી સ્વામિનારાયણ ભગવાનનો સંકલ્પ જે, આજ સહુ જીવનો એક સામટો ઉદ્ધાર કરવો છે, તેને સાકાર કરી રહ્યા છે. કારણ કે પ્રસાદીની વસ્તુ જ્યારે કોઈ સંતો કે હરિભક્તો પાસે વ્યક્તિગત પૂજાતી હોય ત્યારે તે વસ્તુનું બહુ ઓછા લોકો દર્શન કરી શકે છે. તે જ વસ્તુઓ જ્યારે મ્યુઝિયમમાં આવશે ત્યારે દેશ-વિદેશના લાખો લોકો તેનું દર્શન કરીને મોક્ષભાગી થશે. મહિમાવાળા ભક્તોને તો આખું મ્યુઝિયમ શ્રીહરિની મૂર્તિની જેમ ધ્યાન કરવા યોગ્ય થશે. પ્રાતઃકાળમાં સ્મરણ કરવા યોગ્ય થશે. આ લેખમાં એવી જ એક પ્રસાદીની વસ્તુ શ્રીહરિની ધોતલીના ગુણગાન ગાઈએ.

વાત એમ છે કે એક સમયે શ્રીહરિની આજ્ઞાથી ગઢપુરથી દેવજી ભક્ત કેરીઓ ખરીદવા માટે ગુજરાતમાં આવેલા જયાલવ નામના ગામના સીમાડે આવેલા આંબાના વનમાં આવ્યા. ત્યાંથી તેમણે સાત ગાડા ભરીને કેરી ખરીદી અને તે ગાડાં ગઢપુર પહોંચતા કર્યા. તે દરમિયાન રામકૃષ્ણાનંદ મુનિ, ભાલ પ્રદેશમાંથી, પાકેલા ઘઉંથી ભરેલા ગાડાઓ લઈને

શ્રીહરિની સમીપે આવ્યા. તેથી શ્રીહરિએ રસ રોટલીનો મોટો ભોજનોત્સવ કર્યો. શ્રીહરિએ સંત વર્ણી, પાર્ષદો અને હરિભક્તોને ખૂબ કેરીઓ જમાડી સર્વેને સંતૃપ્ત કર્યા. શ્રીહરિ પણ ખૂબ કેરીઓ જમ્યા અને તે ફળોની પ્રશંસા કરી તેજ દિવસે બપોર પછી જગદિશ્વર શ્રીહરિએ સ્નાન કરીને, ધોતલી (પોતડી) વડે શરીર લૂછીને પછી તે જ ધોતલી પોતાના શરીર ઉપર ધારણ કરી ત્યારે દર્શનાર્થે શ્રીહરિની સમીપે રહેલા દેવજીભક્ત, શ્રીહરિ પ્રત્યે બોલ્યા કે, હે અવિનાશી પ્રભુ ! જે મહાભાગ્યશાળી વ્યક્તિએ તમને આ ધોતલી અર્પણ કરી છે, તેના પુણ્યનો પાર નથી. આ ધોતલી નાની અને જાડી છે. માટે થોડા મુલ્યવાળી છે તેમ છતાં પણ તે ભાગ્યવંત પુરુષના પ્રેમને વશ થઈને આપ આ ધોતલીને મસ્તક ઉપર બાંધીને સભામાં બિરાજમાન થાઓ છો. તો ક્યારેક તેને મસ્તક ઉપર બાંધીને સુંદર થાળ જમવા બેસો છો. ક્યારેક તો હે ભગવાન્ ! સ્નાન કરીને પછી, આ ધોતલી વડે જ માર્જન કરો છો. ક્યારેક તો તેને, શયન કરતી વખતે ઓશિકાની જેમ મસ્તક નીચે રાખો છો. ક્યારેક તો તે વડે બંને જાનુઓ બાંધીને સ્વભક્તોની વચ્ચે બેસો છો. અને ક્યારેક તો તેને ડાબા ખંભે યજ્ઞોપવિતની જેમ નાખીને ચોતરફ વિચરણ કરો છો. આપ એક ક્ષણમાત્ર પણ તેને દૂર મૂકતા નથી. માટે હે અચ્યુત ! જે મહાભાગ્યશાળી પુરુષે આપને તે અર્પણ કરી છે તેણે પૂર્વ એવું શું અપાર પુણ્યાચરણ કર્યું હશે !

ત્યારે ભગવાન દેવજી ભક્ત પ્રત્યે બોલ્યા કે હે પરંતપ! તમે આ ધોતલીનું ખૂબ માહાત્મ્ય સમજ્યા છો. તેથી મેં છ માસ સુધી નિત્યે ધારણ કરેલી આ ધોતલીને હવે તમે રાખો. આમ કહીને શ્રીહરિએ દેવજી ભક્તને તે ધોતલી આપી. પછી સાયંકાળે તે ધોતલીના માહાત્મ્યને જણાવનારા અને પાઠ કરવાથી ઉત્તમ ફળને આપનારા બે શ્લોકનું બ્રહ્માનંદ સ્વામીએ સભામાં શ્રીહરિ સમક્ષ આ પ્રમાણે પ્રેમપૂર્વક ગાન કર્યું કે, સાક્ષાત્ ભગવાન શ્રીહરિ આ ધોતલીને ધારણ કરે છે. તે ભગવાનના કામમાં આવી છે. તેથી તેનું સૂતર ધન્ય છે, તે સૂતર કાંતનારાને પણ ધન્ય છે. તેના વણકરને પણ ધન્ય છે, તેની ઉપર રંગીન ભાતો પાડનાર રંગારાને પણ ધન્ય છે. મુનિજનોના મનમાં ભગવાનનું ધ્યાન કરતી વખતે પણ આ ધોતલી તેમની પ્રીતિપાત્ર થયેલી છે. જેનામાં અગણિત બ્રહ્માંડોના સમૂહો રહેલા છે તેવા શ્રીહરિને પણ, આ ફક્ત ચાર હાથની ટૂંકી ધોતલી આચ્છાદિત કરે છે. આ ધોતલીને જોઈને નાગરની સ્ત્રીઓ પણ, નિત્ય પ્રત્યે ખૂબ આનંદિત થઈને ફરે છે, માટે આ ધોતલીને ધન્ય છે. તેનો મહિમા કહેવા માટે અમે શક્તિમાન નથી.

સત્સંગિભૂષણ ગ્રંથમાં શ્રી વ્યાપકેશ મુનિ, જયેષ્ઠજીત રાજાને કહે છે, હે રાજન્ ! આ પ્રમાણે બ્રહ્મમુનિએ તે ધોતલીના માહાત્મ્ય અંગે ગાન કરેલા બે શ્લોકોની, શ્રીહરિએ ખૂબ પ્રશંસા કરી અને માહાત્મ્ય જાણનારા તે બ્રહ્મમુનિને પોતાના કંઠમાંથી પુષ્પમાળા આપી. ધનાદિ આપનારું પવિત્ર અને અદ્‌ભુત આ હરિચરિત્ર જે કોઈ નિત્ય પ્રત્યે સાંભળશે, તે મહાપ્રભુ શ્રીહરિના ધામને પામશે.

આપણે શ્રીહરિને પ્રાર્થના કરીએ કે હે મહાપ્રભુ ! આપની ઈચ્છા અને પ્રેરણાથી આ લેખ દેવજી ભક્તના વંશજો વાંચે, મનન કરે અને અનંત જીવાત્માઓના કલ્યાણ અર્થે જો આપની પાસે આ પ્રસાદીની ધોતલી સચવાયેલી રહી હોય તો હે શ્રીહરિ મહાપ્રભુના પુણ્યકારી-ઉદાર ભક્તો! એ ધોતલી આપ મ્યુઝિયમમાં રાખવા માટે પ.પૂ. આચાર્ય મહારાજશ્રીને અર્પણ કરજો. જેથી અમે સૌ પણ વર્તમાન કાળે એ ધોતલીનું દર્શન કરવા માટે ભાગ્યશાળી થઈએ ! **સં. ૨૦૬૭ ફાગણ સુદ ત્રીજના દિવસે ઉદ્‌ઘાટન થનારા આ મ્યુઝિયમમાં ન જાણે** કેટલીક આવી પ્રસાદીની દિવ્ય વસ્તુઓનું આપણને દર્શન થશે ! સમયને જતા વાર લાગતી નથી. સમય કોઈની રોહ જોતો નથી. ગયેલી તક ફરી પાછી આવતી નથી. હજુ સુધી જેઓએ આ મ્યુઝિયમ નિર્માણમાં સહેજ પણ તન, મન કે ધનથી સેવા કરી નથી તેઓએ સરોવરમાં પાણીના એક બુંદ સ્વરૂપે પણ પોતાનું અનુદાન લખાવવું. જેથી દર્શન કરતી વખતે મ્યુઝિયમમાં પોતાપણાની ભાવના જાગે. ધનવાન વ્યક્તિ ભલે લાખ કે કરોડો આપે, પરંતુ ગરીબ વ્યક્તિ પણ જો ભાવથી સો રૂપિયા આપશે તો શ્રીહરિ તેને લાખ કે કરોડ માનીને જ ગ્રહણ કરશે. જેવો મંદિરનો મહિમા છે તેવો જ આ મ્યુઝિયમનો મહિમા છે.

# કયા સંબંધની મહત્તા ?

- જયંતિલાલ કે. સોની (મેમનગર-અમદાવાદ)

સંબંધો માયિક અને અમાયિક કહેવાય છે. માયિક સંબંધો એટલે આલોકના સંબંધો જેને લૌકિક સંબંધ કહેવાય છે. જ્યારે અમાયિક સંબંધો એટલે પરમાત્મા સાથેના સંબંધોને પરલૌકિક સંબંધો કહેવાય છે.

આ લોકના સંબંધોમાં માતા-પિતા-પુત્ર-પુત્રી-ભાઈ-બહેન-ભાણા-ભાણી-ભત્રીજી-પૌત્ર-પૌત્રી-દોહિત્રી વિગેરેના સંબંધો જન્મજાત એટલે જન્મતાની સાથે જ થાય છે તેને લોહીના (સગાઈ) સંબંધ કહેવાય છે. અન્ય બીજા કેટલાય સંબંધો બંધાય છે જેવા કે પાડોશી, મિત્રતાના વેપારી-ગ્રાહકનાં, શેઠ-ગુમાસ્તાના, કર્મચારી-સાહેબનાં વિગેરે આ બધા સંબંધોમાં સ્વાર્થીપણું વિશેષ હોય છે. સ્વાર્થ વગર કોઈ સંબંધ રાખવા માંગતુ નથી. આલોકના સંબંધો માટે સંતોએ ગાયું છે તેમ,

"સંસ્કારે સંબંધી સર્વે મળ્યા રે, તે છે જુઠી માયા કેરી જાળ."
અંતકાળે સગું નહિ કોઈનું રે...... સ.ગુ. દેવાનંદ સ્વામી.

આ વિશાળ જગતમાં આપણા કુટુંબ-પરિવારમાં જે જે આવે છે કે અન્ય બીજી રીતે પણ સંબંધમાં આવે છે તે કોણ કોણ આવે છે જે આપણે જાણતા નથી. ફક્ત ઉપરનાં સંબંધોના નાતે જ એક બીજાને ઓળખીએ છીએ. અને સંબંધની લાગણીનાં પ્રવાહમાં એક બીજાને હેત-પ્રીત કરીએ છીએ - અને સર્વે આપણા હિતેચ્છુ છે તેવું સમજીને વ્યવહાર કરીએ છીએ. વાસ્તવમાં આવું નથી. આ લોકના સઘળા સંબંધો પૂર્વ જન્મનાં સંસ્કારને આધિન ચાર પ્રકારે થાય છે. એક ઋણાનુબંધન, બીજું વૈરાનુબંધન અને ત્રીજુ સ્નેહાનુંબંધન અને ન્યાસાનુંબંધનથી સંબંધમાં આવે છે.

**પ્રથમ ઋણાનુબંધનથી** આવેલ સંબંધી દા.ત. પિતા-પુત્ર કે અન્ય કોઈ હોય તે પોતાનું ઋણ લેવા કે દેવા ભેગા થાય છે. ઋણની લેતી-દેતી પૂર્ણ થતાની સાથે જ સંબંધમાંથી વિદાય લઈ લે છે. એટલે કે મૃત્યુ થતા નાતો ખતમ થઈ જાય છે. પૂર્વ જન્મમાં કોઈપણ પ્રકારે કોઈની થાપણ કે મૂડી જો લઈ લીધી હોય અને પરત ચૂકવણી ન કરી હોય તેવા કિસ્સામાં લેણદાર પોતાની થાપણ વસૂલ કરવા પિતા કે પુત્ર કે અન્ય કોઈ સંબંધમાં આવે છે. દા.ત. પુત્ર તરીકે આવે ત્યારે પુત્ર ખૂબજ સુંદર હોય - કહ્યાગરો હોય, હોંશિયાર વિગેરે સદ્‌ગુણો હોવાથી ગાઢ પુત્ર મોહ ઉત્પન્ન કરાવે છે. પુત્ર મોહમાં પિતા તેના માટે પોતાની જાતથી કે નાણાથી ઘસાઈને પણ આનંદ પામે છે. આમ પુત્ર પોતાનું લેણું વસુલ થાય તે માટે પોતાની પરવરીશમાં નાણું ખર્ચાવે છે તથા આકસ્મિક માંદગીની સારવારમાં પાણીની જેમ પૈસા વહેવડાવે અંતે પુત્ર મૃત્યુ પામે, આમ પિતાને આર્થિક રીતે પાયમાલ કરીને પોતાનું લેણું વસુલ થતા વિદાય લઈ લે છે. માયાના પડદાને લીધે પરિવારમાં આપણી સાથે બેઠક ઉઠક કરનાર કોણ છે તે જાણી શકાતું નથી. પરંતુ સુજ્ઞજનોને તેનો અણસાર આવી જાય છે. પરંતુ પરિવાર પ્રેમ તથા કર્તવ્ય પાલનની લાગણી હેઠળ ઋણની લેતી-દેતી પ્રેમથી કરવી પડે છે. જેથી સુજ્ઞજનોની સમજણ પણ આની સામે વામણી પુરવાર થાય છે.

**વૈરાનું બંધન** - પૂર્વ જન્મનાં દુશ્મનાવટનો ભોગવટો પૂરો કરવા સંબંધમાં આવતા હોય છે - કોઈ અલ્પ આથિક કે અન્ય કારણસર પિતા-પુત્રની કે પુત્ર-પિતાની હત્યા કરતા કે કરાવતા હોય છે. આ ઉપરાંત પાડોશી કે મિત્ર કે અન્ય કોઈ વૈર સંબંધ પૂરુ કરવા આવતા હોય છે. જેના સંબંધો શરુઆતથી જ કષ્ટદાયક હોય તો પણ નિભાવવા પડે છે. વૈરસંબંધો પૂર્ણ થતા સંબંધના નાતાથી વિદાય લઈ લે છે.

**સ્નેહાનું બંધન** - આ બંધન એક એવા પ્રકારનું છે કે પિતા-પુત્ર કે પતિ-પત્ની ભાઈ-બહેન કે ભાઈ-ભાઈ વિગેરે સંબંધમાં અતૂટ પ્રેમ હોય છે જે એક બીજા માટે પોતાનો જાન ન્યોચ્છાવર પણ કરી દે છે. એકનું મૃત્યુ થતા બીજો એના વિરહમાં પ્રાણનો પણ ત્યાગ કરી દેતા હોય છે. આ બધા અતિ પ્રેમની લાગણીના સંબંધોનું સૂચન કરે છે. છેલ્લો **પ્રકાર ન્યાસાનુ બંધન**. આમાં એકબીજાને એક બીજા જોડે કોઈ લાગણીનો સંબંધ જ હોતો નથી. ફક્ત સાથે રહેવા પૂરતાજ સંબંધ હોય છે. પરિવારમાં કોઈ કુટુંબભાવ જોવા ન મળે. જેમ કે કોઈ ધર્મશાળામાં રહેતા (ઉતારૂં) મુસાફરોની જેમ સમય વ્યતિત કરવા પૂરતા ભેગા થાય અને છૂટા પડી જાય. આમ કુટુંબ પરિવારમાં ઉદાસીનતાથી રહેવું અને સમય પૂરો થતા વિદાય લેવી.

ઉપરોક્ત સઘળા સંબંધો માયિક સંબંધો હોવાથી એક બીજામાં દયા-લાગણી-સ્નેહ-સ્વાર્થ વિગેરે રહેલા હોય છે. જેનાથી એક બીજામાં માયિક બંધન એટલે કે વાસનિક સંબંધ ઉત્પન્ન થાય છે. જેથી અંત અવસ્થામાં પ્રભુ સ્મરણ ન થતા આવા વાસનિક સંબંધોની સતત

યાદ આવે છે. પરિણામે વાસનાની પૂર્તિ કરવા પુનઃ જન્મ ધારણ કરવો પડે છે : શ્રીજી મહારાજે વચનામૃતમાં પણ કહેલ છે કે શુભ વાસના કે અશુભ વાસના જન્મ લેવડાવે છે, એટલા માટે જ કહે છે કે "પ્રભુ સિવાય અન્યમાં હેત કરવું તે તો પંચ મહાપાપ કરતા પણ મોટું પાપ છે." જન્મ-મરણનાં ચક્કરમાં એક વખત ફસાયા પછી તેમાંથી નીકળવું મુશ્કેલ છે. આત્માનું કલ્યાણ ફક્ત પ્રભુ સંબંધથી જ થાય છે. શાસ્ત્રોમાં ભરતજીનું આખ્યાન બહુ ચમત્કારી કહ્યું છે. ભરતજી એક ચક્રવર્તી રાજા હતા. આખી પૃથ્વીનું રાજ્ય હતું. પરંતુ પોતાના આત્માનાં કલ્યાણ અર્થે સઘળા રાજપાટ - કુટુંબ પરિવારનો ત્યાગ કરી એકાંતમાં ગંડકી નદીનાં કિનારે પ્રભુભક્તિ કરતા હતા. જોગાનુંજોગ ત્યાં પણ એક મૃગબચ્ચામાં કરૂણા અને લાગણીથી હેત-પ્રીત બંધાવાથી છેલ્લી અવસ્થામાં પ્રભુ સ્મરણને બદલે મૃગબચ્ચાનું સ્મરણ થવાથી બીજા જન્મે મૃગલીનો દેહધારણ કરવો પડ્યો. આમ દેવને પણ દુર્લભ મનુષ્ય જન્મ ગુમાવવો પડ્યો અને એક પશુ યોનિમાં જન્મવું પડ્યું. એટલા માટે વચનામૃતમાં શ્રીહરિ આપણને વારંવાર ચેતવે છે કે દેહ અને દેહના સંબંધીનું હેત તો પંચવિષયના બંધન કરતા પણ મોટું બંધન છે. પ્રભુ પરાયણ જીવન જીવવાથી જ માયિક સંબંધોનો અંત આણી શકાય છે. તે વિના તો ગમે તેટલા ડાહ્યાં સમજુ હોવા છતાં સંબંધોમાંથી છુટી શકાતુ નથી. સંસાર વ્યવહારમાં રહેવા છતાં હેત-પ્રીત ફક્ત પ્રભુમાં જ કરવા નિત્ય સાચા સંતનો સમાગમ કરવો. સંપ્રદાયના શાસ્ત્રો જેવા કે શિક્ષાપત્રી, વચનામૃત, સત્સંગિજીવન-સત્સંગિભૂષણ-ભક્તચિંતામણી નંદસંતોની વાતોના પુસ્તકોનું નિત્ય વાંચન-મનન કર્યા કરવું તે પણ સંત સમાગમની ગરજ સારે છે. અને પ્રભુમાં ગાઢ પ્રીતિ કરાવે છે. અનંત જન્મોથી દરેક યોનિમાં કુટુંબ પરિવારની વાસનાથી જ જન્મો ધારણ કર્યા છે. નહિ સમજીએ તો હજુ પણ જન્મ-મરણનું ચક્કર ચાલું જ રહેશે. અનંત જન્મો ધારણ કરવા પડ્યા છે તેનું પ્રમાણ પણ શ્રીજી મહારાજે વચનામૃતમાં આપેલ છે કે સમુદ્રમાં જેટલું પાણી છે તેટલું માતાનું દૂધ પીધું છે. હવે સંસાર સાગરને તરવા માટે માયિક સઘળા સંબંધોને મૃગજળ માની ખોટા કરી હૃદયમાં એક શ્રીહરિની ભક્તિ કરી લેવી. સંતોએ ગાયુ છે. "રે સગપણ હરિવરનું સાચું, બીજું સર્વે ક્ષણભંગુર કાચું." આવા કાચા ધાગા જેવા ક્ષણભંગુર સંબંધોની વાસનાની નિવૃત્તિ માટે ક્ષણનો પણ વિચાર કર્યા વગર આજથી જ આ દેહમાં પ્રાણ રહે ત્યાં સુધી પ્રભુ ભક્તિ કરી મહારાજને રાજી કરી લેવા એજ મનુષ્ય દેહની સાર્થકતા છે.

---

## અગિયારસ (અનુસંધાન પાના નં.૧૧ નું ચાલુ)

જેવો યોગ નહિ આવે. માટે આજે અમે સૌને માટે ફરાળ મંગાવીએ છીએ. કોઈ ના પાડશો નહિ.

ભક્તવત્સલ ભગવાને પોતાની તર્જનીના ઈશારાથી દૂર ઊભેલા મયારામભટ્ટને બોલાવ્યા.

ભટ્ટજી ! તમે ગામમાં જાઓ. બરફી પેંડા લઈ આવો. પચાસ મણ જેટલા લાવજો. ગામમાંથી એટલા ન મળે તો આસપાસના ગામોમાં જાજો. બીજા કોઈને તમારી સાથે લઈ જાઓ. દૂધ, દહીં, કેળાં જે મળે તે પણ લેતા આવજો.

ફરાળની વસ્તુઓ જે આવી તે સંતો, પાર્ષદો, હરિભક્તો, સૌને વહેંચી આપી. પછી બોલ્યા હે ભક્તજનો ! ફરાળ હજી ઘણું બધું પડ્યું છે. કોઈ સંકોચ કે શરમ રાખશો નહિ. જેને જે જોઈએ તે લઈ જજો. આજનો પ્રસંગ તો અદ્‌ભુત છે. યાદ રાખવા જેવો છે.

શ્રીહરિની વાત સાંભળી પર્વતભાઈએ કહ્યું, આવી એકાદશી તો કોઈ દિવસ દેખી નથી. આજે તો અભુતપૂર્વ ઉત્સવ થયો. દેવો પણ ભાગ લેવા અહીં આવ્યા હશે. ભગવાનની રીત તો જુઓ ! પ્રથમ વઢે છે. બીક દેખાડે છે ડરાવે છે. પછી સહાય કરે છે અને વહાલ વરસાવે છે. ભગવાનના વચનમાં વરતે તે બહુ સુખ પામે છે.

કાઠીઓને થોડો સંકોચ થયો. તેમણે કહ્યું, હે મહારાજ! રજો ગુણ ના વેગથી અને રસાસ્વાદના લોભથી અમે જેમ તેમ બોલી ગયા તેનું ભાન રહ્યું નહિ. અમારે પણ તમને રાજી રાખવા છે. જેમ તમે કહેશો તેમ અમે માનશું. અગિયારસને દિવસ કંઈ પણ જમ્યા વિના ઉપવાસ કરશું, પણ અમારી અરજ એટલી છે કે તે દિવસે નિરાહાર રહેવાની અમને શક્તિ આપજો. અમને તમારો ખપ છે. કોઈ વખતે ભૂલ થાય તો હે પ્રભુ તમે નિભાવી લેજો.

કાઠીઓની વાણીથી શ્રીહરિ પ્રસન્ન થયા. ભક્તજનોને અમૃત દ્રષ્ટિએ નિહાળતાં કહ્યું, આજે આપણે આખો દિવસ બહાર જ વિતાવ્યો. હવે ચાલો ગામમાં જઈએ.

# સત્સંગ સુરભિ

અતુલ ભાનુપ્રસાદ પોથીવાલા (ન્યુજર્સી-અમેરિકા)

## આ માણકી મારી બહેનપણી !

દેવળિયા ગામના દરબાર જાલિમસિંહની હવેલીની ડેલિયે દોઢ પહોર દિવસ ચઢ્યે ત્રણ ઘોડેસવારો અને એક બળદગાડી આવીને ઊભાં રહ્યાં. સેવકે ખબર આપી કે તરત જ માથા ઉપર સાડીનો પાલવ નાંખીને દરબારના માતૃશ્રી કેશાબા દોડી આવ્યાં. જોયું તો સાક્ષાત્ સ્વામિનારાયણ ભગવાન આવ્યા હતા!

'પધારો મહારાજ, પધારો ! આજે અચાનક કૃપા કરી ?'
'હા, અમદાવાદ તરફ જઈ રહ્યા હતા, માર્ગમાં દેવળિયા આવ્યું તે ઊતરી પડ્યા!'

જાલિમસિંહે તથા કેશાબાએ સૌનું સ્વાગત કર્યું. મહારાજને સોનાની પાટ ઉપર પધરાવ્યા. ખબર અંતર પૂછ્યાં. "આવવાનું જ હતું તો પહેલાંથી જ જણાવવું હતું ને મહારાજ ! કંઈક વધારે ધામધૂમ કરીએ, મોતીડે વધાવીએ, ગામલોકોને ભેગા કરી શોભાયાત્રા કરત તો ઉત્સવ જેવું થઈ જાય." કેશાબાએ હાથ જોડીને કહ્યું.

અણધાર્યા આવેલા અતિથિનો મહિમા વધુ હોય ! મહારાજે મંદ મંદ હસતાં હસતાં કહ્યું.

ભક્તિ ભાવનાની પરાકાષ્ઠાએ પહોંચેલા કેશાબા માટે સાક્ષાત્ સહજાનંદ સ્વામી પોતાને આંગણે આમ અચાનક પધાર્યા છે. એ જાણી નાનકડાં અંતરમાં ભક્તિનો વિશાળ સમુદ્ર લહેરાઈ રહ્યો હતો. એમાંય છેલ્લા દશ વર્ષથી તો તેઓ ઉચ્ચ સ્થિતિને પામી ચૂક્યાં હતાં. કેટલીકવાર મનમાં સંકલ્પ કરે અને ઠાકોરજીને થાળ ધરાવે, થાળમાંથી કાંઈક ઓછું થાય તો જ જમે.

પાટ ઉપર વિરાજમાન થયેલા શ્રીજી મહારાજને હાર તોરા કરી ઘોડાઓને અશ્વશાળામાં બંધાવ્યા. શ્રીજીની માણકી ઘોડીને પણ અશ્વશાળામાં બંધાવી અને રજકો-પાવરો નંખાવ્યા. હવે મહારાજ અને સાથે આવેલા ભક્તો માટે રસોઈની તૈયારી કરવા માંડી. કેશાબાએ શું દળ્યું, શું વાવ્યું, ખાંડ્યું, પલાળ્યું, વધાર્યું કે છમકાર્યું એ તો એ જ જાણે પણ બપોર સુધીમાં તો મઘમઘતો અન્નકૂટ તૈયાર કરી દીધો ! બાજોઠિયાં ઢાળી દીધાં, કંચનની થાળીને કટોરામાં મહારાજને જમવા તેડાવ્યા. કેશાબાએ મહારાજને તથા ભક્તોને ખૂબ પ્રેમપૂર્વક જમાડ્યા. આખો દિવસ મહારાજ એમને ત્યાં રહ્યા. સાંજે સત્સંગ સભા કરી. આજુબાજુ વાળા ભક્તો પણ આવ્યા અને મહારાજની મનોહર મૂર્તિ તથા અલૌકિક જ્ઞાનવાર્તાનો પ્રસાદ પામ્યા. 'હવે અમને રજા આપો તો જઈએ' બીજે દિવસે વહેલી સવારે મહારાજે કેશાબા પાસે રજા માંગી.

એમનો હાથ પકડી કેશાબાએ કહ્યું, "ના હમણાં ન જવાય. એવડી શી ઉતાવળ છે કે આજે જ જવાનું કહો છો ? રહો અહીં. હજુ કાલે તો આવ્યો છો. એમ ઉતાવળ કર્યે કેમ પાલવશે ?"

વૃંદાવનની રાધા જાણે કામણગારા કૃષ્ણને વિનવણી કરી રહી હોય એમ કેશાબા મહારાજને રોકાઈ જવાનું કહેતાં હતાં ! શ્રીજી મહારાજે સવારે અમદાવાદ જવાનો સંકલ્પ કર્યો હતો, પણ કેશાબાની ઈચ્છા એવી હતી કે સવારમાં મારા તરફથી શીરો પૂરીનો થાળ જમ્યા પછી મહારાજ જાય તો સારું.

"અમે પાછા આવીશું ને કેશાબા ! તેડાવશો એટલે તરત જ આવી જઈશું બસ ! હવે જવા દો." એમ કહી મહારાજ ત્યાંથી હળવેથી ખસી ગયા. પણ જઈને કેટલેક જાય ? અંતરના દરવાજે જકડી રાખેલા મહારાજને-કેશાબા છૂટા મૂકે તો આગળ જવાયને ?

પરંતુ મહારાજે તો ફરમાન કર્યું "અમારો નિશ્ચય કોઈ વાતે ફરી નહિ અમે હવે અહીં વધુ નહિ રહીએ."

"તમારે જવું જ છે એમને મહારાજ ? ઠીક અબઘડીએ આ આવી મહારાજ" આટલું કહી ? કેશાબાએ અશ્વશાળા ભણી દોટ મૂકી. ઘોડાઓ ઊભાં ઊભાં, રજકો ચાવી રહ્યા હતા. પાસે માણકી ઘોડી ઊભી હતી. તેના માથા ઉપર હાથ મૂકી, પ્રેમથી શરીર ઉપર હાથ ફેરવી કેશાબા બોલ્યાં, "નાથ હવે જઈ રહ્યા છે મને મૂકીને, નજીક આવ તને કાનમાં એક વાત કહું - એમ કહી કેશાબાએ માણકીને થોડી પાસે બોલાવી કહ્યું, "જો માણકી, તું સ્ત્રી જાતિ છે ને હુંય સ્ત્રી જાતિ છું. તું શ્રીજીની ભક્ત છે તેમ હું પણ તેમની ભક્ત છું. માટે તું તો મારી બહેન કહેવાય. અને તેથી બહેન તરીકે તારે મને મદદ કરવી જોઈએ. મારે આપણા નાથ શ્રીહરિને થાળ જમાડીને મોકલવા છે. મારો મનોરથ પૂરો કરવાની તેઓ હા ન પાડે ત્યાં સુધી તું હોંકારો ભણીશ નહિ. આમ કહી કેશાબાએ માણકીને અશ્વશાળામાંથી મુક્ત કરી એક અલાયદા ઓરડામાં બાંધી - લીલી ચાર નાંખી."

આ બાજુ શ્રીજી મહારાજે મૂળજી બ્રહ્મચારીને કહી દીધું કે એમનો થાળ કરવાનો નથી. પોતે બીજે જમવાના છે. વળી મહારાજે સૌને તૈયાર થઈ જવા કહ્યું. નાજા જોગિયાને આજ્ઞા કરી કે "અમારી માણકી ઘોડીને તૈયાર કરી જલદી લાવો."

નાજા જોગિયા અશ્વશાળામાં ગયા. જ્યાં માણકી બાંધી હતી ત્યાં નજર કરી તો માણકીને જોઈ નહિ. એમના હૈયામાં

(અનુસંધાન પાના નં. ૧૯ ઉપર)

# સત્સંગ બાલવાટિકા

સંપાદક : શાસ્ત્રી હરિકેશવદાસજી (ગાંધીનગર)

## દાદા દુઃખી કેમ ?

- શાસ્ત્રી હરિપ્રિયદાસજી (ગાંધીનગર)

એક વડીલ ઘરમાં બહુ દુઃખી હતા. કારણ કે દરેક ઘરમાં દીકરાની વહુઓ બધી સરખા સ્વભાવની નથી હોતી. કોઈ એવી હોય થાળીમાં આદરથી રોટલો મૂકે, કોઈ શિરો કરી જમાડે, કોઈ પછાડીને મૂકે તો ખાઈ લો. આ વડીલ દુઃખી હતાં, દાંત હલી ગયેલા. રોટલો ચવાય નહિ. રોટલો ટાઢોયે આવે, કેવોય આવે શું થાય, જે આવે તે. એકલો વૃદ્ધાવસ્થાને ઘરમાં દીકરાની પત્નીઓના હાથમાં જીવવાનું.

કોઈ સાધુપુરુષોને ખબર પડી. વડીલ દુઃખી છે. સાધુના હૃદય બહુ પોચા હોય છે. સંતોએ આ વડીલની દશા જોઈ અને દયા આવી ગઈ. ચાલો, અમારા આશ્રમ મોટા છે. સભા મંડપમાં બેઠા બેઠા માળા ફેરવ્યા કરજો અને સભા મંડપના પાછલા ભાગમાં રસોડું છે. ત્યાં ઠાકોરજીનો પ્રસાદ આરોગ્યા કરજો. વડીલ આશ્રમમાં આવ્યા અને એમને તો બહુ આનંદ આવ્યો. મજા પડી ગઈ. પેલા રોટલા તો દેખાતા જ બંધ થઈ ગયા. અને રોજ પોચાપોચા જાતજાતના ગોળા આવે, મોઢામાં મૂકતાં જ ઓગળી જાય, ચાવવાનીય જરૂર ન પડે. એવો એવો મહાપ્રસાદ મળવા માંડ્યો, અઠવાડીયું થયું ને આ દાદા સ્વામીજી પાસે આવ્યા અને બોલ્યા. હવે રજા આપો તો ઘેર જાઉં. અરે દાદા તારે ઘેર તો પેલો રોટલો દાંત ભાંગી નાંખે એવો તૈયાર છે, અપમાન તૈયાર છે. આ આશ્રમમાં તમને શું ખોટ છે ? તમને કોઈ વઢ્યું ? ના, કોઈ વઢ્યું નથી. કોઈએ કંઈ કહ્યું કે તમે કેમ પડી રહ્યા છે અહિ. ના કોઈ કંઈ બોલ્યું નથી તો અહિ રોં ને ભજન કરો, ખાઓ પીઓ. સ્વામીજી સાચું કહું. હા બોલો. મારા છોકરા ના છોકરા ઘેર ખરાને. એ દાદા, દાદા, દાદા કહે એ સાંભરે છે. બહુ યાદ આવે છે. અહિં કોઈ મને દાદા કહેતું નથી. એટલે સાવ સુનું લાગે છે. સંતોએ વ્યવસ્થા કરી આશ્રમમાં રહેતાં નાના બાળકોને કહી દીધું. આ વડીલ છે ને એને દાદા કહેજો બધા સવારે પ્રાર્થના પછી નીકળે એટલે દાદા જય સ્વામિનારાયણ, દાદા જય સ્વામિનારાયણ કહેતા જાય. દાદાએ બે દાડા તો ખેંચ્યા પછી સ્વામીજી ને કે છે રજા આપો તે બપોરની બસમાં જાઉં, પણ હવે તો તમને આ બધા પચ્ચીસ-પચ્ચાસ છોકરા દાદા કે છે હવે શું વાંધો છે ? સ્વામી સાચું કહું. શું છે બોલોને ! ઘેર નાનાં છોકરાઓ છે એ દાદા કે છે ને એમાં સ્વાદ આવે છે ને એ આ પચ્ચાસ છોકરા દાદા કહે છે એમાં એવો સ્વાદ આવતો નથી. અને એ દાદા પાછા ઘેર ઉપડી ગયા.

મિત્રો ! માટે જ સંતો, શાસ્ત્રો જીવને સમજાવ્યા કરે છે કે સુખી થવું હોય તો વૃદ્ધાવસ્થા આવે ત્યારે અનાશકત થાઓ સમજીને બધું છોડવાની પ્રેક્ટીસ કરો તો સારુ. નહિં તો નિષ્કુળાનંદ સ્વામી કહે છે કે "સમજી મૂકો તો સારું ઘણું, જરૂર મુકાવશે જમજી." પરમાત્માનું સાચું સુખ જોઈતું હોય, સાચો આસ્વાદ માણવો હોય તો જરા વિચાર કરવો પડે. મહામોંઘો આ માનવ દેહ ભગવાને કૃપા કરીને આપ્યો છે તો જગતના સ્વાદને જીતીને ભક્તિ-સત્સંગ કરી આત્મશ્રેય સાધી લેવું જોઈએ, કારણ કે વૃદ્ધાવસ્થા એ અનાશક્તિ કેળવવાનો પિરીયડ છે.

●

## શિયાળના દુઃખનું કારણ ?

- સાધુ શ્રીરંગદાસ (ગાંધીનગર)

એક જંગલ હતું. જંગલ ખૂબ જ મોટું હતું. મહાભયંકર, આવા મહા ભયંકર જંગલમાં તો કોઈ મનુષ્ય જઈ પણ ન શકે. ત્યારે આપણા ભગવાન નીલકંઠવર્ણી સ્વરૂપે જ્યારે વનવિચરણ કરતા ત્યારે આવા મહા વનમાં પણ રોકાઈ તપ કરતા. જંગલમાં તો સર્પ, વીંછી જેવા ઝેરી જનાવરથી લઈ હાથી, અરણાપાડા, ગેંડા, હિપોપોટોમસ, વાઘ, વરુ, દિપડા, સિંહને શિયાળ જેવા જંગલી પ્રાણીઓ જોવા મળે. એક પણ સામે મળે તો મોતીયા મરી જાય. પણ ક્યાંઈ આવા પ્રાણીઓમાંથી બોધ મળી જતો હોય છે.

આ બધા પ્રાણીઓ પોતપોતાની રીતે જંગલમાં ફરે, ખાય, પીએ આનંદ કરે. એમાં એક દિવસ સવારનો સમય હતો. સૂર્ય ધીમે ધીમે આકાશમાં ઉપર આવી રહ્યો હતો. સહુ પશુ-પક્ષીઓ પોતપોતાના ચારાની શોધમાં ફરવા લાગ્યાં. એમાં એક શિયાળ પણ લટાર મારવા નીકળેલું. ત્યાં એકદમ એની નજર પોતાના લાંબાલાંબા પડછાયા ઉપર પડી. એ જોઈને મનમાં ને મનમાં મલકાવા માંડ્યું કે આહા આપણે તો બહુ મોટા છીએ. એક છલાંગ મારું તો આ પહાડ પણ કૂદી જઉં. ગમે તે સામે આવે તો પાડી દઉં. હું તો શક્તિશાળી છું. મારી લંબાઈ તો કેટલી વિશાળ છે ? આમ મનમાં ને મનમાં બડાઈ મારતું આંટા મારવા લાગ્યું.

થોડીવારમાં ત્યાંથી એક મોટો હાથી પસાર થયો. હાથીને જોઈને શિયાળને થયું કે હું કંઈ જેવું તેવું નથી. ધારું તો આ હાથીને હમણાં જ મારી નાખું. આમ વિચારીને હાથીને

મારવા માટે નજીકમાં જવા લાગ્યું. હાથી તો એના રસ્તે ચાલ્યો જતો હતો. ત્યાં આ શિયાળ વચ્ચે રસ્તામાં આવ્યું. હાથીએ જોયું કે આ ફોતરુ વળી, રસ્તામાં વચ્ચે ક્યાં આડું આવે છે. ક્યાંક પગ નીચે આવી જશે તો નાહકના ભૂક્કા બોલી જશે. એટલે સૂંઢમાં પકડીને દૂર ઘા કર્યો તો શિયાળનાં હાડકાં ભાંગી ગયા. અઢાર જગ્યાએ ફેકચર થઈ ગયું. ઉભા થવાના પણ હોંશ ન રહ્યાં. ત્યારે એણે નીચે જોયું તો લાંબો પડછાયો ગાયબ થઈ ગયેલો. બપોરનો સમય થયેલો. તેથી પોતાના નાનકડા શરીર જેવડો જ પડછાયો દેખાયો. ત્યારે તેને ભાન થયું કે હું કેટલામાં છું.

આ વાત પરથી એમ સમજવાનું કે પોતાની શક્તિનો વિચાર કર્યા વગર જાતજાતના મનસુબા ઘડીને લાંબી લાંબી અપેક્ષાઓ સેવનાર સદાય દુઃખી થાય છે. માટે જ આપણા ઈષ્ટદેવ સ્વામિનારાયણ ભગવાને શિક્ષાપત્રીમાં કહ્યું છે કે પોતાની શક્તિની મર્યાદાનો વિચાર કરીને જ દરેક કાર્ય કરવા જોઈએ. અપેક્ષાઓને પૂરી કરવા માટે શક્તિ ઉપરાંત ખર્ચ કરે, બળવાન સાથે બાથ ભિડાવે, કોઈ પણ અવિચારી કામ કરે તો તેને શિયાળની જેમજ દુઃખી થવું પડે.

## સત્સંગ સુરભિ (અનુસંધાન પાના નં.૧૭નું ચાલું)

ફાળ પડી ! માણકી ગાયબ ? આખી અશ્વશાળામાં ફરી વળ્યા, પણ ક્યાંય માણકી જોઈ નહિ. શ્રીજી મહારાજ પાસે આવી ધબકતા હૈયે ફરિયાદ કરી, ''મહારાજ, માણકીનો પત્તો નથી. બધે તપાસ કરી, લાગે છે કે રાતે કોઈ......''

એમને વચમાં જ અટકાવીને મહારાજે કહ્યું, ''બ્રહ્મચારીને પણ ખબર છે કે અમારી માણકી અમને મૂકીને ક્યાંય જાય નહિ. આટલા માં જ હોવી જોઈએ. અમને સંપૂર્ણ વફાદાર રહેનારી માણકી આવું સાહસ ક્યાંથી કરે ? જુઓ હમણાં જ અમે ખોંખારો ખાઈને એને બોલાવીશું કે તરત જ હણહણાટ કરીને હોંકારો કરતી અમારી પાસે આવી જશે.''

મહારાજે થોડે દૂર જઈ હંમેશાંની જેમ ખોંખારો ખાધો અને પોતાની વિશિષ્ટ ઢબથી માણકીને બોલાવી પણ માણકી આવી નહિ, હમણાં આવશે, હમણાં આવશે એમ કહી ત્રણ વાર બોલાવી પણ માણકીએ સાવ નજીક હોવા છતાં જરા સરખો અવાજ સુધ્ધાં કર્યો નહિ.

સર્વે આશ્ચર્યોને સમજનાર શ્રીજી મહારાજને આ વખતે ખરેખર સ્થૂળ રીતે આશ્ચર્ય થયું. છેવટે શ્રીજી મહારાજ બધે તપાસ કરતાં કરતાં જે ઓરડામાં માણકી ઊભી હતી ત્યાં આવી ઊભા રહ્યા અને બોલ્યા કે આ ઓરડામાં કોણ છે ?

કેશાબા તરત જ બોલ્યા કે, ''મહારાજ, એમાં તો મારી એક બહેનપણી રહે છે અને તે ધ્યાન ધરે છે. એ ઓરડો હમણાં ઉઘાડાય તેમ નથી ! મારી બહેનપણી પણ મારા સંગે ધ્યાન વગેરે શીખી ગઈ છે. અને સાચે જ માણકી અંદરના એક ખૂણે અંતઃકરણમાં શ્રીહરિની રૂપછબીનું જાણે ધ્યાન કરી ઊભી હતી.''

શ્રીજી મહારાજ હસ્યા અને બોલ્યા, ''કેશાબા, અમારી માણકી ઘોડી તમારે ત્યાંથી ખોવાઈ છે એટલે એના જવાબદાર તમે જ છો. તમારે એ શોધી આપવાની છે.''

''ભલે, માણકીને હું શોધી આપું તો તમે શું ઈનામ આપશો ?'' ''ઈનામ? અરે કેશાબા, શોધી તો આપો પછી તમે જે માંગો તે ઈનામ.''

''મહારાજ, અમને તો તમે સાક્ષાત્ મળ્યા છો પછી અમારે બીજું શું જોઈએ ? આપ થાળ જમીને પધારો તો હમણાં જ માણકીને ગોતી આપું !''

શ્રીહરિ બોલ્યા, ''જાવ, શરત મંજૂર છે !''

''આવો મહારાજ, ભલું થયું આપે હા પાડી તેથી .આ સામેના ઓરડામાં મારી બહેનપણી જે ધ્યાન ધરી રહી છે તે આપના સિવાય બીજા કોઈનું ધ્યાન ધરતી નથી એટલે એની મનોકામના પૂરી કરવા આપ ત્યાં પધારો અને એના મસ્તકે હાથ મૂકો.'' એમ કહી કેશાબા શ્રીજી મહારાજને પેલા બંધ ઓરડા પાસે લઈ ગયાં.

કેશાબાએ ઓરડો ખોલ્યો અને બોલ્યાં, 'જુઓ મહારાજ આ રહી અમારી બહેનપણી. આ માણકી મારી બહેનપણી છે.'

કેશાબા તથા માણકી ઘોડી વચ્ચેની આવી અદ્‌ભુત મિત્રતા જોઈ મહારાજ ખૂબ રાજી થયા. મહારાજે માણકી ઘોડીના મસ્તકે હેતાળ હાથ મૂક્યો ને તરત જ તેણે હણહણાટ કર્યો. શ્રીજી મહારાજ કેશાબાની આવી પ્રેમલક્ષણા ભક્તિ જોઈને અત્યંત રાજી થયા.

''લાવો કેશાબા, તમારો શીરા પૂરીનો થાળ. અમે જમીને પછી જ જઈશું !'' કેશાબાએ અર્પણ કરેલો થાળ શ્રીહરિ જમ્યા અને વ્યજંનોની પ્રશંસા કરી. મહારાજ મુખવાસ લઈ રહ્યા હતા ત્યારે કેશાબા શ્રીજીની સલુણી મૂર્તિને અનિમિષ નયને નિહાળતાં થકા પંખો વીંઝી રહ્યાં હતાં. ન હતી ગરમી કે ન હતી માંખો છતાં મહારાજ કાંઈ બોલ્યા નહિ.

કેશાબાના વીંઝાતા ભાવને ઝીલી રહ્યા. થાળ જમી મહારાજ તથા સખાઓ વિદાય થયા.

કેશાબા ડેલીએ ઊભાં ઊભાં માણકીના અસવારને એકીટશે જોતાં રહ્યાં. એ સોનેરી મોળિયું દેખાતું બંધ થયું ત્યાં સુધી બસ જોતાં જ રહ્યા. માણકીની મિત્રતાને પણ મનોમન વંદી રહ્યાં.

## ધર્મનો મહિમા

સાંખ્યયોગી કુંદનબા ગુરુ કંચનબા (મેડા)

હે વહાલા ભક્તો ! ધર્મ રહિત જે કર્મ હોય તે કરવાથી મોટો ફાયદો હોય તો પણ તે કર્મ મારા આશ્રિતોએ ક્યારેય પણ ન કરવું. જેમ ગટરના પાણીને લઈને સ્નાન કરતા નથી કે પીતા પણ નથી. તેનો તત્કાલ ત્યાગ કરીએ છીએ. ધર્મ વિનાના કર્મથી ધન મળતું હોય અને અન્ય ફાયદા થતા હોય તો પણ તત્કાળ તેનો ત્યાગ કરવો. જે લોકો એટલો જ સંકલ્પ કરે કે - હવે પછી હું ધર્મ પાળીશ અને તેજ સમયે તેની આયુષ્ય પૂરી થઈ જવાથી તેમનું મૃત્યુ થાય તો પણ તે સ્વર્ગ સુખને પામે છે. તો પછી જે લોકો ધર્મનું પાલન કરે છે તેને મહાસુખ મળે તેમાં શું શંકા કરવાની અર્થાત્ મળે જ. જ્યારે શરીરનો નાશ થાય ત્યારે તમામ ધન-સંપત્તિ અહીંયા જ પડી રહે છે. પરંતુ ધર્મનું પાલન કર્યું હોય તો તે ધર્મ જીવાત્માની સાથે પરલોકમાં જાય છે. અને ધર્મ પાળનારને સુખ પ્રાપ્તિ કરાવે છે. માટે મારા સર્વ આશ્રિતોએ સ્ત્રી સંગની ઈચ્છાથી કે ધનની ઈચ્છાથી કે પછી કોઈપણ પદાર્થની ઈચ્છાથી ધર્મનો ત્યાગ કરવો નહિ. મનુષ્યોનું જીવન તણખલાના અગ્રભાગ ઉપર રહેલા જલના બિંદુ સમાન અસ્થિર છે. માટે ધર્મ પાળવામાં વિલંબ ન કરવો. અર્થાત્ પાંદડા ઉપર રહેલ પાણીનું ટીપું ક્યારે નીચે પડી જાય તેનું નક્કી નથી. તેમ આપણું આયુષ્ય ક્યારે પુરું થઈ જાય તેનું પણ નક્કી નથી. એમ માનીને ધર્મનું પાલન કરવું. ધર્મ પાળતાં પાળતાં કદાચ ભિક્ષા માગવાનો પ્રસંગ આવે તો પણ ભીખ માગીને પણ પોતાને હું ધનવાન છું. એમ માનવું. કારણ કે ધર્મ છે એજ સાચું ધન છે. એમ મહાપુરુષોએ પણ કહ્યું છે તેઓ ધર્મને જ સાચું ધન માને છે.

હે ભક્તો ! આ સંસારમાં સર્વે મનુષ્યો અનાદિકાળથી નિરંતર સુખ, શાંતિ અને પ્રતિષ્ઠા પ્રાપ્ત કરવા માટે વિવિધ પ્રયાસો કરે છે. પરંતુ જીવનમાં ઉપયોગી સમગ્ર સુખનાં સાધનો પ્રાપ્ત થવા છતાં પણ આત્મશાંતિ મળતી નથી. કારણ કે સુખનું મૂળ સાંસારિક વસ્તુઓ નથી. સુંદર અને સુખકર દેખાતા માયિક પદાર્થો ક્ષણિક સુખ ભલે આપે પરંતુ ક્ષણક્ષણમાં પરિવર્તનશીલ એ પદાર્થો આપણને વાસ્તવિક સુખ શાંતિ અને આત્મસંતોષ કદાપી નથી આપી શકતા. અનેક પ્રકારની વાસનાઓથી ઘેરાયેલું મનુષ્યનું મન, અવિરામગતિથી આસક્તિપૂર્વક વિવિધ વિષયોમાં લુબ્ધ બની સદા અશાંતિ અનુભવે છે તેથી અશાંતિ અવસ્થામાં આધ્યાત્મિક તત્વોનો વિચાર અને આત્મવલોકન બની આલોક અને પરલોકમાં સદા દુઃખ ભોગવે છે. માટે શાશ્વત સુખ ખોળનાર વિચારવા જીજ્ઞાસુ પુરુષોએ નશ્વર અને દુઃખ

# ભક્તિસુધા

મિશ્રિત એવા સાંસારિક સુખમાંથી પ્રતિદિન આસક્તિ ઓછી કરી આત્મોન્નતિકારક એવા ધર્મનું પાલન કરવું જોઈએ. તોજ શાશ્વત સુખની પ્રાપ્તિ થાય છે. અન્યથા નહિ. જેમ બ્રેક વિનાની કિંમતી ગાડી વહેલી મોડી અથડાઈને વિનાશ પામે છે. તેમ ધર્મ હિન લોકો અંતે દુઃખી જ થાય છે. હે ભક્તો ! ધર્મ છે તે બ્રેકની જેમ અવળે માર્ગે જતા મનુષ્યને અટકાવી સદ્‌વિચારથી સન્માર્ગ પર લઈ જાય છે.

શિક્ષાપત્રીમાં પણ સ્વામિનારાયણ ભગવાન કહે છે કે શ્રીકૃષ્ણ ભગવાનની જે ભક્તિ તે ધર્મે રહિત એવી કોઈ પ્રકારે ન કરવી. જે ધર્મને છોડતા નથી. તેમને પરમાત્મા કદી પણ છોડતા નથી. આ શરીર રૂપી વૃક્ષનું મૂળ ધર્મ છે. વિવેક તેના ફૂલ છે. રામ-રમાદિક તેના સુંદર પાત્રો છે. ભક્તિ તેની છાયા છે અને મુક્તિ તેનું ફળ છે. માટે ધર્મરુપી મૂળ હશે તોજ મુક્તિરુપ ફળની પ્રાપ્તિ થશે.

શ્રીજી મહારાજે ગઢડા મધ્યના (૩૫) માં વચનામૃતમાં કહ્યું છે કે ભગવાનની મૂર્તિનો આશ્રય હોય ને જો ભગવાનના ચરિત્રોને ગાતો સાંભળતો હોય ને ભગવાનનું નામસ્મરણ કરતો હોય ને જો તેમા ધર્મ ન હોય તો તે માથે પાણો લઈને સમુદ્રને તરવા ઈચ્છે એવો જાણવો ને તેને ચાંડાળ જેવો જાણવો. તેમજ મધ્યના (૪૭) માં વચનામૃતમાં પણ કહ્યું છે કે - ભગવાનનાં અવતાર તો પોતાના એકાંતિક ભક્તના જે ધર્મ તેને પ્રવતાવવાને અર્થે થાય છે અને વળી જે એકાંતિક ભક્ત છે તેને દેહે કરીને મરવું એ મરણ નથી એને તો એકાંતિકનાં ધર્મમાંથી પડી જવાય એજ મરણ છે. જે લોકો જ્ઞાનના અભિમાનમાં ધર્મનો ત્યાગ કરે છે તેનું પતન થાય છે. ધર્મ વિનાની ભક્તિ પરમાત્માને ગમતી નથી જે લોકો ધર્મ પાળતાં નથી તે લોકોનું જીવન "બકરીના ગળામાં રહેલા આંચળની જેમ નકામું છે."

હે ભક્તો ! ક્ષમા, દયા, અનસૂયા, શૌચ, અનાયાસ, મંગળ, અકૃષણપણું અને નિઃસ્પૃહપણું. આ સર્વ સાધારણ ધર્મ માનેલા છે. તપ, પવિત્રતા, દયા અને સત્યઃ આ ચાર ધર્મનાં ચરણ છે. આ ચાર આપણા આચરણમાં હોય તો ધર્મની પૃષ્ટિ થાય છે અને ન હોય તો ધર્મ પાંગળો બની જાય છે.

હે ભક્તો ! ધર્મ નિષ્ઠા પ્રધાનપણે રાખવાનું શ્રીહરિજી

કહેતા, તેની નોંધ નિષ્કુળાનંદ સ્વામીએ "ભક્ત ચિંતામણિમાં" લીધી છે તે જોઈએ.

ધર્મ એને અમને બહું વહાલો, એમ કહે છે ધર્મનો લાલો.
ધર્મવાળા સાથે હેત મારે, એમ કહે વાલો વારે વારે.
ધર્મવાળા આપે અન્નજળ, બહુ સ્વાદુ લાગે એ સકળ.
ધર્મવાનનું ફળ દળ ફુલ, જે દિયે તે જાણું અમૂલ.

●

### સંત તે સ્વયં હરિ

- સાંખ્યયોગી મોંઘીબા (ધોળી-મૂળીદેશ)

હે વહાલા ભક્તો પૂર્ણ પુરુષોત્તમશ્રી સ્વામિનારાયણ ભગવાને કહ્યું જે સાચા સંતમાં હું રહું છું. તો સાચા સંત કોને કહેવાય જે દ્રવ્ય સંઘરે નહિ, દ્રવ્યને ધૂળ સમાન જાણે, સ્ત્રી માત્રને મા બહેન અને દીકરી સમાન જાણે અને તે બેયનો જીવમાં ઘાટ થતો ન હોય તો તેવા સંતને બે હાથવાળા પરમેશ્વર જાણવા. આવો પુરુષ હોય તે બ્રહ્મરૂપ થઈને મારી ઉપાસના કરતો હોય અને પંચ વર્તમાન દ્રઢપણે પાળતા હોય તેને સાચા સંત જાણવા.

ધન્ય ધન્ય તે સંત સુજાણને
જેનું ઉલટી પલટ્યુ આપ સંત તે સ્વયં હરિ.

ભક્તિ અને જ્ઞાનનું અવલંબન કરીને સ્ત્રી, ધન, રસાસ્વાદને ભોગવતા હોય તેનો સંગ ન કરવો. અને તેના મોઢાની કથા-વાર્તા ન સાંભળવી. સાચા સંતમાં અમે સાક્ષાત્ રહીએ છીએ. અમારે અનેક જીવોને સાચા સંત દ્વારા ઉદ્ધારવા છે. સાચા સંતમાં રહીને હું મુમુક્ષુને ઉપદેશ આપીશ.

"જેનાં મુખમાં મુખ મહારાજનું" જેના વેણમાં વાલાના વેણ સંત તે સ્વંય હરિ. ધર્મ જ્ઞાન અને વૈરાગ્યે સહિત મારી ભક્તિવાળા પરમએકાંતિક સંતમાં હું સાક્ષાત્ રહું છું. તેમના ભેગો રહી હું બોલું છું. વાત કરું છું. જમું છું. તેમની સાથે સૂઈ જાઉ છું. તેમના નેત્ર દ્વારા હું જોઉ છું. આવા સંત જ્યાં જ્યાં મળતાં હું તેમની સાથે જાઉ છું. સાચા સંત દુઃખાય તો હું દુખાઉ છું.

"ધર્મ ભક્તિ વૈરાગ્યને જ્ઞાન જે"
તેને રહેવાનું સંત છે ઠામ સંત તે સ્વયં હરિ.

હે વહાલા બહેનો આ ધર્મકુળને આશ્રિત અને તેની આજ્ઞા ક્યારેય ન ઉથામે તેવા સંતમાં ભગવાન રહેલા છે. તેવા સંતનો સમાગમ કરવાથી એકાંતિક ભક્ત થઈ પરમ એકાંતિકની સ્થિતિ પ્રાપ્ત થાય છે. અને છતે દેહે જ સુખમાં રહેવાય છે.

●

### સુખસાગરને છોડી સુખ ન મળે

- સાંયો. કોમલબેન ગુરુ સાં.યો. જયશ્રીબેન

શ્રીજી મહારાજ ગઢપુરથી વડતાલ મંદિરનું ચાલતું કામ જોવા જતાં એક વખત રસ્તામાં પીપળાવ રાત રહીને સવારે ચાલવા તૈયાર થયા. તે સમે મનોરભાઈ નામે પાટીદારે મહારાજને તાણ કરી કે "મહારાજ ! સહુ કાઠી સ્વારો અને આપ, છાશું પીતા જાવ" ત્યારે મહારાજ કહે કે, "અમારે તો વડતાલ જઈને થાળ જમવો છે". ત્યારે કાઠી સ્વારોએ એમ જાણ્યું જે વડતાલે પુગતાં બહુ મોડું થાશે, તેથી આપણે મહારાજને જવા દઈએ અને પછવાડેથી આપણે છાશું પીને પહોંચી જાશું. એમ કહીને તેઓ રોકાણા, અને મહારાજ ચાલતા થયા. તે પછી પાટીદારની સાથે કાઠીઓ છાશું પીવા ગયા. પાટીદારે ત્રણ ચાર દિવસની ખાટી છાશ અને ચણાનો સૂકો અરધો અરધો રોટલો બધાયને આપ્યો, તે કાઠીઓએ સુકલ રોટલાનું એક બટકું લઈ છાશનો ઘૂંટડો ભર્યો, ત્યાં તો માથામાં કોઈ ઝાટકો મારે એવું વસમું લાગ્યું. રોટલો સુકલ હોવાથી કરડ કરડ બોલે પછી યુક્તિ કરી રોટલો કૂતરાને નાખી દઈ ઘોડે સ્વાર થઈ સહુ વડતાલ આવી પહોંચ્યા. ઘોડાઓ બાંધી આવી મંદિર પાછળ શ્રીજી મહારાજ સભા કરીને બેઠા હતા ત્યાં દાદો ખાચર, સુરો ખાચર, સોમલોખાચર, મોકો ખાચર, અલૈયો ખાચર વગેરે કાઠીઓ આવીને શ્રીજી મહારાજના દર્શન કરીને સભામાં બેઠા. તે સહુને જોઈને મહારાજે બ્રહ્માનંદ સ્વામીને કહ્યું, જે આ કાઠીઓ માટે જમવાની કાંઈ ઉતાવળ કરશો નહિ. કારણ કે તેઓ છાશ પીને આવ્યા છે. તે સાંભળી સુરાખાચરે વિચાર કર્યો કે હવે આપણને મોડું જમવા મળશે તેથી કંઈ કળા કરીએ તો વહેલું જમવા મળે, એમ વિચારીને પોતાના માથેથી મોળીયું (પાઘડી) ઉતારીને સોમલા ખાચર આગળ માથું નીચું કરીને કહે કે 'એ ભણે સોમલા ! મોહે માથું જોને, ગધીનો વાળ છે કે ગરૂન ગયો છે ! ત્યારે સોમલા ખાચરે પણ માથેથી મોળીયું ઉતારીને સુરાખાચર આગળ માથું નીચું કરીને કહે કે, "ભણે સુરા ! જોને મોહે માથા પર મોવાળો છે કે ગરૂન ગયો છે ? એવી રીતે બધા કાઠીઓ માથેથી મોળીયા ઉતારી ઉતારીને એક બીજાના આગળ માથા નીચા કરીને પરસ્પર કહેવા લાગ્યા કે "ભણે તોલા માથા ઉપર મોવાળો થોડોક રીયો છે, ને બીજા બધા મુંવાળા ગરૂન ગયા છે" સભામાં એવું ટીખળ થતુ જોઇને મહારાજ કહે કે સુરાખાચર આ શું છે ? આમ કેમ કરો છો ? ત્યારે સુરાખાચર કહે કે ! "ભણે મહારાજ ભગવાનને મેલીને અમે છાશો પીવા રોકાણા તો પટલે ત્રણ ચાર દિવસની ખાટી છાશ અને ચણાનો અરધો અરધો સુકલ રોટલો આપ્યો તે અમો ખાવા

બેઠા, તે સમે બાપુ ! એવો તે વસમો લાગ્યો કે જેમ કોઈ માથામાં તલવારનો ઝાટકો મારે તેવો વસમો લાગ્યો ને ગધીનો રોટલો "કડુક કડુક બોલે પછી અમે સહુ તે રોટલો કૂતરાને નાખી દઈને આવ્યા, ત્યાં તમે બ્રહ્માનંદ સ્વામીને રોટલો આપવાની ના પાડી તેથી અમો માથેથી મોળીયા ઉતારીને એક બીજાને માથા દેખાડીએ છીએ કે માથાના વાળ છે કે ખરી ગયા છે ? તે સાંભળી મહારાજ મોઢે રૂમાલ દઈને ઘણું હસતા હતા. પછી બ્રહ્માનંદ સ્વામીને કહે એ સહુને જમવા તેડી જાવ એટલે સ્વામી કહે કે ભગવાનને મુકીને જુદા રહે તેમના એવા હાલ થાય છે. એટલા સારૂ પ્રેમાનંદ સ્વામીએ કીર્તનમાં કહ્યું છે કે "વ્હાલા એ રસના ચાખણહાર કે છાશ તે નવ પીવે રે લોલ." એમ કહી સ્વામી કહે કે બીજા સુખ તો ખાટી છાશ જેવા જ છે. એમ સભામાં રમૂજ થઈ પછી કાઠીઓને સ્વામી જમવા તેડી ગયા.

●

## કુંડળના રાઈબાઈ

- તરલાબેન અતુલભાઈ પોથીવાલા (ન્યુજર્શી-અમેરિકા)

કુંડળ ગામનાં રાઈબાઈ શ્રીજી મહારાજમાં અપાર સ્નેહ ધરાવતાં. મહારાજે જ્યારે ઘર ત્યજ્યું અને નીલકંઠવર્ણી સ્વરૂપે સાત વરસ વનવિચરણ કર્યું અને જે જે લીલાઓ કરી તે સર્વેને રાઈબાઈ પ્રત્યક્ષ દેખતાં હતાં ! અંતરમાં રાત-દિવસ શ્રીહરિનું જ સ્મરણ રહેતું. એમને બે દીકરાઓ-મામૈયો પટગર અને હાથિયો પગટર હતાં. પરંતુ દેહના સંબંધી એવા દીકરાઓ કરતાં મહારાજની વાત અને મહારાજનું વચન જ સર્વાધિક ગણતાં.

એક દિવસ શ્રીજી મહારાજે સૌ કાઠીઓને કહ્યું કે તમે બધે ધાડ પાડવા જજો પણ આત્માનંદ સ્વામીના ગામ-આંસોદરમાં જશો નહિ કેમ કે ત્યાં તમે જીતશો નહિ. શ્રીહરિની વાત ઉથામીને એક દિવસ બધા કાઠીઓ આંસોદર ગામ ભાંગવા ગયા. તેમાં તેઓ હાર્યા અને એ ધીંગાણામાં રાઈબાનો દીકરો હાથિયો પટગર હતો તે મૃત્યુ પામ્યો.

શ્રીજી મહારાજે રાઈબાઈને દર્શન આપીને સમાચાર આપ્યાં કે "તમારો હાથિયો મરાણો છે અને તેને ધામમાં તેડી ગયા છીએ. કાલે સવારે ઘોડી અહીં આવશે." બીજે દિવસે સવારમાં ગામ આંસોદરથી ઘોડી કુંડળ આવી અને રાઈબાઈનાં ઘર આગળ ઊભી રહી. રાઈબાઈએ ઊઠીને ઘોડીનાં વધામણાં લીધાં અને ઘોડીને કહ્યું, "ભલે પંખાળી તું આવી ! તું તારા હાથિયાને અક્ષરધામમાં મેલીને આવી ને?" તે વખતે ગામ નસીતપરમાં તેમના ભાઈ માંચો ખાચર કરીને હતા તે કાણે આવેલાં. રાઈબાઈએ ભાઈને સાંત્વન આપતાં કહ્યું, "ભાઈ શા માટે રુવો છો ? હાથિયો તો ભગવાનનાં ધામમાં ગયો છે."

શ્રીજી મહારાજે ભાદરેથી પત્ર લખ્યો હતો જે સૌ હરિજનો ભગવાં વસ્ત્ર પહેરીને કાશીની યાત્રાએ જજો - "તે પ્રમાણે તે સંત ભેગા મામૈયો પટગર પણ હતા. તે સૌ મળીને જેતલપુર ગયા ત્યાં રામદાસભાઈને મળ્યા. પછી રામદાસભાઈએ સૌને આગ્રહ કર્યો કે તમે સૌ મળીને પાછા ભૂજ જાઓ. પછી ભૂજને રસ્તે જતાં મામૈયો પટગર પાછા વળીને ઘેર આવ્યા અને ગામને પાદર આવીને કોઈક માણસ પાસે કહેવડાવ્યું જે "રાઈને કહો કે મામૈયો આવ્યો છે" તે માણસે જઈને રાઈબાઈને કહ્યું કે "તમારો દીકરો મામૈયો ગામન પાદર આવેલ છે."

રાઈબાઈ તરત જ તાડૂક્યા અને કહ્યું કે, "પહેલાં તું મારા મામૈયાને પૂછજે કે મહારાજની રજા લઈને આવ્યો છે કે રજા વગર આવ્યો છે ?" જો રજા લઈને આવ્યો હોય તો ઘરમાં આવજે અને રજા વગર આવ્યો હોય તો તારું મારે કામ નથી. રાઈબાઈએ જાણ્યું કે મામૈયો વગર રજાએ આવ્યો છે અને મહારાજની આજ્ઞા લોપી છે ત્યારે તેમણે પોતાના બીજા પુત્ર હાથિયાને કહ્યું કે, "ચાલ હાથિયા ! ઢાલ-તલવાર બાંધ અને હું લઉં છું સાંબેલુ. મામૈયો જો અહીં આવશે તો મારો દરબાર બગાડશે !" પછી માતાની ખૂમારી થી ગભરાઈને મામૈયો ભાગીને તૂરખાં ગામમાં છ મહિના રહેલો. છેવટે મહારાજે મુક્તાનંદ સ્વામીને કુંડળ ગામમાં રાઈબાઈને સમજાવવાં મોકલ્યા તેથી રાઈબાઈ સમજ્યાં અને જાણ્યું જે મહારાજે મામૈયાને માફ કરી દીધો છે પછી તેને કુંડળ આવવા દીધો !

શ્રીહરિ કારિયાણીમાં વસ્તા ખાચરને ત્યાં પાંચ દિવસ રહ્યાં છે અને સંતો કુંડળ આવ્યા છે. એમ ખબર આવતાં રાઈબાઈ દોડતાં સંતોને બોલાવવા ગયા. સંતોને મળીને આનંદ પામ્યા. પરંતુ મહારાજે સંતોને ખટરસનાં વર્તમાન ધરાવેલ હોવાથી સંતોના શરીર ખૂબ કૃશ થયાં હતાં. રાઈબાઈ અત્યંત દુઃખી થયાં. મહારાજ જ્યારે કારિયાણીથી કુંડળ આવ્યાં ત્યારે રાઈબાઈએ શ્રીહરિને હાથ જોડી કહ્યું કે, "તમે સંતોને બહુ દુઃખ આપ્યું છે. તમારે નિયમ ધરાવવા હોય તો ધ્યાન અને નામસ્મરણનાં ધરાવવા. સંતને માટે તો ઈન્દ્ર વૃષ્ટિ કરે છે. સંતની પાછળ તો મનુષ્યો અને પશુઓ આનંદ કરે છે. તમે જેમ સંતોને વર્તાવો છે તેમ જનોને ફળ પ્રાપ્ત થાય છે. સંતને ઘી જમાડો તો ઈન્દ્ર વૃષ્ટિ કરે છે. તમે સંતને જમાડો છતાં ઈન્દ્ર જો વરસે નહિ તો તેના જામીન અમે છીએ." રાઈબાઈની આ વાત સાંભળી શ્રીજી મહારાજે મુક્તાનંદ સ્વામી તથા બીજા સંતોને કહ્યું કે, "આજથી ખટરસનાં વર્તમાન બંધ. તમે બધા હવે જમો. નહિ જમો તો અમે જમાડીશું. અમારી મરજી પ્રમાણે તમારે વર્તવું."

તે પછી સૌ સંતોએ મહારાજની આજ્ઞા પ્રમાણે ભોજન લીધું. થોડાક વખતમાં વરસાદ શરૂ થયો. સંતોને જમતાં જોઈને આજે મેઘ પણ ઘેલો બની જાણે નાચી ઊઠ્યો હતો!

●

### અમારી વાણી તે અમારું સ્વરૂપ છે

- ચંદ્રિકાબેન કનુભાઈ ભાવસાર (નાવાવાડજ)

કેવા અણમોલ મોતી જેવાં પ્રભુનાં આ બોલ ! અને એનો અક્ષરદેહ તેજ આપણી અમૂલ્ય શિક્ષાપત્રી. સત્સંગી એવા ગૃહસ્થ અને ત્યાગી જેમનું જીવન સહજ સહજ રીતે સુખમય, પ્રભુમય વીતે અને તેવો આનંદ કરાવે તેવા આપણા સહજાનંદ સ્વામી ! જાણે નામમાં જ સાર્થકતા સમાઈ ગઈ છે. શિક્ષાપત્રી એટલે જાણે બિંદુમાં સિંધુ ! જાણે ગાગરમાં સાગર!

આજથી આશરે એકસો પંચ્યાસી વર્ષ પહેલાં ભગવાનનાં મુખે બોલાયેલી અને લખાયેલી આ બોધ શિક્ષાપત્રી એક માત્ર અનન્ય, અમૂલ્ય અને અજોડ પત્રિકા છે. જગતના ઈતિહાસમાં એનો જોટો જડવો મુશ્કેલ છે. કારણ કે સ્વયં ભગવાનના હસ્તે આ પુસ્તિકા લખાયેલી છે.

વર્તમાન સમયના આ ઘોર હળાહળ કળિકાળમાં અને કાળઝાળ થતી વિષમ મોંઘવારીમાં આ શિક્ષાપત્રી સત્સંગીને માટે - ખાસ કરી ગૃહસ્થ સંત્સંગીને માટે દીવાદાંડીરૂપ, માર્ગદર્શિકા છે. પ્રારંભમાં જ ભગવાને ઉલ્લેખ કર્યો છે કે "આત્મઘાત તો તીર્થને વિષે પણ ન કરવો, ક્રોધે કરીને ......... મૂંઝાઈને ......... કોઈ રીતે આત્મઘાત ન કરવો." ભગવાનનું કેવું દૂરંદેશીપણું દેખાઈ આવે છે. વર્તમાન પરિસ્થિતિમાં રોજબરોજના આવા આત્મઘાતી સમાચારોથી કશું યે લાગતું વળગતું ન હોય છતાં હૈયું અરેરાટીનો અનુભવ કરે છે, તો જેને લોહીનો નાતો છે તેવા પોતાના સંતાનોના આવા પગલાંથી તેના વડીલોની વ્યથાનો કોઈ પાર નહી રહેતો હોય. જ્યાં દીકરાને કાંધે ચડી અવલ મંઝીલે જવાનો બાપનો વારો હોય તેને ઠેકાણે બાપને દીકરાની કાંધ દેવી પડે ! કેવું વસમું અને કારમું કારુણ્ય ગણાય ! જે શિક્ષાપત્રીનું વાંચન, શ્રવણ ને મનન કરે છે તેવા સાચા અને શૂરા સત્સંગી આવા પારોઠનાં પગલાં કદી ન ભરે.

માટે જ ભગવાને ગૃહસ્થના સાંસારિક જીવનને સુખમય, પ્રભુમય બનાવવા તલસ્પર્શી રીતે શિક્ષાપત્રીમાં ઠેકઠેકાણે ઉલ્લેખ કર્યો છે કે જેથી આત્મઘાતી પગલાની નોબત જ ના આવે. અને આગ્રહ સેવ્યો છે કે "મનુષ્ય માત્રને મનવાંછિત ફળની દેનારી આ શિક્ષાપત્રીનો અમારા આશ્રિત સત્સંગીએ નિત્ય પ્રત્યે પાઠ કરવો..... જે ને વાંચતા ન આવડતું હોય તેણે પૂજા કરવી. આજે અમારી વાણી તે અમારું સ્વરૂપ છે." માટે જ આ શિક્ષાપત્રીનું મૂલ્ય કોટી સુવર્ણમુદ્રાથી પણ આંકી ન શકાય તેવું અમૂલ્ય છે.

●

### વચનમાં વળગી રહેવું

- સાં.યો. અલ્પાબેન ગુરુ શિલ્પાબેન (ગઢડા)

શ્રીજી મહારાજના વચન પ્રમાણે વર્તન કરવું તે ગાયને પ્રદક્ષિણા કરવા જેવું સુગમ છે. પોતાનું મન ધાર્યું કરવું તે પૃથ્વીને પ્રદક્ષિણા કરવા જેવું છે.

જે ગુણિયલ ગાયને ટોકરી બંધાય છે તે ગાય હંમેશાં આગળ ચાલી બીજી ગાયોને દોરતી હોય છે. તેમ મોટેરાને વર્તનમાં સર્વથી આગળ ચાલવાનું હોય, કેમ કે જે મોટેરાની સારપે સૌની સારપ છે. બ્રહ્માંડોના ઈશ્વરાદિક દેવતાઓ, સૂર્ય, ચંદ્ર, પવન, સમુદ્ર, તારાઓ વગેરેને પ્રભુએ જે સ્થાનમાં ને જે સેવા કાર્યમાં જોડ્યા છે ત્યાં વચનમાં વળગીને સેવા કરે છે તેથી જ તેમની મોટપ વધતી રહી છે. ક્યારેય પોતાની ફરજ કે સ્થાનમાં ફેરફાર કરતા નથી. શ્રીહરિને રાજી કરવા મંડ્યા છે.

જે ભક્ત શ્રીજી મહારાજના વચન, નિયમ કે સિદ્ધાંત પ્રમાણે વર્તે છે ત્યારે તેના જીવનમાં બહુ બળને દૈવત આવે છે. ને તેથી દેહ ઈન્દ્રિયોને અંતઃકરણ દબાય છે. તેથી અધર્મ સર્ગ પણ દબાય છે. તેથી મનુષ્ય પણ દબાય છે. તેનો મનુષ્યમાં ભાર પણ બહુ પડે છે. મહારાજનું વચન લોપે કે આજ્ઞા લોપે તો તેમાંથી દૈવત, ઐશ્વર્ય અને તેજ જતું રહે છે.

રઘુવીરજી મહારાજે એમ કહ્યું છે કે, શ્રીજી મહારાજે અમને મોટેરા કર્યા છે તે અમારે કાંઈ નવીન કરવું નથી મહારાજના વચનમાં રહેવું છે ને બીજા સર્વેને મહારાજના વચનમાં રાખવા છે. એ જ કરવું છે ને એ જ કરાવવું છે. એ વચન લોપીને ઉલ્લંધન કરીને કોઈ સુખિયો થયો નથી અને થાશે પણ નહિ. અને એમજો મહારાજના વચનથી બારું કાંઈ કરીએ તો એ વચન તમારે માનવું નહિ. મહારાજની આજ્ઞા મુજબ સૌએ માનવું જોશે. કેમ જે આપણે સર્વે શ્રીજી મહારાજને રાજી કરવાના છે ને એ વિના બીજો શ્રીજીને રાજી કરવાનો ઉપાય નથી.

ભગવાનને પામવા દેહ ધર્યો હોય તેને આ દેહે ભગવાનને ગમતા બહારનું બીજું આચરણ થાય નહિ. માટે નિયમ મોળા પડવા દેવા નહિ. નિયમ મોળા પડે તો નારદ ને પર્વતના જેવું થાય. વર્તમાન અણીશુદ્ધ રાખે તો જ ઠીક રહે નહિ તો ઝાંખું પડી જવાય. માટે વચનમાં ચલાય તેટલી જ બુદ્ધિ સમજવી. ગાફલ રહે તેને તો જરૂર દેશકાળ લાગી જાય. જીવતો બધ્ધ છે.

લાખ જન્મ તપ કરે તો પણ કલ્યાણ ન થાય તે આજ પંચ વર્તમાન પાળવામાં કલ્યાણ થઈ જાય છે. ગમે તેવા દેશકાળમાં પણ શ્રીહરિની આજ્ઞા લોપવી ન જોઈએ.

# સત્સંગ સમાચાર

**અમદાવાદ શ્રી સ્વામિનારાયણ મંદિરમાં અધિક વૈશાખ માસની ભવ્ય ઉજવણી**

શ્રીપુર મધ્યે શોભતા શ્રી સ્વામિનારાયણ મંદિરમાં શ્રી નરનારાયણદેવના અલૌકિક સાંનિધ્યમાં તથા શ્રી નરનારાયણદેવ પીઠાધિપતિ પ.પૂ.ધ.ધુ. આચાર્ય ૧૦૦૮ શ્રી કોશલેન્દ્રપ્રસાદજી મહારાજશ્રી, પ.પૂ. મોટા મહારાજશ્રી તથા ભાવિ આચાર્ય પ.પૂ. શ્રી વ્રજેન્દ્રપ્રસાદજી મહારાજશ્રીની આજ્ઞા આશીર્વાદથી અત્રે મંદિરમાં સ.ગુ. મહંત શાસ્ત્રી સ્વામી હરિકૃષ્ણદાસજીની પ્રેરણાથી તથા કોઠારી પાર્ષદ દિગંબર ભગતના માર્ગદર્શનથી કોઠારી જે.કે. સ્વામી, બળદેવ સ્વામી, સૂર્યપ્રકાશ સ્વામી (ભંડારી સ્વામી), યોગી સ્વામી, શા.મુનિ સ્વામી, શા. દિવ્યપ્રકાશ સ્વામી અને સંત પાર્ષદ મંડળ અને ઉત્સાહી શ્રધ્ધાળુ હરિભક્તોના અથાગ પ્રયાસથી આખો અધિક વૈશાખ સુદ-૧ તા. ૧૫-૪-૨૦૧૦ થી અધિક વૈશાખ વદ અમાસ તા. ૧૪-૫-૨૦૧૦ પર્યન્ત વરસમાં આવતા દરેક ઉત્સવોનું સુંદર અલૌકિક આબેહૂબ દર્શન કરાવવામાં આવ્યું હતું. જેમાં સમૂહ પૂજા પણ યોજવામાં આવી હતી. અમદાવાદ શહેર અને ગામો ગામથી હજારો હરિભક્તો આવા દિવ્યતમ અને ભાગ્યવંત દર્શનનો મહા લાભ લઈ જીવનને ધન્ય બનાવતા હતા. નીચે પ્રમાણે ઉત્સવો ઉજવાયેલા અને તેમાં હરિભક્તો એ યજમાનપદનો મહા લાભ લઈને ખૂબજ ધન્ય ભાગી અને કૃતકૃત્ય થયા હતા.

અધિક વૈશાખ સુદ-૧ ગુરૂવાર તા. ૧૫-૪-૨૦૧૦ ગ્વાલબાલ દર્શન યજમાનશ્રી : પ.ભ. રાજેશભાઈ મનસુખભાઈ પીઠવા

અધિક વૈશાખ સુદ-૨ શુક્રવાર તા. ૧૬-૪-૨૦૧૦ રથયાત્રા યજમાનશ્રી : પ.ભ. જયેન્દ્ર શાંતિલાલ ઠક્કર

અધિક વૈશાખ સુદ-૩ શનિવાર તા. ૧૭-૪-૨૦૧૦ શ્રી નરનારાયણદેવનો પાટોત્સવ : યજમાનશ્રી : અ.નિ.ગં.સ્વ. જશુબા જયદેવભાઈ બ્રહ્મભટ્ટ (હ. પ.ભ. ભાસ્કરભાઈ તથા પ.ભ. મનોજભાઈ) : સહ યજમાનશ્રી : પ.ભ. દિપકભાઈ નગીનદાસ પટેલ (કુંડાળવાળા)

અધિક વૈશાખ સુદ-૪ રવિવાર તા. ૧૮-૪-૨૦૧૦ ગણેશ ચતુર્થી યજમાનશ્રી : પ.ભ. દશરથભાઈ પ્રહલાદભાઈ પટેલ (મેમ્બરશ્રી) (હ. તુષારભાઈ તથા અમિતભાઈ)

અધિક વૈશાખ સુદ-૫ સોમવાર તા. ૧૯-૪-૨૦૧૦ વસંત પંચમી યજમાનશ્રી : પ.ભ. ગોવિંદભાઈ પટેલ (મોખાસણવાળા)

અધિક વૈશાખ સુદ-૬ મંગળવાર તા. ૧૯-૪-૨૦૧૦ કુંજગલી યજમાનશ્રી : શ્રી નરનારાયણદેવ ઓચ્છવ મંડળ (હ. શ્રી ભરતભાઈ ચોકસી)

અધિક વૈશાખ સુદ-૭ બુધવાર તા. ૨૧-૪-૨૦૧૦ શાકોત્સવ

અધિક વૈશાખ સુદ-૮ ગુરુવાર તા. ૨૨-૪-૨૦૧૦ રાધાષ્ટમી યજમાનશ્રી : પ.ભ. વિહુભા રાયસિંહજી સિસોદીયા, પ.ભ. ઈશ્વરભાઈ મોહનભાઈ પટેલ

અધિક વૈશાખ સુદ-૯ શુક્રવાર તા. ૨૩-૪-૨૦૧૦ રામનવમી તથા બાલસ્વરૂપશ્રી ઘનશ્યામમહારાજનો પાટોત્સવ/જન્મોત્સવ : યજમાનશ્રી : પ.ભ. હંસાબેન પી. ખરસાણી (હ. પ્રફુલભાઈ પી. ખરસાણી તથા તન્મય પ્રફુલભાઈ ખરસાણી)

અધિક વૈશાખ સુદ-૧૦/૧૧ શનિવાર તા. ૨૪-૪-૨૦૧૦ વિજ્યા દશમી / તુલસી વિવાહ યજમાનશ્રી : પ.ભ. જયેન્દ્રભાઈ શાંતિલાલ ઠક્કર

અધિક વૈશાખ સુદ-૧૨ રવિવાર તા. ૨૫-૪-૨૦૧૦ વામન દ્વાદશી, શ્રી રંગમહોલ ઘનશ્યામમહારાજનો પાટોત્સવ યજમાનશ્રી : સ્વ. કાશીબેન મગનલાલ પાટડીયા (હ. નવીનભાઈ તથા જીતુભાઈ) હવેલીના ઘનશ્યામમહારાજનો પાટોત્સવ યજમાનશ્રી : પ.ભ. શારદાબેન વિનોદભાઈ શેલત

અધિક વૈશાખ સુદ-૧૩ સોમવાર તા. ૨૬-૪-૨૦૧૦ શિવરાત્રિ શિવ પૂજન યજમાનશ્રી : પ.ભ. કાંતિભાઈ ગોવિંદભાઈ

અધિક વૈશાખ સુદ-૧૪ મંગળવાર તા. ૨૭-૪-૨૦૧૦ નૃસિંહ જયંતી યજમાનશ્રી : અ.નિ. અમૃતભાઈ મોતીજી ચૌધરી (હ. પ.ભ. જસુભાઈ, પ.ભ. મધુભાઈ - બાલવા)

અધિક વૈશાખ સુદ-૧૫ બુધવાર તા. ૨૮-૪-૨૦૧૦ શ્રી હનુમાન જયંતી યજમાનશ્રી : અ.સૌ. સીતાબેન ભોળાભાઈ પટેલ (હ. જે.પી. સ્વામી)

અધિક વૈશાખ વદ-૧ ગુરવાર તા. ૨૯-૪-૨૦૧૦ શ્રી નરનારાયણાદિક દેવોને યજમાનશ્રી : એક હરિભક્ત (પ્રેરક - બ્ર. રાજુ સ્વામી) (હ. પ્રિયાબેન તથા તરૂણ), બાલ સ્વરૂપ ઘનશ્યામમહારાજના યજમાનશ્રી રાજ કૃષ્ણકાન્તભાઈ પટેલ

અધિક વૈશાખ વદ-૨ શુક્રવાર તા. ૩૦-૪-૨૦૧૦ હિંડોળા ફુલોના યજમાનશ્રી : એક હરિભક્ત (પ્રેરક - જે. કે. સ્વામી)

અધિક વૈશાખ વદ-૩ શનિવાર તા. ૧-૫-૨૦૧૦ હિંડોળા ચોકલેટના યજમાનશ્રી : એક હરિભક્ત (પ્રેરક - જે. કે. સ્વામી)

અધિક વૈશાખ વદ-૪ રવિવાર તા. ૨-૫-૨૦૧૦ હિંડોળા ફુલોના યજમાનશ્રી : એક હરિભક્ત (પ્રેરક - જે. કે. સ્વામી)

અધિક વૈશાખ વદ-૫ સોમવાર તા. ૩-૫-૨૦૧૦ હિંડોળા ડ્રાયફ્રુટના યજમાનશ્રી : એક હરિભક્ત (પ્રેરક - જે. કે. સ્વામી)

અધિક વૈશાખ વદ-૬ મંગળવાર તા. ૪-૫-૨૦૧૦ છપૈયાધામદર્શન યજમાનશ્રી : પ.ભ. પ્રબોધ છગનલાલ ઝાલા (ભાલજા મંડળ) માતા, પિતા તથા ભાઈના સ્મરણાર્થે (હ. ડૉ. નિકુંજ)

અધિક વૈશાખ વદ-૭ બુધવાર તા. ૫-૫-૨૦૧૦ વનવિચરણ દર્શન

અધિક વૈશાખ વદ-૮ ગુરુવાર તા. ૬-૫-૨૦૧૦ જન્માષ્ટમી યજમાનશ્રી : પ.ભ. મુકુદબેન કાંતિલાલ દાણી (હ. વિજય ઠાકર)

અધિક વૈશાખ વદ-૯ શુક્રવાર તા. ૭-૫-૨૦૧૦ નંદ મહોત્સવ યજમાનશ્રી : પ.ભ. વિપુલભાઈ સવજીભાઈ પટેલ (કુબડથલ)

અધિક વૈશાખ વદ-૧૦ શનિવાર તા. ૮-૫-૨૦૧૦ હિમાલય દર્શન

અધિક વૈશાખ વદ-૧૧ રવિવાર તા. ૯-૫-૨૦૧૦ સમૂહ મહાપૂજા, હિમાલય દર્શન યજમાનશ્રી : શ્રીહરિ દર્શન જ્વેલર્સ પ.ભ. કૌશિકભાઈ વ્રજલાલ પાટડીયા

અધિક વૈશાખ વદ-૧૨ સોમવાર તા. ૧૦-૫-૨૦૧૦ હિમાલય દર્શન

અધિક વૈશાખ વદ-૧૨ મંગળવાર તા. ૧૧-૫-૨૦૧૦ હિમાલય દર્શન

અધિક વૈશાખ વદ-૧૩ બુધવાર તા. ૧૨-૫-૨૦૧૦ ધનતેરશ

અધિક વૈશાખ વદ-૧૪ ગુરુવાર તા. ૧૩-૫-૨૦૧૦ હિમાલય દર્શન

અધિક વૈશાખ વદ-૩૦ શુક્રવાર તા. ૧૪-૫-૨૦૧૦ દિપાવલી અન્નકૂટ-ગોવર્ધનપૂજા

શ્રી નરનારાયણદેવનો અન્નકૂટ, શ્રી ધર્મદેવ ભક્તિમાતા હરિકૃષ્ણ મહારાજનો અન્નકૂટ, શ્રી રાધાકૃષ્ણદેવનો અન્નકૂટ યજમાનશ્રી : અ.નિ.પ.ભ. શાંતિલાલ નાનાલાલ દરજી (સાદરાવાળા) (હ. રમીલાબેન -હ. ઘનશ્યામભાઈ ચાવડા)

શ્રી રંગ મહોલ ઘનશ્યામમહારાજનો અન્નકૂટ યજમાનશ્રી : પ.ભ. મનુભાઈ એન. દવે

શ્રી અક્ષર ભુવન ઘનશ્યામમહારાજનો અન્નકૂટ યજમાનશ્રી : પ.ભ. રજનીભાઈ મહેતા (જીવરાજપાર્ક)

શ્રી હવેલી ઘનશ્યામમહારાજનો અન્નકૂટ

શ્રી ગણપતિજી-હનુમાનજીનો અન્નકૂટ યજમાનશ્રી : પ.ભ. વિપુલભાઈ કનુભાઈ વેકરીયા (હ. વિજય ઠાકર)

**કાંકરિયા મંદિરમાં મારૂતિયજ્ઞ**

અત્રે કાંકરિયા રામબાગ શ્રી સ્વામિનારાયણ મંદિર ખાતે આદિ આચાર્યશ્રી અયોધ્યાપ્રસાદજી મહારાજશ્રી દ્વારા પધારાવેલ અલૌકિક બાલ સ્વરૂપ કષ્ટભંજનદેવના સાનિધ્યમાં ચૈત્ર સુદ-૧૫ ના ભવ્ય મારૂતિ યજ્ઞ સંપન્ન થયો. પ.પૂ.ધ.ધુ. આચાર્યશ્રી ૧૦૦૮ શ્રી કૌશલેન્દ્રપ્રસાદજી મહારાજશ્રી તથા ભાવિ આચાર્ય પ.પૂ. લાલજી મહારાજશ્રીના વરદ્ હસ્તે યજ્ઞની પૂર્ણાહુતિ વેદ વિધિસર થઈ હતી.

પ્રાસંગિક સભામાં અમદાવાદ મંદિરના મહંત સ્વામી, કાંકરિયાના મહંત સ્વામી, આનંદ સ્વામી આદિ સંતોએ બાલસ્વરૂપ કષ્ટભંજનદેવનો મહિમા સુંદર રીતે વર્ણવ્યો હતો. છેલ્લે પ.પૂ. લાલજી મહારાજશ્રી અને પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીએ રૂડા આશીર્વાદ પાઠવ્યા હતા.

પ.પૂ. લાલજી મહારાજશ્રીએ ઠાકોરજીની આરતી અને કષ્ટભંજનદેવની આરતી ઉતારીને અલૌકિક દર્શનનો લાભ આપ્યો હતો. રાત્રે હરિભક્તો દ્વારા શ્રી હનુમાન ચાલીસાના પાઠ કર્યા હતા. (પાર્ષદ નરોતમભગત)

**વ્યાસ પાલડી નૂતન શ્રી સ્વામિનારાયણ મંદિરમાં મૂર્તિ પ્રતિષ્ઠા**

પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રી તથા પ.પૂ. મોટા મહારાજશ્રી અને સમસ્ત ધર્મવંશીની આજ્ઞા-આશીર્વાદથી તથા સ.ગુ. સ્વામી સૂર્યપ્રકાશદાસજી તથા સ.ગુ. શાસ્ત્રી સ્વામી પુરૂષોત્તમપ્રકાશદાસજી (નારાયણઘાટ મહંતશ્રી)ની પ્રેરણાથી તા. ૧૩-૨-૨૦૧૦ થી ૧૭-૨-૨૦૧૦ પર્યન્ત વ્યાસ પાલડી નૂતન શ્રી સ્વામિનારાયણ મંદિર મૂર્તિ પ્રતિષ્ઠાના ઉપલક્ષમાં શ્રીમદ્ ભાગવત દશમસ્કંધ ત્રિદિનાત્મક પારાયણ સ.ગુ. શાસ્ત્રી સ્વામી રામકૃષ્ણદાસજી (કોટેશ્વર ગુરુકુળ)ના વક્તા પદે થઈ હતી. જેમાં ગામ અને આજુબાજુના ગામના કથા પ્રેમી ભાવિકો એ કથામૃતનો લાભ લીધો હતો. આ મંદિર આજથી ૫૦ વર્ષ પહેલા પૂજ્ય જોગી સ્વામી યોગેશ્વરદાસજીની પ્રેરણાથી હરિભક્તોએ બંધાવેલ પરંતુ સમયાન્તરે જે જીર્ણ થતા ઉપરોક્ત સંતોની પ્રેરણાથી નૂતન હરિમંદિર નિર્માણ હરિભક્તોના સાથ સહકારથી તૈયાર કરવામાં આવ્યું છે.

પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીના વરદ્ હસ્તે તા. ૧૭-૨-૨૦૧૦ ના રોજ ઠાકોરજીની મૂર્તિ પ્રતિષ્ઠા ધામધૂમથી સંપન્ન થઈ હતી. આ પ્રસંગે પ્રાસંગિક સભામાં અમદાવાદ મંદિરના વિદ્વાન મહંત શા.સ્વા. હરિકૃષ્ણદાસજી, સ.ગુ. શાસ્ત્રી સ્વામી નારાયણવલ્લભદાસજી, નારાયણઘાટ મહંત સ્વામી દેવપ્રકાશદાસજી, શ્રી નરનારાયણદેવના પૂજારી બ્ર. રાજેશ્વરાનંદજી આદિ સંતો પધાર્યા હતા. અને પોતાની ભાવના વ્યક્ત કરી હતી. છેલ્લે સમસ્ત ગામને પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીએ રૂડા આશીર્વાદ પાઠવ્યા હતા.

(શા.ચૈતન્યસ્વરૂપદાસજી, કોટેશ્વર ગુરુકુળ)

**સમૌ શ્રી સ્વામિનારાયણ મંદિર**

અહીં આપણા શ્રી સ્વામિનારાયણ મંદિરમાં પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રી અને સમસ્ત ધર્મવંશીના આશીર્વાદથી શ્રીહરિનો ૨૨૮ મો પ્રાકટ્યોત્સવ શ્રી સ્વામિનારાયણ મ્યુઝિયમના ઉપલક્ષમાં ધામધૂમથી ધૂન-કીર્તન ભજન કરીને ઉજવ્યો હતો. ગોઝારીયા આદિ ગામોના ભાવિકોએ પણ આ પ્રસંગે લાભ લીધો હતો. હરિભક્તો દર્શન કરીને ખૂબજ ધન્ય બન્યા હતા. મંદિર અને ઠાકોરજીનું સિંહાસન ભવ્ય રોશનીથી શણગાર્યું હતું. (શ્રી નરનારાયણદેવ યુવક મંડળ સમૌ)

**શ્રી સ્વામિનારાયણ મંદિર વડનગર**

ઐતિહાસિક અન ધાર્મિક નગરી વડનગરના શિખરબંધ શ્રી સ્વામિનારાયણ મંદિરમાં મહંત સ.ગુ. સ્વામી હરિસેવાદાસજીની પ્રેરણાથી અધિક માસ દરમ્યાન અ.નિ. સાં.યો. કાશીબા (પૂજારી, વડનગર બહેનોનું મંદિર) તરફથી "શ્રીમદ્ સત્સંગિભૂષણ સપ્તાહ પારાયણ"નું અધિક વૈશાખ સુદ-૧ થી અધિક વૈશાખ સુદ-૭ સુધી આયોજન કરવામાં આવ્યું હતું. કથાના વક્તાપદે સ.ગુ. શાસ્ત્રી સ્વામી નારાયણવલ્લભદાસજી તથા શાસ્ત્રી સ્વામી અભિષેકપ્રસાદદાસજીએ વ્યાસાસને બિરાજી કથામૃતનું રસપાન કરાવ્યું હતું. તેમજ "શિક્ષાપત્રી ભાષ્ય" ધીરજાખ્યાનની કથા સવાર સાંજ હરિભક્તોને શ્રવણ કરવાનો અધિકમાસ દરમ્યાન લાભ મળ્યો હતો. સાથે સાથે દરરોજ અધિક માસ દરમ્યાન પ્રભાતફેરીનું પણ આયોજન કરવામાં આવેલ. જેમાં હરિભક્તો સત્સંગનો અલભ્ય લાભ લઈ ધન્ય થયા હતા. (શાસ્ત્રી નારાયણવલ્લભદાસજી, વડનગર)

**બોપલ શ્રી સ્વામિનારાયણ મંદિરનો ૫ મો પાટોત્સવ**

અમદાવાદના હાર્દ સમા શ્રી સ્વામિનારાયણ મંદિર બોપલનો ૫ મો પાટોત્સવ અધિક વૈશાખ-૭ ને તા. ૨૧-૪-૧૦ના રોજ સંતો-હરિભક્તોની ઉપસ્થિતિમાં ધામધૂમથી ઉજવાયો.

બોપલ મંદિરના પાટોત્સવના યજમાન આ મંદિરના નિર્માતા અને શ્રી નરનારાયણદેવને સંપૂણ સમર્પિત અમદાવાદ મંદિર સ્કીમ કમિટીના સભ્ય પ.ભ. રતિભાઈ ખીમજીભાઈ પટેલ અને તેમના સુપુત્ર શ્રી કેતનભાઈ અને પૌત્ર ચિ. કપીલે શ્રીહરિકૃષ્ણ મહારાજની પૂજા વિધિનો અલભ્ય લાભ લીધો હતો.

પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીએ પંચમપાટોત્સવ પ્રસંગે પધારી ઠાકોરજીની અન્નકૂટ આરતી ઉતારીને યજમાન પરિવાર અને સમસ્ત સંત હરિભક્તોને રૂડા આશીર્વાદ પાઠવ્યા હતા.

આ પ્રસંગે પ.ભ. રતીભાઈ પટેલના આગ્રહ ભર્યા આમંત્રણથી અમદાવાદ મંદિરના મહંત શા.સ્વામી હરિકૃષ્ણદાસજી, મહંત સ્વામી દેવપ્રકાશદાસજી અને મહંત નાના પીપી સ્વામી (નારાયણઘાટ), શા. સ્વા. રામકૃષ્ણદાસજી (કોટેશ્વર ગુરુકુળ) સ્વા. કૃષ્ણવલ્લભદાસજી (સુ.નગર) શ્રીજી સ્વામી (હળવદ) મહંત કે.પી. સ્વામી અને શા. હરિૐ સ્વામી (જેતલપુર), મહંત ગુરુપ્રસાદ સ્વામી, આનંદ સ્વામી (કાંકરિયા), બ્ર. પૂ. સ્વા. રાજેશ્વરાનંદજી આદિ અનેક સંતો મહંતોએ પધારીને શ્રી નરનારાયણદેવ ગાદીનો આશ્રય રાખી જીવન જીવવા પર ઉપદેશ આપેલ.

અત્રેના મહંત હરિવલ્લભ સ્વામી, કોઠારી અમૃતભાઈ, શ્રી અરવિંદભાઈ સેંધાભાઈ પટેલ અને મહાદેવભાઈ આદિ સંત-હરિભક્તોએ આ ઉત્સવમાં પ્રેરણાત્મક સેવા બજાવી હતી.

સભા સંચાલન સ્વામી વ્રજવલ્લભદાસે કર્યું હતું. અમદાવાદ મંદિરના ઓચ્છવ મંડળે કીર્તન ભક્તિ કરીને હરિરસની રમઝટ બોલાવી હતી. છેલ્લે સૌએ દર્શન કરી પ્રસાદ ગ્રહણ કરી વિદાય થયા હતા. (પ્રવિણભાઈ ઉપાધ્યાય)

## મૂળી પ્રદેશના સત્સંગ સમાચાર

**સુરેન્દ્રનગરના શિખરબધ્ધ ભવ્ય મંદિરમાં શ્રીહરિ જયંતી ઉત્સવ ઉજવાયો**

પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રી ૧૦૦૮ શ્રી કોશલેન્દ્રપ્રસાદજી મહારાજશ્રીની આજ્ઞા આશીર્વાદથી તથા અત્રે મંદિરના મહંત સ.ગુ. સ્વામી પ્રેમજીવનદાસજીની શુભ પ્રેરણાથી ઈષ્ટદેવ શ્રીહરિના ૨૨૯ માં પ્રાકટ્યોત્સવ ચૈત્ર સુદ-૯ ના મંદિરમાં વિવિધ પ્રસંગોનું સુંદર આયોજન સંપન્ન થયું હતું. જેમા સવારે સમૂહ મહાપૂજા, શ્રી ઠાકોરજીનો મહાભિષેક, અખંડ ધૂન, શાસ્ત્રી સ્વામી સત્યસંકલ્પદાસજી દ્વારા કથાવાર્તા, બપોરે ૧૨ કલાકે શ્રીરામજન્મોત્સવ આરતી અને સાંજે શહેરમાં ભવ્ય શોભાયાત્રા કાઢવામાં આવી હતી. જેમાં શણગારેલા સાત વાહનોમાં સંતો-ગામો ગામના હરિભક્તો જોડાયા હતા.

રાત્રે ૧૦-૧૦ ઘડીએ શ્રીહરિ પ્રાકટ્યોત્સવ આરતીના હજારો હરિભક્તોએ દર્શનનો લાભ લીધો હતો. મૂળી મંદિરના સંતો આ પ્રસંગે પધારેલા. સમગ્ર આયોજનમાં શાસ્ત્રી સ્વામી પ્રેમવલ્લભદાસજી, શાંતિપ્રકાશદાસજી તથા શ્રી નરનારાયણદેવ યુવક મંડળની સેવા પ્રેરણારૂપ હતી. આ પ્રસંગને ગુજરાત, સંદેશ અને દિવ્ય ભાસ્કર દૈનિક પેપર, સાંજ સમાચાર, ફૂલછાબ તેમજ ઈલેક્ટ્રોનિક મિડીયાએ સુંદર કવરેજ કરીને સૌરાષ્ટ્રવાસીઓને દર્શન કરાવ્યા હતા.

(શૈલેન્દ્રસિંહ ઝાલા)

**લીંબડી શ્રી સ્વામિનારાયણ મંદિર**

શ્રીહરિની કૃપાથી તથા પ.પૂ.ધ.ધુ. આચાર્ય ૧૦૦૮ શ્રી કોશલેન્દ્રપ્રસાદજી મહારાજશ્રીના આશીર્વાદથી અત્રે લીંબડીના ત્રણે મંદિરમાં પુરુષોત્તમમાસમાં વિશેષ ભજન કીર્તન ધૂન આદિ કરીને મહંત સાધુભક્તવત્સલદાસ તથા વંદનપ્રકાશદાસે સુંદર લાભ આપેલ. બાલ સ્વરૂપ શ્રી ઘનશ્યામમહારાજના સુંદર દર્શન નિત્યે કરાવવામાં આવતા હતા. હરિભક્તોએ દર્શનનો લાભ લઈ ધન્ય બન્યા હતા.

(કોઠારી વંદનપ્રકાશદાસ)

**શ્રીજીનગર (તા. હળવદ)**

અત્રે શ્રી સ્વામિનારાયણ મંદિરમાં (ભાઈઓનું) પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીની આજ્ઞાથી ચૈત્ર વદ-૮ના

ઠાકોરજીનો ૧૩ મો પાટોત્સવ ધામધૂમથી ઉજવાયો. હળવદના સંતોએ કથાવાર્તા કરીને અન્નકૂટ આરતી ઉતારી હતી. શ્રી સ્વામિનારાયણ મ્યુઝિયમના ઉપલક્ષમાં ૧૨ કલાકની અખંડ મહામંત્ર ધૂન કરવામાં આવી હતી. ગામના હરિભક્તોએ ઠાકોરજીના દર્શન કરી ખૂબજ રાજી થયા હતા.

(મોરી મગનભાઈ)

**ખારવા મંદિરનો પાટોત્સવ**

પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીની શુભ આજ્ઞા-આશીર્વાદથી તથા સુરેન્દ્રનગર મંદિરના મહંત સ્વામી પ્રેમજીવનદાસજી તથા સ.ગુ. નરનારાયણદાસજી સ્વામીની પ્રેરણાથી ભાઈઓ તથા બહેનોના મંદિરનો વાર્ષિક પાટોત્સવ તા. ૨૩-૪-૨૦૧૦ ના રોજ પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીના શુભ સાનિધ્યમાં ખૂબજ ધામધૂમથી ઉજવાયો. આ પ્રસંગે શ્રી ઠાકોરજીનો મહાભિષેક, અન્નકૂટ વગેરેનું આયોજન થયેલું. અમદાવાદ, મુળી, ધ્રાંગધ્રા થી પૂ. સંતો પધારેલા, સમગ્ર આયોજન સ.ગુ. શા. સ્વામી પ્રેમવલ્લભદાસજી તથા કે.પી. સ્વામી (રતનપર)ના માર્ગદર્શનથી થયેલું. મોટી સંખ્યામાં હરિભક્તોએ લાભ લીધેલો.

(શૈલેન્દ્રસિંહ ઝાલા)

# વિદેશ સત્સંગ સમાચાર

**હ્યુસ્ટન ટેક્સાસ શ્રી સ્વામિનારાયણ મંદિર દશાબ્દી મહોત્સવ ધામધૂમથી ઉજવાયો**

શ્રી નરનારાયણદેવ પીઠાધિપતિ પ.પૂ.ધ.ધુ. આચાર્ય ૧૦૦૮ શ્રી કોશલેન્દ્રપ્રસાદજી મહારાજશ્રી તથા પ.પૂ. મોટા મહારાજશ્રી તેજેન્દ્રપ્રસાદજી મહારાજશ્રીની શુભ આજ્ઞા-આશીર્વાદથી આપણા હ્યુસ્ટન શ્રી સ્વામિનારાયણ મંદિર મૂર્તિ પ્રતિષ્ઠાને દશ વર્ષ પૂર્ણ થતા ૧૨-૩-૧૦ થી તા. ૨૧-૩-૧૦ દરમ્યાન દશાબ્દી પાટોત્સવ મહોત્સવ વિધિવત રીતે સંપન્ન થયો.

આ પ્રસંગના ઉપલક્ષમાં આપણા સુપ્રસિદ્ધ વકતા શ્રી યોગેન્દ્રભાઈ ભટ્ટની સુમધુર શૈલીમાં શ્રીમદ્ ભાગવતની નવાન્હ પારાયણ થઈ હતી. જેમાં હજારો ભક્તો કથામૃત પાન કરવા આવતા હતા.

આ ઉપરાંત હરિયાગ, મારૂતિયજ્ઞ, વિષ્ણુયાગ, રૂદ્રયાગ તથા સ્વામિનારાયણ મેળાનું સુંદર આયોજન પણ થયું હતું. શિકાગોના શાસ્ત્રી શ્રી દિનેશભાઈ જોષીએ સમગ્ર વિધિ કરાવી હતી.

આ પ્રસંગે સમસ્ત ધર્મકુળ પધારતા પ્રસંગની શોભામાં અભિવૃદ્ધ થઈ હતી. બહેનોને સત્સંગનો લાભ વિશેષ મળે તે હેતુથી પ.પૂ.અ.સૌ. મોટા ગાદીવાળાશ્રી રોજે સભામાં પધારતા હતા. પ.પૂ. મોટા ગાદીવાળાશ્રીના વરદ્ હસ્તે કિચન હોલનું ખાત મુહૂર્ત સુંદર રીતે સંપન્ન થયું હતું.

આ પ્રસંગે સંતોમાં જેતલપુરથી પૂજ્ય પી.પી. સ્વામી અને અમદાવાદથી પૂજ્ય શા.સ્વામી નિર્ગુણદાસજી પધાર્યા હતા. અને પોતાની જ્ઞાનવાણીનો અલૌકિક લાભ આપ્યો હતો.

અત્રેના મહંત સ.ગુ. શાસ્ત્રી સ્વામી આનંદજીવનદાસજીની પ્રેરણાથી યુવક મંડળ અને સેવા ભાવી હરિભક્તોએ સુંદર પ્રેરણાત્મક સેવા બજાવી હતી. આઈ.એસ.એસ.ઓ.ના દરેક ચેપ્ટરોના હરિભક્તો પધાર્યા હતા.

પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રી અને પ.પૂ. મોટા મહારાજશ્રીના વરદ્ હસ્તે ઠાકોરજીનો દશાબ્દી પાટોત્સવ અભિષેક શાસ્ત્રોક્ત વિધિથી સંપન્ન થયો હતો.

પ્રાસંગિક સભામાં પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીએ માર્ચ-૨૦૧૦ થી માર્ચ ૨૦૧૧ નું વર્ષ મ્યુઝિયમ ઈયર તરીકે જાહેર કર્યુ હતું. ખાસ તો પ.પૂ. મોટા મહારાજશ્રી આવા દિવ્ય સંકલ્પની પૂર્તિ માટે અહીં પધાર્યા હતા. અત્રેના ખૂબજ પ્રેમી એવા પ.ભ. ડૉ. દિનેશભાઈ અને મીનાબેન પટેલે શ્રી સ્વામિનારાયણ મ્યુઝિયમ નિર્માણમાં મોટું દાન કરીને પ.પૂ. મોટા મહારાજશ્રીનો રાજીપો મેળવ્યો હતો. પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીની આજ્ઞાથી અહીં શ્રી સ્વામિનારાયણ મ્યુઝિયમ માટે સારી શરૂઆત થઈ હતી. આ પ્રસંગે હજારો હરિભક્તોએ દર્શનનો લાભ લીધો હતો.

(રમેશભાઈ પટેલ સેક્રેટરી)

**I.S.S.O. ના નવા ચેપ્ટર પિયોરિયામાં ચાલતી સત્સંગ પ્રવૃત્તિ**

પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રી તથા પ.પૂ. મોટા મહારાજશ્રીની આજ્ઞા-આશીર્વાદથી તથા શિકાગો મંદિરના મહંત જે.પી. સ્વામી તથા શાસ્ત્રી સ્વા. હરિપ્રસાદદાસજીની પ્રેરણાથી ૧૧ એપ્રિલ-૧૦ ના અહીં ભવ્ય શાકોત્સવ ઉજવાયો.

ઠાકોરજી સમક્ષ શાકોત્સવનું આબેહૂબ દૃશ્ય બનાવી શાકનો વઘાર કરતા ઠાકોરજીના અદ્‌ભુત દર્શન થતા હતા. શાસ્ત્રી સ્વામીએ શાકોત્સવનો સુંદર મહિમા માહાત્મ્ય સમજાવ્યું હતું.

આ પ્રસંગે પ.પૂ. મોટા મહારાજશ્રીએ ફોનથી આશીર્વાદ આપ્યા ત્યારે સમસ્ત સભા ભાવ વિભોર થઈ હતી.

આ પ્રસંગમાં શિકાગો, બ્લોમિંગ્ટન, જેકસન વિલે, મેકલીન, પિયોરિયા, લીંકન, હવાના એમ દરેક વિસ્તારમાંથી ૨૭૦ જેટલા હરિભક્તોએ પધારીને લ્હાવો લીધો હતો. શિકાગોથી શ્રી ઘનશ્યામમહારાજ જ્યારે હોલમાં પધાર્યા ત્યારે નાની બાળાઓએ અદ્‌ભુત સુંદર સ્વાગત કર્યુ હતું. બહેનોએ રાસ ગરબા ગાઈને ફુલોથી ભગવાનને વધાવ્યા હતા. અહીંના હરિભક્તોની નિષ્ઠા સેવાને દાદ દેવી પડે.

ફક્ત પાંચ હરિભક્તોએ તમામ સેવાની જવાબદારી સાથે બાજરીના રોટલા, રીંગણનું ભરેલું શાક, ગોળ, ઘી, માખણ, ખીચડી, કઢી બનાવીને સૌને પ્રસાદ જમાડ્યો હતો.

અહીં દર રવિવારે ૬ થી ૯ સભા કરવામાં આવે છે. જેમાં ઘણાજ હરિભક્તો બાળકો-પરિવાર સાથે લાભ લેવા આવે છે. જેથી ભાવિ પેઢી માટેની સુંદર તક છે.

(રમેશભાઈ પટેલ, સાંકાપુરાવાળા)

**વિહોકન શ્રી સ્વામિનારાયણ મંદિરમાં પ.પૂ. મોટા મહારાજશ્રીનો પ્રાકટ્યોત્સવ**

અમેરિકાના આપણા સૌ પ્રથમ શ્રી સ્વામિનારાયણ મંદિર વિહોકન ખાતે ૧૪ માર્ચ ૨૦૧૦ ના સાંજે ૫ થી ૯ દરમ્યાન બહેનોની સભામાં પ.પૂ.અ.સૌ. મોટા ગાદીવાળાશ્રી, પૂ. બિન્દુરાજા તથા ભાઈઓની સભામાં શ્રી સૌમ્યકુમાર અને શ્રી સુવ્રતકુમાર અને સંત-પાર્ષદ મંડળ અને અનેક સ્ટેટમાંથી પધારેલા હરિભક્તોએ સાથ મળી પ.પૂ. મોટા મહારાજશ્રીનો પ્રાકટ્યોત્સવ ખૂબજ ધામધૂમઅને હર્ષોલ્લાસથી ભવ્યતાથી ઉજવ્યો હતો.

અહીંના મહંત સ્વામીએ અને અન્ય સંતોએ પ.પૂ. મોટા મહારાજશ્રીની સત્સંગની ૩૫ વર્ષની અવિરત પ્રવૃતિ અને સમસ્ત સત્સંગીને પોતાના માનીને અનહદ પ્રેમ-હુંફ આપી કેવળ ભગવાન સર્વોપરિ શ્રીહરિનેજ ઓળખાવ્યા છે. એમ કહી પ.પૂ. મોટા મહારાજશ્રીનું મહિમા માહાત્મ્ય સાથે શ્રી સ્વામિનારાયણ મ્યુઝિયમની વિગતવાર સમજ માટે મંદિરના મુખ્ય હોલમાં સ્ક્રીન પર અહેવાલ ફોટા દ્વારા રજુ કરાયો હતો.

પૂજ્ય શા.સ્વામી નિર્ગુણદાસજીએ પણ શ્રી સ્વામિનારાયણ મ્યુઝિયમની સંપૂર્ણ માહિતી સાથે પોતાની સુંદર છટામાં આશીર્વાદ આપ્યા હતા. હરિનંદન સ્વામીએ પણ શ્રી સ્વામિનારાયણ મ્યુઝિયમની જાણકારી આપી હતી. યજમાન પરિવારના બહેનોએ પ.પૂ. મોટા ગાદીવાળાશ્રીનુ પૂજન અને સત્સંગી બહેનોએ પૂ. બિન્દુરાજા અને શ્રી સૌમ્યકુમાર અને શ્રી સુવ્રતકુમારનું પુષ્પહાર પહેરાવી સન્માન કરી પૂજન કર્યુ હતું. પ.પૂ. મહારાજશ્રીએ શ્રી સુવ્રતકુમાર અને સૌમ્યકુમાર સાથે જન્મદિનની કેઈક કાપીને સૌને આશીર્વાદ આપતા કહ્યું હતું કે ગ્રીન ચેનલમાંથી નીકળી જવાય તેવું જીવન જીવવું જોઈએ. અંત સમયે જો ભગવાનની લીલાઓ અને દર્શન યાદ રહેશે તો જીવન મુક્તિ પામશે, ભગવાન રાજી થાય તેવું જીવન જીવવું જોઈએ. સ્વામિનારાયણ મ્યુઝિયમમાં પ.પૂ. મહારાજશ્રી અથાગ પ્રયત્નો કરી રહ્યાં છે. તો જરૂરથી મદદરૂપ બનશો. એમ કહી રૂડા આશીર્વાદ આપ્યા હતા. (પ્રવિણભાઈ)

**વોશિંગ્ટન ડી.સી. I.S.S.O. ચેપ્ટર**

વોશિંગ્ટન બુવી મેરીલેન્ડમાં ૨૦-૨-૨૦૧૦ના સાંજે ૪-૩૦ થી ૮-૩૦ સુધી ૪ કલાક ચર્ચના પેરીસ હોલમાં સત્સંગ સભા થઈ હતી. જેમાં શ્રી નરનારાયણદેવ પાટોત્સવ અને શિવરાત્રી નિમિત્તે ઉત્સવ થયા હતા. કથા વાર્તા ધૂન, કીર્તન અને થાળ નિત્ય નિયમ આરતી કરવામાં આવેલ.

૫ માર્ચના શુક્રવારે રાત્રે ૭ થી ૧૦ સુધી ૩ કલાક ડેઈઝ ઈનના મિટીંગ હોલમાં સભા થઈ હતી. સૌ પ્રથમ ધૂન બાદ, અમદાવાદથી પધારેલા પૂજ્ય શાસ્ત્રી સ્વામી નિર્ગુણદાસજી અને ન્યુજર્સીથી શા. માધવ સ્વામીએ પોતાની અમૃતવાણીનો લાભ આપેલ. ત્યારબાદ સૌને પ્રાણથી પ્યારા પરમપૂજ્ય શ્રીજી સ્વરૂપ મોટા મહારાજશ્રી સભામાં પધાર્યા હતા. સાથે બોસ્ટન, ન્યુજર્સી, શિકાગો અને ડિટ્રોઈટથી હરિભક્તો પધાર્યા હતા. પ.પૂ. મોટા મહારાજશ્રીએ રૂડા આશીર્વાદ આપતા કહ્યું કે ભગવાન અને ભગવાનના અવતારોને ભજવા અને વિમુખથી ચેતવા ખાસ ધ્યાન રાખશો. ત્યારબાદ શ્રી સ્વામિનારાયણ મ્યુઝિયમ વિશે માહિતી આપી હતી. સભામાં મ્યુઝિયમની ડીવીડી બતાવવામાં આવી હતી. હરિભક્તોએ સુંદર યોગદાન શ્રી સ્વામિનારાયણ મ્યુઝિયમ માટે અર્પણ કર્યું હતું. ૬ અને ૭ માર્ચના સાંજે ૪-૩૦ થી ૮-૩૦ ૪ કલાક સભા થઈ હતી. જેમાં શા.સ્વામી નિર્ગુણદાસજી અને માધવ સ્વામીએ સુંદર ઉપદેશાત્મક વાતો કરી હતી.

છેલ્લે પ.પૂ. મોટા મહારાજશ્રી એ રૂડા આશીર્વાદ પાઠવ્યા હતા. અહીં સતત ત્રણ દિવસ પ.પૂ. મોટા મહારાજશ્રીના દર્શન આશીર્વાદનો અવિરત લાભ મળ્યો અને ધર્મપ્રેમી હરિભક્તોએ શ્રી સ્વામિનારાયણ મ્યુઝિયમમાં ઉદાર હાથે ખૂબજ સારુ એવું ફંડ કરી આપ્યું.

પ.પૂ. મોટા મહારાજશ્રી અને પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રી ખૂબજ રાજી અને પ્રસન્ન થયા હતા.

૨૦ માર્ચના સાંજે ૪-૪૫ થી ૮-૪૫ સુધી ૪ કલાક એક હોલમાં સત્સંગ સભામાં મહામંત્ર ધૂન-કીર્તન-કથાવાર્તા નિત્ય નિયમઅને થાળ આરતી સમૂહમાં થયા હતા. પૂ. શાસ્ત્રી સ્વામી નિર્ગુણદાસજીએ સેલફોનથી શ્રીહરિનો સુંદર મહિમા કહ્યો હતો. તા. ૨૪-૩-૨૦૧૦ રામનવમી નિમિત્તે શ્રી ઘનશ્યામમહારાજનો પ્રાકટ્યોત્સવના કીર્તન ગાયા હતા. રાત્રે ૧૦-૧૦ પ્રાકટ્યોત્સવની આરતીના દર્શન કરી સભા પૂર્ણ થઈ હતી. (કનુભાઈ પટેલ)

**અમેરિકામાં બાયરનમાં ભવ્ય મંદિરની શિલાન્યાસ વિધિ**

અમેરિકાના બાયરનમાં આપણું ભવ્ય મંદિર આઈ.એસ.એસ.ઓ. દ્વારા સંપન્ન થાય તેવો સંકલ્પ પ.પૂ. મોટા મહારાજશ્રીએ ૬ પહેલા કર્યો હતો. જે પ.પૂ.ધ.ધુ. આચાર્યશ્રી કોશલેન્દ્રપ્રસાદજી મહારાજશ્રીના વરદ્ હસ્તે સંપન્ન થયો.

અગાઉથી ઈન્ડિયાથી જેતલપુરના પૂજ્ય પી.પી. સ્વામી સંતો સાથે એટલાન્ટા વ્યવસ્થા અને આયોજન માટે પધાર્યા હતા.

તા. ૧૧-૩-૨૦૧૦ ના એકાદશીના રોજ પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીને સત્કારવા એટલાન્ટા જ્યોર્જીયા અને આઈ.એસ.એસ.ઓ. ના દરેક ચેપ્ટરોના હરિભક્તો મોટી સંખ્યામાં ઉમટ્યા હતા અને ખૂબજ ભાવભીનું સ્વાગત સામૈયું કર્યું હતું.

તા. ૧૨-૩-૨૦૧૦ના રોજ હરિભક્તોને ત્યાં પધરામણી કરીને મેકન વિસ્તારમાં ફરીને બપોરે પ.ભ. મહેન્દ્રભાઈ પટેલ (ડાંગરવાવાળા)ને ત્યાંથી પોથીયાત્રાનો પ્રારંભ થયો. ઈન્દ્રદેવને પણ સ્વાગત કરવાનું મન થતાં વરસી પડ્યા. પ.પૂ.મહારાજશ્રી સભા સ્થળે પધાર્યા. જ્યાં કથાકાર શાસ્ત્રી પૂજ્ય પી.પી. સ્વામી શ્રીહરિ વન-વિચરણ કથાનું સુંદર રસપાન કરાવી રહ્યાં હતાં.

ધર્મવંશીના જય ઘોષ સાથે પ.પૂ. મહારાજશ્રી સ્વસ્થાને બિરાજ્યાં. ગવૈયા ચંદ્રપ્રકાશ સ્વામી (માણસા) એ આગવી શૈલીમાં નંદ સંતોના કીર્તનની રમઝટ બોલાવી. કથાના વિરામ બાદ શ્રીહરિની આરતી યજમાનશ્રી અને અગ્રગણ્ય હરિભક્તોએ ઉતારી. જેમાં નેશનલ બોર્ડના પ્રમુખશ્રી નટુભાઈ, શ્રી જગદીશભાઈ પટેલ (શિકાગો) શ્રી નયનભાઈ ફલોરિડા, શ્રી દક્ષેશભાઈ (એટલાન્ટા) આદિ હરિભક્તોએ આરતીનો લાભ લીધો હતો.

તા. ૧૩-૩-૧૦ ના સવારે હરિભક્તોને ત્યાં પધરામણીઓ થઈ અને બપોરે પ.પૂ. મહારાજશ્રીની નિશ્રામાં પૂ.પી.પી. સ્વામીની કથાના પ્રારંભમાં દરેક દાતાઓનું સન્માન અને યુવક મંડળનું પ્રવચન થયું. પ.ભ. ગોકળભાઈ પટેલ (દેઉસણાવાળા) દ્વારા તૈયાર થયેલ "સત્સંગ સાગર" પુસ્તકનું વિમોચન પ.પૂ. મહારાજશ્રીના વરદ્ હસ્તે થયું. ભૂમિપૂજનના મુખ્ય યજમાન પ.ભ. ગોકળભાઈ પટેલ (દેઉસવાળા) તથા શ્રી ભરતભાઈ તથા શ્રી મહેશભાઈ વગેરે પરિવારે હરિભક્તો સાથે પ.પૂ. મહારાજશ્રીની આરતી ઉતારીને આશીર્વાદ મેળવ્યા હતા. તા. ૧૪-૩-૧૦ના સુંદર પ્રભાતે સૂર્યના કિરણોની ઉપસ્થિતિમાં મંદિરના ભૂમિપૂજન પ્રસંગે પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીની ભવ્ય શોભાયાત્રા સુંદર શણગારેલી ટ્રેક્ટર ટ્રોલીમાં યોજવામાં આવી. સારથી પણ એક હબસી હતો. તેના પણ ભાગ્ય જોર કરતા હશે!

પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીના વરદ્ હસ્તે સુવર્ણની ઈંટથી બાયરન મંદિરનું અલૌકિક ભૂમિપૂજન વેદ વિધિસર સંપન્ન થયું. જેમાં હજારો હરિભક્તોએ સામેલ થઈ મહા લાભ લીધો.

વાતાવરણ દિવ્ય અને અલૌકિક હતું. પ.પૂ. મહારાજશ્રીએ આશીર્વાદ આપતા કહ્યું કે આ ભૂમિને અમે છપૈયાધામનામઆપીએ છીએ. અને નામકરણ થયું શ્રી છપૈયાધામ સ્વામિનારાયણ મંદિર બાયરન. બાલ સ્વરૂપ ઘનશ્યામમહારાજની જય સાથે સમસ્ત સભાએ પૂ. મહારાજશ્રીના સંકલ્પમાં કટિબધ્ધ થયા.

પ.પૂ. મહારાજશ્રીએ જણાવ્યું કે આ મંદિર પાંચ દેરાનું ભવ્ય મંદિર થશે. અને પ્રથમ દેરામાં શ્રી ધર્મદેવ ભક્તિમાતા અને આદિ આચાર્યશ્રી અયોધ્યાપ્રસાદજી દાદા બિરાજમાન થશે. પછીના દેરામાં શ્રી નરનારાયણદેવ અને મધ્ય દેરામાં બાલ સ્વરૂપ શ્રી ઘનશ્યામમહારાજ અને પાંચમાં દેરામાં શ્રી રાધાકૃષ્ણદેવ અને લક્ષ્મીનારાયણદેવ બિરાજશે.

જ્યાં મંદિરનો સંકલ્પ અને જગ્યાનું પણ કોઈ નક્કી નહતું પણ અહીં તો પોતાના પુત્રના સંકલ્પને પરિપૂર્ણ કરતા શ્રીહરિએ ૧૩ એકર જેટલી વિશાળ જગ્યામાં બિરાજવાનું નક્કી કર્યું. પ.પૂ. મહારાજશ્રીએ પણ ખૂબજ પ્રસન્નતાથી રૂડા આશીર્વાદ આપ્યા.

સભામાં મુખ્ય યજમાન પ.ભ. ગોકળભાઈ પટેલ તથા ભરતભાઈ, મહેશભાઈ અને અન્ય યજમાન હરિભક્તોએ પ.પૂ. મહારાજશ્રીનું સ્વાગત-પૂજન ચરણ સ્પર્શ કરી દિવ્ય લ્હાવો લીધો. કથા વિરામ પામી. પ.પૂ. મહારાજશ્રીએ સૌએ સાથે મળી ભગવાનના કામમાં સત્સંગમાં પોતાનું યોગદાન આપવા જણાવ્યું.

આ સેવા યજ્ઞમાં શ્રી જયેન્દ્રભાઈ પટેલ, અશ્વિનભાઈ પટેલ, નવિનભાઈ પટેલ, દશરથભાઈ, જગદીશભાઈ અને શ્રી નરનારાયણદેવ યુવક મંડળના મનીષભાઈ, ભરતભાઈ, બિરેનભાઈ, અનુજભાઈ, અલ્પેશભાઈ, દિનેશભાઈ, જયેશભાઈ આદિ અનેક ભક્તો સમર્પિત થયા.

### લેસ્ટર મંદિરમાં પ.પૂ. મોટા મહારાજશ્રી તેજેન્દ્રપ્રસાદજી મહારાજશ્રીનો પ્રાકટ્યોત્સવ ઉજવાયો

આપણા શ્રી સ્વામિનારાયણ મંદિર, લેસ્ટર, ઈંગ્લેન્ડમાં પૂર્ણ પુરુષોત્તમશ્રી સ્વામિનારાયણ ભગવાનની અસીમકૃપાથી તેમજ શ્રી કષ્ટભંજન દેવ હનુમાનજી મહારાજની દિવ્ય પ્રેરણાથી પ્રાતઃસ્મરણીય, વિશ્વવંદનીય પ.પૂ. મોટા મહારાજશ્રી તેજેન્દ્રપ્રસાદજી મહારાજનો પ્રાકટ્યોત્સવ તા. ૩-૪-૧૦ શનિવારના રોજ ખૂબજ ધૂમધૂમપૂર્વક સાંજે ૬-૦૦ થી ૮-૦૦ દરમ્યાન ઉજવવામાં આવ્યો. જેના ઉપલક્ષમાં કીર્તન ભક્તિ તથા રાસનું ભવ્ય આયોજન મંદિરમાં કરવામાં આવેલ હતું. પ્રાસંગિક પ્રવચનો પ.પૂ. સ્વામીશ્રી સત્યપ્રકાશદાસજી તેમજ મંદિરના પૂજારી શ્રી ધર્મેન્દ્રભાઈ ભટ્ટે કર્યા હતા. મંદિરના સહમંત્રી શ્રી કિરણભાઈ ભાવસારે પ.પૂ. મોટા મહારાજશ્રીના જીવનકવનને સભામાં વર્ણવ્યુ હતું. પ.ભ. મૂળજીભાઈ લક્ષ્મણભાઈ કાચાએ યજમાન પદનો લાભ લીધો હતો.

(કિરણ ભાવસાર)

### I.S.S.O. સાન ફ્રાન્સિસ્કો ચેપ્ટર

કેલિફોર્નીયામાં આવેલા ફ્રેમોન્ટ હિંદુ મંદિરમાં આપણા આઈ.એસ.એસ.ઓ. સાન ફ્રાન્સિસ્કો ચેપ્ટરમાં ૨૭એપ્રિલના શ્રી સ્વામિનારાયણ જયંતી પ્રસંગે એલ.એ. મંદિર થી

શા.ધર્મકિશોરદાસજી પધાર્યા હતા. તેઓશ્રીએ સર્વોપરિ શ્રીહરિ નો અને શ્રીરામભગવાનનો મહિમા સુંદર રીતે વર્ણવ્યો હતો. હરિભક્તોએ ઠાકોરજીને પારણામાં ઝુલાવવાનો મહા લાભ લીધો હતો. સભામાં ધૂન, કીર્તન ભક્તિ હરિભક્તોએ કર્યા હતા. બપોરે ૩-૩૦ કલાકે સભાનો પ્રારંભ થયો હતો. સ્વામીએ છપૈયાધામનો મહિમા અને બાલ સ્વરૂપ ઘનશ્યામમહારાજનું માહાત્મ્ય, લીલા ચરિત્રો આદિ વર્ણવ્યા હતા. મહેસાણામાં કશળીબાના ઘરમાં થયેલ અદ્‌ભુત પરચો કહ્યો હતો. આપણા લોસ એંજલસ મંદિરના ડિસેમ્બરમાં આયોજીત દશાબ્દી મહોત્સવની જાણકારી આપી હતી. ત્યારબાદ ઠાકોરજીને થાળ, આરતી થયા હતા. આ સભાનું આયોજન શ્રી હિતેષભાઈ ત્રિવેદી અને નીલાબેન દ્વારા થયુ હતું. શ્રી પ્રશાંતભાઈએ આભાર વિધિ કરતા ૧૦ એપ્રિલની સભા ઉષાબેન અને કિરણભાઈના ઘેર થશે તેવી જાહેરાત કરી હતી. પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીની કૃપાથી સત્સંગ સુંદર ચાલે છે. (પ્રશાંત ધોળકિયા)

**શ્રી સ્વામિનારાયણ મંદિર ઓકલેન્ડ (ન્યુઝીલેન્ડ)નો બીજો પાટોત્સવ ઉજવાયો**

શ્રી નરનારાયણદેવ પીઠાધિપતિ પ.પૂ.ધ.ધુ. આચાર્ય ૧૦૦૮ શ્રી કોશલેન્દ્રપ્રસાદજી મહારાજશ્રીની આજ્ઞાથી ઓકલેન્ડ મંદિરનો બીજો પાટોત્સવ તા. ૨-૪-૧૦ થી ૪-૪-૧૦ પર્યન્ત વિધિવત ઉજવાયો.

આપણા આ ભવ્ય મંદિરમાં દેશ વિદેશ અને આપણા દેશના ધર્મપ્રેમી લોકો દર્શન મૂલાકાતે અવશ્ય આવે છે. અહીં આઈ.એસ.એસ.ઓ. દ્વારા યુવાનો માટે સાંસ્કૃતિક કલાસીસ, સ્વાસ્થય જાગૃતિ અભિયાન પ્રવચનો તેમજ અન્ય કોમ્યુનિટી અને ધાર્મિક કાર્યક્રમોનું આયોજન થાય છે.

પાટોત્સવ પ્રસંગના પ્રથમ દિવસે સાંસ્કૃતિક કાર્યક્રમમાં સ્વામી ભજન પ્રકાશદાસ અને અન્ય હરિભક્તોના નંદસંતોના કીર્તનોથી થઈ હતી. ત્યારબાદ હૃદય પરિવર્તન નાટક યુવા હરિભક્તોએ આબેહુબ ભજવ્યું. આપણા લાડુદાનજી કવિને શ્રીહરિનો મેળાપ થતાં તેમનું જે હૃદય પરિવર્તન થયુ હતું તે સુંદર રીતે ભજવ્યું હતું. શ્રી રવિભાઈ શાસ્ત્રીના દિગ્દર્શન હેઠળ સુંદર આયોજન થયું. આ પ્રસંગે ૫૦૦ જેટલા ભાવિકોએ લાભ લીધો હતો.

૪ એપ્રિલ રવિવારે પ્રાતઃ ઓકલેન્ડ મંદિરમાં અભિષેક સ્વામી રામકૃષ્ણદાસ અને સાધુ ભજનપ્રકાશદાસે કર્યો હતો. ત્યારબાદ હરિભક્તો દ્વારા બનાવેલ સુંદર પવિત્ર વાનગીઓનો અન્નકૂટ ધરાવ્યો હતો. આ પ્રસંગે મંદિરને સુંદર રીતે શણગાર્યું હતું. જેમાં ઓસ્ટ્રેલીયા, યુ.એસ.એ. અને યુ.કે. અને ન્યુઝીલેન્ડના ઘણા હરિભક્તો દર્શન અર્થે પધાર્યા હતા. અન્નકૂટ આરતી પ્રસંગે અત્રેના સાંસદ શ્રી કે. એસ. બક્ષી અને શ્રી રાજેનપ્રસાદ દર્શનાર્થે પધાર્યા હતા. અને મંદિરમાં દર્શન કરી નિરીક્ષણ કરી ખૂબજ લાગણી સભર બન્યા હતા.

આપણા આ મંદિરના નિર્માતા અને શ્રી નરનારાયણદેવના દ્રઢ આશ્રિત પ.ભ. ડૉ. કાંતિભાઈ પટેલે સેવા ભાવી સ્વયં સેવકોનો આભાર માન્યો હતો. અને આપણા શ્રી સુરેશભાઈ અમીન ને તેમની અનન્ય સેવાઓ બદલ પ્રમાણપત્ર અપાયુ હતું. સ્વામીએ સભામાં શ્રીજી મહારાજ, ધર્મકુળ અને આ મંદિરનું મહત્વ સમજાવ્યું હતું. આપણા પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રી આ પ્રસંગે ખાસ ઉપસ્થિત રહેવાના હતા પરંતુ સંજોગવશાત્ પધારી શક્યા ન હતા. જેથી વિડીયો રેકોર્ડીંગ દ્વારા આશીર્વાદપાઠવ્યા હતા. ૧૦૦૦ જેટલા હરિભક્તોએ દર્શનનો લાભ લઈ પ્રસાદ ગ્રહણ કરી વિદાય થયા હતા.

**અમેરિકા આઈ.એસ.એસ.ઓ. 'સેવા' દ્વારા થયેલી પ્રવૃતિઓ**

પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રી તથા પ.પૂ. મોટા મહારાજશ્રીની આશીર્વાદ સહ આજ્ઞાથી અમેરિકામાં ઈસો 'સેવા' સંસ્થા દ્વારા છેલ્લા ચાર મહિનામાં અનેક હેલ્થ ક્લિનિકનું આયોજન વિવિધ સ્થળે થયું હતું.

જાન્યુઆરી ૨૦૧૦ થી એપ્રિલ ૨૦૧૦ સુધી 'હેતી' માં થયેલા ભૂંકપગ્રસ્તોની મદદ-સારવાર કરવામાં આવી હતી.

ફેબ્રુઆરી-૧૦ થી માર્ચ-૧૦ દરમ્યાન હ્યુસ્ટન ટેકસાસ, સિનેમેન્સન સાઉથજર્સી અને સ્ટ્રોંગ વિલે (ઓયાહો) હેલ્થ ફેરના ફ્રી કેમ્પ યોજાયા હતા ૨૪ એપ્રિલ-૧૦ આપણા ઓકલેન્ડ શ્રી સ્વામિનારાયણ હિન્દુ મંદિરમાં પ.ભ. ડૉ. કાંતિભાઈના પૂર્ણ સહયોગથી સવારે ૧૦ થી ૨ "હેલ્થ ડે ફેર"નું આયોજન થયું હતું. ૨૪ એપ્રિલના પણ આપણા કોલોનીયા શ્રી સ્વામિનારાયણ મંદિરમાં ડેન્ટલ હેલ્થ ફેરનું આયોજન થયું હતું. દરેક કેમ્પમાં ડૉકટરોની ટીમે સુંદર સેવા આપી હતી. અને હજારો લોકોએ ફ્રીમાં સેવા લીધી હતી. (આઈ.એસ.એસ.ઓ. "સેવા")

**દાહોદ શ્રી સ્વામિનારાયણ મંદિર**

અત્રે દાહોદ શ્રી સ્વામિનારાયણ મંદિરમાં તા. ૩-૪-૧૦ થી ૪-૪-૧૦ પર્યન્ત હોમાત્મક મહાપૂજા નગર સેવા સદન દાહોદના કોમ્યુનિટી હોલમાં રાખવામાં આવી હતી. ઉમરેઠના શ્રી રમેશભાઈ શુકલ તથા ધીરેનભાઈ શાસ્ત્રીએ વિધિ કરાવી હતી.

તા. ૪-૪-૧૦ ના રોજ વડતાલથી પ.પૂ.ધ.ધુ. આચાર્ય ૧૦૦૮ શ્રી રાકેશપ્રસાદજી મહારાજશ્રી પધાર્યા હતા. તથા ધામોધામના સંતો પધાર્યા હતા. વડતાલ-મુંબઈ ભૂલેશ્વરના સ.ગુ. શાસ્ત્રી સ્વામી ધર્મપ્રસાદદાસજી આદિ સંતોએ પ્રેરક વાણીનો લાભ આપેલ. મંડળના પ્રમુખશ્રી નટવરલાલ લાલપુર વાલા તથા શ્રી કનુભાઈ શાહે પ.પૂ. મહારાજશ્રીનું સન્માન પૂજન કર્યું હતું. પ.પૂ. મહારાજશ્રીએ સમસ્ત સભાને રૂડા આશીર્વાદ આપ્યા હતા. (કનુભાઈ શાહ)

# શ્રી સ્વામિનારાયણ ભેટ યોજના

૧૦૫/- પ્રજાપતિ મોહનલાલ નરોત્તમદાસ જન્મદિન નિમિત્તે અમદાવાદ
૧૦૧/- પટેલ માંહી જીગ્નેશકુમાર પ્રથમ જન્મદિન નિમિત્તે કેનેડા
૧૦૦/- પરમાર કાંતિલાલ મોહનલાલ શ્રીજી પ્રસન્નાર્થે ધાનપુર
૨૦૦/- પરમાર રમણીકભાઈ મોહનભાઈ નવું હોન્ડા લાવ્યા તે નિમિત્તે બોડકા
૧૫૦/- પટેલ પરેશભાઈ રમણભાઈ જમીન લીધી તે નિમિત્તે અમદાવાદ
૧૦૧/- અ.નિ. ગંગાબા કાળુભા ચૌહાણના સ્મરણાર્થે વસઈ
૧૦૦/- ચૌહાણ ઉમંગ કિશોરભાઈ શ્રીજી પ્રસન્નાર્થે રાજકોટ
૧૦૦/- ચૌહાણ મોનિકાબેન કિશોરભાઈ શ્રીજી પ્રસન્નાર્થે રાજકોટ
૧૦૦/- મારવી વિજયાબેન રાઘવભાઈ છપૈયા યાત્રા નિમિત્તે જીરાગઢ
૧૦૦/- મારવી રાઘવભાઈ ડાહ્યાભાઈ છપૈયાયાત્રા નિમિત્તે જીરાગઢ
૧૦૦/- પરમાર યજ્ઞેશભાઈ નિશાંતભાઈ શ્રીજી પ્રસન્નાર્થે રાજકોટ
૧૧૧/- પટેલ વિકાસકુમાર લક્ષ્મણભાઈ સારી જોબ મળી તે નિમિત્તે ઊંઝા
૧૦૧/- પરમાર ભગવાનજીભાઈ ચિ. ઘનશ્યામ સી.એ.ની પરીક્ષામાં પાસ થયા તે નિમિત્તે સુરત
૧૦૦/- પટેલ ગોકળભાઈ ગોબરભાઈ શ્રીજી પ્રસન્નાર્થે બાયડ
૧૦૨/- ભાવસાર જીગ્નેશભાઈ રમેશચંદ્ર ચિ. ગર્વના જન્મદિન નિમિત્તે અમદાવાદ
૧૦૧/- પટેલ નટવરભાઈ બેચરદાસ નવી ગાડી લીધી તે નિમિત્તે ગવાડા
૫૦૧/- પટેલ રતિલાલ બહેચરભાઈ જી.ઈ.બી.માં ૫૮ વર્ષ ફરજ નિવૃતિ નિમિત્તે પોર
૧૦૧/- પટેલ સી.કે. નવું એકટીવા લાવ્યા તે નિમિત્તે અમદાવાદ
૧૦૧/- પટેલ શાંતાબેન કાંતિભાઈ શ્રીજી પ્રસન્નાર્થે ડેમાઈ
૧૦૧/- સોની ભવિન ચંદ્રેશભાઈ જન્મદિન નિમિત્તે મોરબી
૫૦૧/- અ.નિ. પટેલ ડાહ્યાભાઈ સાંકાભાઈના સ્મરણાર્થે હ. ચંદુભાઈ રમણભાઈ લાલોડા
૨૦૧/- પટેલ નંદુબેન ડાહ્યાભાઈ શ્રીજી પ્રસન્નાર્થે ડેમાઈ
૧૦૦/- પટેલ નિશાબેન રાજેશભાઈ શ્રીજી પ્રસન્નાર્થે બાપુનગર
૨૦૦/- પટેલ રસિકભાઈ પ્રહલાદભાઈ ચિ. પંકજ તથા ઘનશ્યામના લગ્ન પ્રસંગે મોખાસણ
૧૦૧/- પટેલ સ્નેહલકુમાર પ્રવિણચંદ્ર વડોદરામાં નવું મકાન લીધું તે નિમિત્તે રનેલા
૧૦૧/- પ્રજાપતિ પ્રવિણચંદ્રિ બહેચરદાસ ફ્રીજ એ.સી. લાવ્યા તે નિમિત્તે નરોડા
૧૦૧/- ઉપાધ્યાય કુમુદભાઈ પાટોત્સવ નિમિત્તે અમદાવાદ
૨૦૧/- ઉપાધ્યાય હિરલ કુમુદભાઈ એમ.બી.એ. ૪થા સેમી. ૮૮ ટકા અને જોબ મળી તે નિમિત્તે અમદાવાદ
૧૦૧/- પટેલ ક્રિષા નિકુંજ બેબીના જન્મદિન નિમિત્તે ડેમાઈ
૧૦૧/- ઠક્કર કૃણાલકુમાર ઘનશ્યામભાઈ જન્મદિન નિમિત્તે કરોલી
૧૦૧/- સોલંકી ગાંડાભાઈ ગોબરભાઈ સ્કુટી લીધું તે નિમિત્તે ડેમાઈ
૧૦૧/- પટેલ અલ્પેશકુમાર મહેન્દ્રભાઈ નવી કાર લાવ્યા તે નિમિત્તે ગવાડા
૧૦૧/- પટેલ રૂદ્ર દેવેન્દ્રકુમાર જન્મદિન નિમિત્તે ઉવારસદ
૧૦૧/- પટેલ શાંતિલાલ લક્ષ્મણભાઈ શ્રીજી પ્રસન્નાર્થે બામણવા
૧૦,૧/- પટેલ અરવિંદભાઈ રામાભાઈ નવા મકાનમાં રહેવા ગયા તે નિમિત્તે વક્તાપુર
૧૫૧/- ભાવસાર મહેશકુમાર ચુનીલાલ પ્રમોશન નિમિત્તે વિસનગર
૧૦૦/- પટેલ ઘનશ્યામભાઈ ખોડીદાસ ચિ. તીર્થ (ભાણો)ના જન્મદિન નિમિત્તે વડુ
૧૦૧/- મહેતા અનીલભાઈ અમથાલાલ શ્રીહરિ જયંતી નિમિત્તે અમદાવાદ
૧૦૦/- પટેલ જસુભાઈ નારણભાઈ ચિ. વર્ષાની પુત્રીના જન્મદિન નિમિત્તે ખેરોલ
૧૦૧/- મોદી જયંતીલાલ અમૃતલાલ નવું મકાન લીધું તે નિમિત્તે અમદાવાદ
૧૫૧/- પ્રજાપતિ કરશનભાઈ સાંકળચંદ ચિ. કુંજની બાબરી નિમિત્તે જસોદાનગર
૧૦૧/- વાઘેલા આનંદબા શ્રીજી પ્રસન્નાર્થે ગોધાવી
૧૦૧/- સુથાર ગોપાલભાઈ સોમનાથ શ્રીજી પ્રસન્નાર્થે કુંડાલ
૧૦૧/- સોની મહેશભાઈ શ્રીજી પ્રસન્નાર્થે અમદાવાદ
૧૦૦/- પટેલ રોનક રજનીકાન્ત શ્રીજી પ્રસન્નાર્થે નાંદોલ
૨૦૧/- પટેલ ધુન કેતુલ જન્મદિન નિમિત્તે કુહા
૧૫૧/- પટેલ જયંતીભાઈ કચરાભાઈ ચિ. વિશાલના લગ્ન પ્રસંગે સોજા
૧૦૧/- પટેલ જૈમિન કનૈયાલાલ ડિપ્લોમાં ફર્સ્ટ ક્લાસ પાસ થયા તે નિમિત્તે અમદાવાદ
૧૧૧/- પટેલ અરવિંદભાઈ પુરૂષોત્તમદાસ નવું એકટીવા લાવ્યા તે નિમિત્તે ઉવારસદ
૧૦૧/- ડોડીયા હિમંતભાઈ પી. ચિ. કાજલ માટે સ્કુટી પેપલ્સ લાવ્યા તે નિમિત્તે અમદાવાદ
૫૦૧/- પટેલ રતિલાલ ઈશ્વરભાઈ ચિ. પૌત્રી ભૂમિકાબેન ઈન્દ્રવદન તરફથી શ્રીજી પ્રસન્નાર્થે મોટેરા
૧૧૧/- મોદી નટવરલાલ રણછોડલાલ શ્રીહરિ પ્રાકટ્યોત્સવ નિમિત્તે અમદાવાદ
૧૦૧/- ડૉ. અરૂણભાઈ ડી. પટેલ ચિ. રાજેશ માટે બાઈક લાવ્યા તે નિમિત્તે રાણીપ
૧૦૧/- પટેલ ઈશ્વરભાઈ શામજીભાઈ મોબાઈલ અને સાયકલ લાવ્યા તે નિમિત્તે અમદાવાદ
૧૦૧/- સોની હંસાબેન ઉપેન્દ્રભાઈ શ્રી નરનારાયણદેવ પ્રસન્નાર્થે વિરમગામ
૧૦૧/- સોની જીગરકુમાર ઉપેન્દ્રભાઈ પુત્ર જન્મપ્રસંગે વિરમગામ
૧૦૧/- પટેલ બાબુલાલ આર. ચિ. પ્રજ્ઞેશને ત્યાં પુત્ર જન્મપ્રસંગે નરોડા
૧૦૧/- કા.પટેલ ચિમનલાલ મણીલાલ શ્રીજી પ્રસન્નાર્થે મલાડ-મુંબઈ
૧૦૧/- નરનારાયણ કિરાણા સ્ટોર શ્રીજી પ્રસન્નાર્થે મારૂસણા
૧૦૦/- પટેલ ગીતાબેન મહેન્દ્રભાઈ શ્રીજી પ્રસન્નાર્થે ઉવારસદ
૧૦૧/- પટેલ મનીષાબેન ભરતભાઈ સગાઈ નિમિત્તે અમદાવાદ
૧૦૧/- ઠક્કર સુરેશભાઈ દામજીભાઈ એકટીવા લાવ્યા તે નિમિત્તે ડીસા
૧૦૦/- ગાંગાણી હિતેષ મગનભાઈ ફાઈનલ એમ.બી.બી.એસ.માં પાસ થયા તે નિમિત્તે અમદાવાદ
૧૦૦/- ગાંગાણી અંકિત મગનભાઈ શ્રીજી પ્રસન્નાર્થે અમદાવાદ
૧૦૧/- ચૌહાણ ધવલકુમાર ઘનશ્યામભાઈ શ્રીજી પ્રસન્નાર્થે અમદાવાદ
૧૦૧/- સાપરીયા જગદીશભાઈ મોહનભાઈ ચિ. નિશાંતના જન્મદિન નિમિત્તે જીરાગઢ
૧૦૧/- વાઘેલા કંચનબેન અશોકસિંહ શ્રી હનુમાન જયંતી નિમિત્તે ગોધાવી
૧૦૧/- મોદી અખિલ મહેશભાઈ સારા ગુણે પાસ થયા તે નિમિત્તે અમદાવાદ
૧૦૧/- મોદી હાર્દિકા મહેશભાઈ નોકરી મળી તે નિમિત્તે અમદાવાદ

॥ શ્રી સ્વામિનારાયણો વિજયતેતરામ્ ॥

# શ્રી નરનારાયણ દેવ નૂતન મંદિર મહોત્સવ






## નિમંત્રણ



શુભારંભ
તા. ૧૫-૦૫-૨૦૧૦,
વૈશાખ સુદ-૨

પૂર્ણાહુતિ
તા. ૨૩-૦૫-૨૦૧૦, વૈશાખ સુદ-૧૦

તા. ૧૪-૦૫-૨૦૧૦ શ્રીનરનારાયણદેવ વિશ્વયુવા સત્સંગ સંમેલન – બપોરે ૩:૦૦ કલાકે પોથીયાત્રાનો પ્રારંભ

તા. ૧૫-૦૫-૨૦૧૦ પારાયણના પ્રથમ દિને દીપ પ્રાગટ્ય

તા. ૧૬-૦૫-૨૦૧૦ ૧૮૮ કુંડી મહાવિષ્ણુયાગ પ્રારંભ

તા. ૧૭-૦૫-૨૦૧૦ આંતરરાષ્ટ્રીય સમૂહ મહાપૂજા–શ્રીગણપતિ, હનુમાનજી, સુર્યનારાયણ, શિવપાર્વતી ની પ્રતિષ્ઠા

તા. ૧૮-૦૫-૨૦૧૦ નૂતન મંદિર લોકાર્પણ વિધિ. શ્રી સ્વામિનારાયણ ભગવાને પ્રતિષ્ઠિત શ્રીનરનારાયણ આદિ ભગવત્સ્વરૂપોની નૂતન મંદિરમાં પધરામણી, મહાભિષેક, અન્નકૂટદર્શન.

તા. ૧૯-૦૫-૨૦૧૦ જીર્ણ પ્રસાદી મંદિરમાં નૂતન ભગવત્સ્વરૂપોની પ્રાણ પ્રતિષ્ઠા.

તા. ૨૦-૦૫-૨૦૧૦ વિવિધ આકૃતિઓથી સુશોભિત વિવિધ રથોમાં શ્રીઠાકોરજીની ભવ્યાતિભવ્ય નગરયાત્રા.

તા. ૨૨-૦૫-૨૦૧૦ શ્રી ઠાકોરજીના વેદવિહિત અષ્ટ રાજોપચારથી વૈદિક મંત્રોચ્ચાર સાથે પૂજન

**ઉત્સવનાં પ્રત્યેક પ્રસંગો પ.પૂ.ધ.ધુ. ૧૦૦૮ આચાર્ય શ્રી કોશલેન્દ્રપ્રસાદજી મહારાજશ્રીના વરદ્ હસ્તે થશે.**

**વડતાલગાદીના પ.પૂ.ધ.ધુ. ૧૦૦૮ આચાર્ય શ્રી રાકેશપ્રસાદજી મહારાજશ્રી દર્શન આશીર્વાદ પાઠવશે.**

આ પ્રસંગે સંપ્રદાયના વિદ્વાન સંતો પધારી દર્શન–આશીર્વાદ આપશે, સનાતન ધર્મના જગદ્ગુરુ શ્રીરામાનુજાચાર્ય, શ્રીશંકરાચાર્ય, શ્રીવલ્લભાચાર્યનાં ગાદિપતિઓ તથા દેશભક્તો તથા વિવિધ ક્ષેત્રે લોક પ્રતિષ્ઠિત રાજકીય પુરૂષો પધારશે.

દરરોજ રાત્રે ભક્તિ સંગીતના કાર્યક્રમો યોજાશે જેમાં અનૂપ જલોટા જેવા પ્રખ્યાત સંગીતજ્ઞ પુરૂષો પધારશે.

વેદપાઠી બ્રાહ્મણો ધ્વારા ચતુર્વેદ પારાયણ, સંપ્રદાયના નંદ સંતોનું સાહિત્ય, વાંચન અને પ્રદર્શન.

શ્રી સ્વામિનારાયણ મહામંત્રની અખંડ ધૂન. લેખન અને પ્રદર્શન, ૧૦૮ સંહિતા પાઠ, અદ્યતન ટેક્નોલોજીનું આર્કષક 3D દ્વારા શ્રીહરિ ચરિત્ર દર્શન તેમજ ભારતીય નૃત્ય, રાસોત્સવ, સંપ્રદાયના ઈતિહાસિક રૂપકોનું આયોજન કરવામાં આવેલ છે. શ્રી નરનારાયણ દેવ મેડીકલ કેમ્પ ૨૦૧૦નાં કુલ ૮ કેમ્પનું આયોજન સફળ રહ્યુ.

**આ દિવ્ય મહોત્સવમાં આપ સૌને સપરિવાર પધારવા નેહ નિતરતું નિમંત્રણ પાઠવીએ છીએ.**



નિમંત્રક : સ.ગુ. મહંત પુરાણી સ્વામી શ્રી ધર્મનંદનદાસજી



:: આયોજક ::
શ્રી સ્વામિનારાયણ મંદિર, ભુજ–કચ્છ,
ફોન. : (૦૨૮૩૨) ૨૫૦૨૩૧/૩૩૧

**સંપાદક, મુદ્રક અને પ્રકાશક :** મહંત શાસ્ત્રી સ્વામી હરિકૃષ્ણદાસજી દ્વારા શ્રી સ્વામિનારાયણ મંદિર કાલુપુર, અમદાવાદ માટે શ્રી સ્વામિનારાયણ પ્રિન્ટીંગ પ્રેસ, શ્રી સ્વામિનારાયણ મંદિર, કાલુપુર, અમદાવાદ. (ગુજરાત) પીન કોડ-૩૮૦૦૦૧ ખાતે છાપ્યું અને શ્રી સ્વામિનારાયણ મંદિર, કાલુપુર, અમદાવાદ (ગુજરાત) પીન કોડ-૩૮૦૦૦૧ વતી પ્રકાશિત કર્યું.

















. જેતલપુરધામમાં પાટોત્સવની આરતી ઉતારતાં પ.પૂ.મહારાજશ્રી ૨. જેતલપુરધામ પ્રાસંગિક સભામાં પૂ. પી.પી. સ્વામી દ્વારા લખાયેલ પુસ્તકનું વિમોચન કરતાં પૂ. મહારાજશ્રી સાથે મહંત સ્વામી આત્મપ્રકાશદાસજી અને સંતો ૩. સુરેન્દ્રનગર સ્વા.મંદિર દ્વારા શ્રીહરિ જયંતી પ્રસંગે નગરયાત્રા ૪. કાંકરિયા મંદિરમાં મારૂતિયજ્ઞની પૂજન વિધિ કરતાં પ.પૂ.મહારાજશ્રી અને પ.પૂ.લાલજી મહારાજ અને સંત મંડળ ૫. શિકાગો મંદિરમાં કથા કરતા પૂ. પી.પી.સ્વામી અને સભામાં પૂ.જે.પી.સ્વામી અને પૂ.હરિપ્રસાદસ્વામી અને યજમાન પરિવાર આરતી ઉતારતાં ૬. ન્યુઝીલેન્ડ ઓકલેન્ડ મંદિરમાં પાટોત્સવ પ્રસંગે આરતી ઉતારતા શા. રામસ્વામી અને સંતો અને દર્શનનો લાભ લેતા હરિભક્તો ૭. લેસ્ટર (યુ.કે.)મંદિરમાં પ.પૂ. મોટા

Registered under RNI-GUJGUJ/2007/20221"Permitted to post at
Ahd PSO on 11th every month under postal REG. NO. GAMC.-003/9-11 issued SSP Ahd Valid
up to 31-12-2011 Licenced to Post without pre payment No. CPMG/GJ/01/07-08 valid up to 31/12/2011



બાયરન જર્યોજીયામાં મંદિરનું ખાત મુહૂર્ત કરતાં પ.પૂ.મહારાજશ્રી સાથે શા. પી.પી. સ્વામી અને સભામાં આશીર્વાદ આપતાં પ.પૂ.મહારાજશ્રી



સીડની મંદિરમાં પંચમપાટોત્સવ અભિષેક કરતાં
પ.પૂ. મહારાજશ્રી સાથે શા.રામકૃષ્ણદાસજી



સીડનીમાં પ.પૂ. મહારાજશ્રીની નિશ્રામાં શ્રી નરનારાયણદેવ યુવક મંડળ
આયોજીત શિબિર



સિનેમેન્શન મંદિરમાં શ્રી હનુમાનજી જયંતી
પ્રસંગે ઠાકોરજીની આરતી ઉતારતા
શા.વિશ્વપ્રકાશદાસજી



ફલોરિડા મંદિરમાં શાકોત્સવ દર્શન



બોસ્ટન મંદિરમાં શ્રીહરિ જયંતી પ્રસંગે
કીર્તન ભક્તિ કરતા હરિભક્તો

**Museum Year**
March 2010 - March 2011

Shree Swaminarayan Museum

## ઈ.સ.૨૦૧૦-૧૧નું વર્ષ "મ્યુઝિયમ વર્ષ"

પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રી ૧૦૦૮શ્રી કોશલેન્દ્રપ્રસાદજી મહારાજશ્રીની આજ્ઞાથી માર્ચ ૨૦૧૧નું વર્ષ "મ્યુઝિયમ વર્ષ" તરીકે જાહેર કરવામાં આવે છે.

## ઉદ્‌ઘાટન ૮મી માર્ચ ૨૦૧૧

સંવત ૨૦૬૭ ફાગણસુદ ૪ શ્રીજી શ્રી નરનારાયણ દેવનો પાટોત્સવ

www.swaminarayanmuseum.com/org

Jagdish Offset